હવે કહેશે[1] મૂર્ખ લોકો કોણે ફેરવી દીધા મુસલમાનોને તેમના કિબ્લાથી જેના પર હતા[2] તમે ફરમાવી દો કે પૂર્વ-પશ્ચિમ બધું અલ્લાહનું જ છે[3] જેને ચાહે તેને સીધે માર્ગે ચલાવે છે (૧૪૨) અને વાત એમ જ છે કે અમે તમને બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ બનાવ્યા કે તમે લોકો પર ગવાહ બનો[4] અને આ રસૂલ તમારા નિગેહબાન અને ગવાહ[5] અને અય મહબૂબ! તમે પહેલાં જે કિબ્લા પર હતા અમે તે એટલા માટે જ નક્કી કર્યો હતો કે જોઇએ કોણ રસૂલની તાબેદારી કરે છે અને કોણ ફરી જાય છે અવળા પગે[6] અને બેશક! આ (ફેરબદલી) ભારે હતી પણ તેઓ પર (ભારે ન હતી) જેમને અલ્લાહે હિદાયત આપી, અને અલ્લાહની શાન નથી કે તમારૂં ઇમાન નિષ્ફળ કરે[7] બેશક! અલ્લાહ લોકો પર ઘણો મહેરબાન રહમવાળો છે (૧૪૩) અમે જોઇ રહ્યા છીએ વારે ઘડીએ તમારૂં આસ્માન તરફ મોઢું કરવું[8] તો જરૂર અમે તમને ફેરવી દઇશું તે કિબ્લા તરફ જેમાં તમારી ખુશી છે, હમણાં જ પોતાનું



سَيَقُوْلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمْ عَنْ
قِبْلَتِهِمُ الَّتِىْ كَانُوْا عَلَيْهَا ۚ قُلْ لِّلّٰهِ الْمَشْرِقُ
وَالْمَغْرِبُ ۚ يَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿١٤٢﴾
وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى
النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ؕ وَمَا جَعَلْنَا
الْقِبْلَةَ الَّتِىْ كُنْتَ عَلَيْهَآ اِلَّا لِنَعْلَمَ مَنْ يَّتَّبِعُ
الرَّسُوْلَ مِمَّنْ يَّنْقَلِبُ عَلٰى عَقِبَيْهِ ؕ وَاِنْ كَانَتْ
لَكَبِيْرَةً اِلَّا عَلَى الَّذِيْنَ هَدَى اللّٰهُ ؕ وَمَا كَانَ
اللّٰهُ لِيُضِيْعَ اِيْمَانَكُمْ ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوْفٌ
رَّحِيْمٌ ﴿١٤٣﴾ قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِى السَّمَآءِ ۚ
فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰىهَا ۪ فَوَلِّ وَجْهَكَ

૧. **શાને નુઝૂલ :** આ આયત યહૂદીઓ વિષે ઉતરી. જ્યારે બયતુલ મુકદ્દસની જગ્યાએ કાબા શરીફને કિબ્લા નક્કી કરવામાં આવ્યું. ત્યારે તેઓએ વાંધા વચકા કાઢયા, કારણ કે આ એમને અણગમતુ હતું, ઉપરાંત તેઓ કોઇ હુકમને મન્સૂખ થવાની માન્યતા ધરાવતા ન હતા. એક મંતવ્ય મુજબ આ આયત મક્કાના મુશ્રિકો અને બીજા એક મંતવ્ય મુજબ મુનાફિકો વિષે ઉતરી, અને એ પણ બની શકે છે કે એનાથી કુફ્ફારના આ બધાં જ ટોળાં મુરાદ હોય, કારણ કે વાંધા વચકા કાઢવામાં આ બધા જ ભેગા હતા, અને કાફિરો વાંધા વચકા કાઢે તે પહેલાંજ કુરઆન મજીદમાં એની ખબર આપી દેવી ગેબની ખબરોમાંથી છે, એ બાબત ખરાબ બોલનારાઓને મૂર્ખ એટલા માટે કહેવામાં આવ્યા કે તેઓ ઘણી જ સ્પષ્ટ વાત વિષે ટીકાઓ કરતા હતા, કારણ કે પહેલાંના નબીઓએ અંતિમ જમાનાના નબીની વિશિષ્ટતાઓમાં આપનો લકબ 'ઝુલકિબ્લતૈન' (બે કિબ્લાવાળા) પણ છે એવું તેઓએ કહ્યું હતું, અને કિબ્લાની બદલી એ વાતની દલીલ છે કે આ તે જ નબી છે કે પહેલાંના નબીઓ જેમની ખબર આપતા આવ્યા છે. આવી સ્પષ્ટ નિશાનીથી ફાયદો ન ઉઠાવવો અને ટીકા કરવી એ મહાન મૂર્ખતા છે.

૨. કિબ્લા તે દિશાને કહે છે જેના તરફ માણસ નમાઝમાં મોઢું કરે છે, અહીં કિબ્લાથી બયતુલ મુકદ્દસ મુરાદ છે.

૩. તેને અધિકાર છે જે દિશાને ચાહે તે દિશાને કિબ્લો બનાવે. કોઇને વાંધો ઉઠાવવાનો શું હક છે? બન્દાનું કામ ફક્ત તાબેદારી કરવાનું છે.

૪. દુનિયા અને આખિરતમાં.

**મસઅલો** : દુનિયામાં તો એ કે શરીઅતની રૂએ મુસલમાનની ગવાહી મોમિન તથા કાફિર બન્ને માટે વિશ્વાસપાત્ર છે, અને કાફિરની ગવાહી મુસલમાન માટે વિશ્વાસપાત્ર નથી.

**મસઅલો** : આનાથી એ પણ માલૂમ પડયું કે આ ઉમ્મત જે વાતમાં એકમત થઇ જાય ત્યારે એની એકમતી સ્વીકાર માટેની જરૂરી દલીલ બની જાય છે.

**મસઅલો** : મરણ પામેલા લોકો માટે પણ આ ઉમ્મતની ગવાહી વિશ્વાસપાત્ર છે. રહમત અને અઝાબના ફરિશ્તાઓ એને આધાર બનાવીને કાર્ય કરે છે. સહીહ હદીષોની કિતાબોમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સામેથી એક જનાઝો પસાર થયો. સહાબાએ તે મરણ પામેલા માણસની તારીફ કરી, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, વાજિબ થઇ ગઇ. બીજો જનાઝો પસાર થયો ત્યારે સહાબાએ તેની બૂરાઇ કરી, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, વાજિબ થઇ ગઇ. હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હૂએ પૂછયું, હુઝૂર! શું વાજિબ થઇ ગઇ? ફરમાવ્યું, પહેલા જનાઝાવાળાની તમે તારીફ કરી તેના માટે જન્નત વાજિબ થઇ ગઇ, બીજાની તમે બૂરાઇ કરી તેના માટે દોઝખ વાજિબ થઇ ગઇ, તમે જમીનમાં અલ્લાહના ગવાહ છો, પછી હુઝૂરે આ જ આયત તિલાવત ફરમાવી.

**મસઅલો** : આ બધી ગવાહીઓ ખાસ ઉમ્મતના નેક લોકો અને સત્યવાળાઓ માટે જ છે, અને એ અંગે વિશ્વાસપાત્ર બનવા માટે ઝબાનની જાળવણી શરત છે, જે લોકો ઝબાનની હિફાઝત નથી કરતા, અને અયોગ્ય શરીઅત વિરૂદ્ધની વાતો તેમની ઝબાનમાંથી નીકળતી રહે છે, અને નાહક બીજાઓને લાઅનત કરતા રહે છે. સહીહ હદીષોમાં છે કે કયામતના દિવસે ન તેઓ શફાઅત કરનાર બની શકશે ન તો ગવાહ બની શકશે.

આ ઉમ્મતની એક ગવાહી એ પણ છે કે જ્યારે આખિરતમાં તમામ પહેલા અને પાછલા લોકો એકઠા હશે, અને કાફિરોને પૂછવામાં આવશે કે શું તમારી પાસે મારા તરફથી ડરાવનારં અને હુકમો પહોંચાડનાર કોઇ આવ્યું નથી? ત્યારે પહેલાંની ઉમ્મતોના કાફિરો ઇન્કાર કરશે અને કહેશે કે અમારી પાસે કોઇ આવ્યું નથી, ત્યારે તમામ નબીઓને પૂછવામાં આવશે, તેઓ કહેશે કે આ તો જૂઠા છે. અમે તારા અહકામની તબ્લીગ એમના સામે કરી દીધી હતી, ત્યારે કાફિરોને લાજવાબ કરવા માટે નબીઓ પાસે એમની દલીલ માંગવામાં આવશે, તેઓ કહેશે કે ઉમ્મતે મુહમ્મદિયહ અમારા માટે ગવાહી આપશે, ત્યારે આ ઉમ્મત ગવાહી આપશે કે હા! બધા જ પૈગમ્બરોએ તબ્લીગનું કાર્ય અંજામ આપ્યું હતું. પૂછવામાં આવશે કે તમે કેવી રીતે જાણો છો? આ ઉમ્મત કહેશે કે અય પરવરદિગાર! તેં અમારા તરફ તારા રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મોકલ્યા, કુરઆને પાક ઉતાર્યું. આનાથી અમે યકીનની સાથે જાણીએ છીએ કે બધા જ અમ્બિયાએ તારા હુકમો એમની ઉમ્મતોને પહોંચાડયા છે. પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને આપની ઉમ્મત વિષે પૂછવામાં આવશે, ત્યારે હુઝૂર ફરમાવશે કે મારી ઉમ્મત સાચું કહે છે.

**મસઅલો** : આનાથી માલૂમ પડયું કે પ્રખ્યાત વસ્તુઓના વિષયમાં સાંભળીને ગવાહી આપવી પણ વિશ્વાસપાત્ર ગણાશે. અર્થાત સાંભળવાથી જે વસ્તુનું ઇલ્મે યકીની પ્રાપ્ત થયું તેની ગવાહી આપી શકાય છે.

૫. ઉમ્મતને તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આપેલી ખબરના આધારે આગલી ઉમ્મ-તોની હાલત અને અમ્બિયાની તબ્લીગનું કતઇ યકીની ઇલ્મ પ્રાપ્ત છે. અને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના કરમથી નબુવ્વતના નૂર દ્વારા પ્રત્યેક વસ્તુની હાલત, દરેક માણસના ઇમાનની હકીકત

البقرة ٢ سيقول ٢

شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ۚ وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوا
وُجُوهَكُمْ شَطْرَهُ ۗ وَإِنَّ الَّذِينَ أُوتُوا الْكِتَابَ
لَيَعْلَمُونَ أَنَّهُ الْحَقُّ مِنْ رَبِّهِمْ ۗ وَمَا اللَّهُ بِغَافِلٍ
عَمَّا يَعْمَلُونَ ﴿١٤٤﴾ وَلَئِنْ أَتَيْتَ الَّذِينَ أُوتُوا
الْكِتَابَ بِكُلِّ آيَةٍ مَا تَبِعُوا قِبْلَتَكَ ۚ وَمَا أَنْتَ
بِتَابِعٍ قِبْلَتَهُمْ ۚ وَمَا بَعْضُهُمْ بِتَابِعٍ قِبْلَةَ بَعْضٍ ۚ
وَلَئِنِ اتَّبَعْتَ أَهْوَاءَهُمْ مِنْ بَعْدِ مَا جَاءَكَ
مِنَ الْعِلْمِ ۙ إِنَّكَ إِذًا لَمِنَ الظَّالِمِينَ ﴿١٤٥﴾ الَّذِينَ
آتَيْنَاهُمُ الْكِتَابَ يَعْرِفُونَهُ كَمَا يَعْرِفُونَ أَبْنَاءَهُمْ ۖ
وَإِنَّ فَرِيقًا مِنْهُمْ لَيَكْتُمُونَ الْحَقَّ وَهُمْ يَعْلَمُونَ ﴿١٤٦﴾
الْحَقُّ مِنْ رَبِّكَ ۖ فَلَا تَكُونَنَّ مِنَ الْمُمْتَرِينَ ﴿١٤٧﴾

મોઢું ફેરવી દો મસ્જિદે હરામ તરફ અને અય મુસલમાનો! તમે ગમે ત્યાં હોવ તમારૂં મોઢું એના જ તરફ કરો[૯] અને તેઓ જેમને કિતાબ મળી છે જરૂર જાણે છે કે આ તેમના પરવરદિગાર તરફથી સત્ય છે[૧૦] અને અલ્લાહ તેમના કરતુતોથી અજાણ નથી. (૧૪૪) અને જો તમે આ કિતાબવાળાઓ પાસે પ્રત્યેક નિશાની લઇને આવો (છતાં) તે તમારા કિબ્લાના તાબે નહીં થાય[૧૧] અને ન તમે તેમના કિબ્લાને તાબે થાવ[૧૨] અને તેઓ અંદર અંદર પણ એક બીજાના કિબ્લાના તાબે નથી[૧૩] અને (અય સાંભળનાર! ગમે તે હોય) જો તું તેમની ઇચ્છાઓ મુજબ ચાલ્યો તને જ્ઞાન લાધ્યા પછી તો તે સમયે તું જરૂર સિતમગાર હોઇશ (૧૪૫) જેઓને અમે કિતાબ આપી[૧૪] તેઓ આ નબીને એવો ઓળખે છે જેવી રીતે માણસ પોતાના પૂત્રોને ઓળખે છે[૧૫] અને બેશક! એમાં એક જુથ જાણીબુઝીને સત્ય છુપાવે છે[૧૬] (૧૪૬) (અય સાંભળનાર) આ સત્ય છે તારા રબ તરફથી (અથવા સત્ય તે જ છે જે તારા રબ તરફથી છે) તો ખબરદાર! તુ શંકા ન કરીશ. (૧૪૭)

અને તેના નેક અને બદ અમલો, નિખાલસતા અને નિફાક વિગેરે તમામ બાબતો સારી રીતે જાણે છે.

**મસઅલો** : એટલા માટે જ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શહાદત, ગવાહી દુનિયામાં શરીઅતના હુકમ અનુસાર ઉમ્મત વિષે મકબૂલ છે, એટલા માટે જ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના સમયના માણસો માટે જે કંઇ ફરમાવ્યું દા.ત. સહાબા, અઝવાજ, અહલેબૈતની ફઝીલતો અને પાછળવાળાઓ માટે જેમકે હઝરતે ઉવેસ અને ઇમામ મહદી વિગેરે આ બાબતો પર ઇમાન લાવવું વાજિબ છે.

**મસઅલો** : દરેક નબીને તેમની ઉમ્મતના આમાલથી માહિતગાર કરવામાં આવે છે, જેથી કયામતના દિવસે ગવાહી આપી શકે, આપણા નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ગવાહી આમ (બધાં માટે) હશે, માટે હુઝૂર દરેક ઉમ્મતની હાલતથી માહિતગાર છે.

ફાયદો : આ આયતમાં 'શહીદ'નો શબ્દ 'માહિતગાર'ના અર્થમાં પણ બની શકે છે, કારણ કે 'શહાદત'નો શબ્દ (જેનાથી 'શહીદ' શબ્દ બન્યો છે) ઇલ્મ અને ઇત્તેલાઅ (માહિતી)ના અર્થમાં પણ વપરાય છે, જેમકે અલ્લાહે ફરમાવ્યું, 'વલ્લાહુ અલા કુલ્લિ શયઇન શહીદ' (અર્થાત, અલ્લાહ દરેક વસ્તુથી માહિતગાર છે.)

૬. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પહેલાં કાબા શરીફ તરફ નમાઝ પઢતા હતા. હિજરત પછી બયતુલ મુકદસ તરફ નમાઝ પઢવાનો હુકમ થયો. લગભગ ૧૭ મહિના સુધી એ તરફ નમાઝ પઢયા, ફરી પાછો કાબા શરીફ તરફ નમાઝ પઢવાનો હુકમ થયો, આ ફેરબદલીનું એક રહસ્ય આ મુજબ ફરમાવ્યું છે

કે, એનાથી મોમિન અને કાફિરમાં ફેર માલમ પડી જશે, અને આમ જ થયું.

૭. **શાને નુઝૂલ** : બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢવાના સમય દરમ્યાન જે સહાબા વફાત પામ્યા તેમના સગા સંબંધીઓએ કિબ્લાની ફેરબદલી બાદ તેમની નમાઝોનો હુકમ પૂછયો ત્યારે આ આયત ઉતરી અને તેમને હૈયાધારણ આપવામાં આવી કે તેમની નમાઝો નિષ્ફળ નથી ગઇ, તેનો સવાબ મળશે.

ફાયદો : આયતમાં નમાઝને ઇમાનનું નામ આપ્યું છે. કારણ કે એને અદા કરવી અને જમાત સાથે પઢવી એ ઇમાનની દલીલ (નિશાની) છે.

૮. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એ વાત પસંદ હતી કે કાબા શરીફને કિબ્લો બનાવવામાં આવે અને હુઝૂર એની આશામાં કે આસ્માનથી ફરિશ્તો એ માટેની વહી લઇને આવે વારે ઘડીએ આકાશ તરફ જોયા કરતા હતા. ત્યારે આ આયત ઉતરી, આપ નમાઝમાં જ કાબા શરીફ તરફ ફરી ગયા અને મુસલમાનોએ પણ આપના અનુકરણમાં એ મુજબ કર્યુ.

**મસઅલો** : એનાથી માલૂમ પડયું કે અલ્લાહ તઆલાને આપની ખુશી પ્યારી છે, અને આપને રાજી કરવા કાબાને કિબ્લો બનાવવામાં આવ્યો.

૯. **મસઅલો** : આથી સાબિત થયું કે નમાઝમાં કિબ્લા તરફ મોઢું કરવું ફર્ઝ છે.

૧૦. કારણ કે એમની કિતાબોમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ગુણોના બયાનમાં એવું પણ લખેલું હતું કે તેઓ બયતુલ મુકદ્દસ તરફથી કાબા તરફ ફરશે, અને એમના પૈગમ્બરોએ હુઝૂરની ખુશખબરી આપતાં એ પણ કહ્યું હતું કે તેઓ બયતુલ મુકદ્દસ અને કાબા બન્ને કિબ્લાઓ તરફ નમાઝ પઢશે.

૧૧. કારણ કે નિશાની એવા લોકો માટે ફાયદારૂપ બની શકે છે જે કોઇ શંકાથી મુન્કિર બન્યા હોય, આ લોકો તો ઇર્ષા અને અદેખાઇના કારણે ઇન્કાર કરે છે. તો એમને નિશાનીઓથી શું ફાયદો થવાનો છો?

૧૨. અર્થાત હવે આ કિબ્લો (કાબા) મન્સૂખ થવાનો નથી, માટે અહલે કિતાબને હવે એવી આશા ન રાખવી જોઇએ કે તમે એમનામાંથી કોઇના કિબ્લાને તાબે થશો, અને તે તરફ મોઢું કરશો.

૧૩. એમનો દરેકનો કિબ્લો જુદો છે. યહૂદીઓ તો બયતુલ મુકદ્દસના એક પથ્થરને કિબ્લો માને છે. અને નસારા બયતુલ મુકદ્દસના પૂર્વ વિભાગને કિબ્લો માને છે જ્યાં હઝરત ઇસા અલયહિસ્સલામની રૂહ ફૂંકવામાં આવી.

૧૪. એટલે કે યહૂદીઓ અને નસારાના આલિમો.

૧૫. **મતલબ એ છે કે પહેલાંની કિતાબોમાં નબીએ આખિરૂઝઝમાન સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ગુણો અને ઓળખ એવી સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવી છે જેનાથી અહલે કિતાબના આલિમોને એ બાબત જરા પણ શંકા જેવું રહ્યું નથી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખાતિમુલ અમ્બિયા છે. અને તેઓ હુઝૂરના આ મરતબાને પુરેપુરા યકીન સાથે જાણે છે. યહૂદીઓના ધર્મ ગુરૂઓમાંથી હઝરત અબ્દુ-લ્લાહ બિન સલામ જ્યારે મુસલમાન થયા ત્યારે હઝરત ઉમર રદીયલ્લાહો અન્હોએ એમને પૂછયું કે આયત યઅરિફુનહૂ માં જે હુઝૂરની ઓળખ વિષે બયાન થયું છે તેના વિષે તમે શું કહો છો? તેઓએ કહ્યું કે, અય ઉમર! જ્યારે મેં હુઝૂરને જોયા ત્યારે જરા પણ શંકા વગર ઓળખી લીધા અને મારૂં હુઝૂરને ઓળખવું મારા પુત્રોની ઓળખાણ કરતાં પણ ઘણું વધારે સ્પષ્ટ છે. હઝરત ઉમર રદીયલ્લાહો અન્હોએ કહ્યું, એ કેવી રીતે? તેઓએ કહ્યું કે હું ગવાહી આપું છું કે હુઝૂર અલ્લાહ તરફથી તેના મોકલેલા રસૂલ છે. એમના ગુણો અલ્લાહ તઆલાએ અમારી કિતાબ તવરાતમાં બયાન કર્યા છે. પુત્રો વિષે આવું યકીન કેવી રીતે પ્રાપ્ત થાય?**

سيقول ٢ البقرة ٢

وَلِكُلٍّ وِّجْهَةٌ هُوَ مُوَلِّيْهَا فَاسْتَبِقُوا الْخَيْرٰتِ اَيْنَ
مَا تَكُوْنُوْا يَاْتِ بِكُمُ اللّٰهُ جَمِيْعًا اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ﴿١٤٨﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ وَجْهَكَ
شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ وَاِنَّهٗ لَلْحَقُّ مِنْ رَّبِّكَ وَمَا
اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿١٤٩﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ
وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا
وُجُوْهَكُمْ شَطْرَهٗ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَيْكُمْ حُجَّةٌ اِلَّا
الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِيْ وَلِاُتِمَّ
نِعْمَتِيْ عَلَيْكُمْ وَلَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٥٠﴾ كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ
رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَيُزَكِّيْكُمْ وَيُعَلِّمُكُمُ
الْكِتٰبَ وَالْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿١٥١﴾

અને દરેક માટે ધ્યાન લગાવવાની એક દિશા છે કે તે તેના તરફ મોઢું કરે છે તો એવું ઇચ્છો કે નેકીઓમાં બીજાઓથી આગળ વધી જાઓ, તમે ગમે ત્યાં હશો અલ્લાહ તમને બધાંને ભેગા (કરી) લાવશે[૧૭] બેશક! અલ્લાહ જે ચાહે તે કરે (૧૪૮) અને જ્યાંથી આવો પોતાનું મોઢું મસ્જિદે હરામ તરફ કરો, અને તે જરૂર તમારા રબ તરફથી હક છે, અને અલ્લાહ તમારાં કામોથી ગાફિલ નથી (૧૪૯) અને અય મહબૂબ! તમે જ્યાંથી આવો પોતાનું મોઢું મસ્જિદે હરામ તરફ કરો,[૧૮] અને અય મુસલમાનો! તમે ગમે ત્યાં હોવ પોતાનું મોઢું એના જ તરફ કરો કે લોકોને તમારા પર કોઇ હુજ્જત (કહે-વાપણું) ન રહે[૧૯] પણ એમનામાં જે અન્યાય કરે[૨૦] તો એનાથી ન ડરો અને મારાથી ડરો, અને આ એટલા માટે છે કે હું પોતાની નેઅમત તમારા પર પૂર્ણ કરૂં અને કોઇ રીતે તમે હિદાયત પામો (૧૫૦) જેમકે અમે તમારામાં મોકલ્યો એક રસૂલ તમારામાંથી[૨૧] કે તમારા પર અમારી આયતો તિલાવત ફરમાવે છે અને તમને પાક કરે (છે)[૨૨] અને કિતાબ અને પાકું ઇલ્મ શિખવે છે[૨૩] અને તમને એવી તાલીમ આપે છે જેનું જ્ઞાન તમને ન હતું (૧૫૧)

સ્ત્રીઓની હાલત વિષે આવું સ્પષ્ટ જ્ઞાન ક્યાંથી મેળવવું? ત્યારે હઝરત ઉમર રદીયલ્લાહો અન્હોએ એમનું માથું ચૂમી લીધું.

**મસઅલો** : આનાથી જાણવા મળ્યું કે વાસનાના સ્થાન સિવાય દીની મહોબ્બતમાં પેશાનીનું ચુંબન જાઇઝ છે.

૧૬. એટલે કે તવરાત અને ઇન્જીલમાં જે હુઝૂરના વખાણ અને ઓળખ છે તેને અહલે કિતાબના આલિમોનું એક જુથ ઇર્ષા અને શત્રુતાથી જાણી જોઇને છુપાવે છે.

**મસઅલો** : સત્યને છુપાવવું નાફરમાની અને ગુનોહ છે.

૧૭. કયામતના દિવસે બધાંને એકઠા કરશે અને આમાલનો બદલો આપશે.

૧૮. અર્થાત ગમે તે શહેરમાંથી સફર માટે નીકળો નમાઝમાં પોતાનું મોઢું મસ્જિદે હરામ (કાબા) તરફ કરો.

૧૯. અને કાફિરોને એવી ટીકા કરવાનો અવસર પ્રાપ્ત ન થાય કે તેઓએ કુરેશના વિરોધમાં હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અલયહિમુસ્સલામનો કિબ્લો પણ છોડી દીધો, જો કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તેઓની ઔલાદમાં છે અને તેઓની બુઝુર્ગીને માને પણ છે.

૨૦. અને દુશ્મનીના કારણે અયોગ્ય ટીકા કરે.

૨૧. એટલે કે હુઝૂર મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

૨૨. શિર્ક અને ગુનાહોની નાપાકીથી.

سيقول — البقرة ٢

فَاذْكُرُونِي أَذْكُرْكُمْ وَاشْكُرُوا لِي وَلَا تَكْفُرُونِ ﴿١٥٢﴾
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اسْتَعِينُوا بِالصَّبْرِ وَالصَّلَاةِ ۚ إِنَّ
اللَّهَ مَعَ الصَّابِرِينَ ﴿١٥٣﴾ وَلَا تَقُولُوا لِمَنْ يُقْتَلُ فِي
سَبِيلِ اللَّهِ أَمْوَاتٌ ۚ بَلْ أَحْيَاءٌ وَلَٰكِنْ لَا تَشْعُرُونَ ﴿١٥٤﴾
وَلَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِنَ الْخَوْفِ وَالْجُوعِ وَنَقْصٍ مِنَ
الْأَمْوَالِ وَالْأَنْفُسِ وَالثَّمَرَاتِ ۗ وَبَشِّرِ الصَّابِرِينَ ﴿١٥٥﴾ الَّذِينَ
إِذَا أَصَابَتْهُمْ مُصِيبَةٌ قَالُوا إِنَّا لِلَّهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ ﴿١٥٦﴾
أُولَٰئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِنْ رَبِّهِمْ وَرَحْمَةٌ ۖ وَأُولَٰئِكَ
هُمُ الْمُهْتَدُونَ ﴿١٥٧﴾ إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ
اللَّهِ ۖ فَمَنْ حَجَّ الْبَيْتَ أَوِ اعْتَمَرَ فَلَا جُنَاحَ عَلَيْهِ أَنْ
يَطَّوَّفَ بِهِمَا ۚ وَمَنْ تَطَوَّعَ خَيْرًا فَإِنَّ اللَّهَ شَاكِرٌ عَلِيمٌ ﴿١٥٨﴾

તો મારી યાદ કરો હું તમારી ચર્ચા કરીશ[૨૪] અને મારો હક માનો અને મારી નાશુક્રી ન કરો (૧૫૨) અય ઇમાનવાળાઓ! સબ્ર અને નમાઝથી મદદ માંગો[૨૫] બેશક! અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે (૧૫૩) અને જેઓ ખુદાના રસ્તામાં માર્યા જાય તેઓને મરેલા ન કહો[૨૬] બલ્કે તેઓ જીવંત છે. હા! તમને ખબર નથી[૨૭] (૧૫૪) અને જરૂર અમે તમને અજમાવીશું અમુક ડર અને ભૂખથી[૨૮] અને અમુક જાન માલ અને ફળોની કમીથી[૨૯] અને ખુશ ખબરી સંભળાવ તે સબ્રવાળાઓને(૧૫૫) કે જ્યારે એમના પર કોઇ મુસીબત પડે તો કહે અમે ખુદાનો માલ છીએ અને તેના જ તરફ ફરવું (છે)[૩૦] (૧૫૬) આ લોકો છે જેમના પર એમના રબની દુરૂદો છે અને રહમત અને આજ લોકો રસ્તા પર છે (૧૫૭) બેશક! સફા અને મરવા[૩૧] અલ્લાહની નિશાનીઓમાંથી છે[૩૨] તો જે આ ઘરની હજ કરે યા ઉમરો કરે તેના પર કંઇ ગુનોહ નથી કે આ બન્નેના ફેરા કરે[૩૩] અને જે કોઇ ભલી વાત પોતાના તરફથી કરે તો અલ્લાહ નેકીનો બદલો આપનાર ખબરદાર છે (૧૫૮)

૨૩. હિકમત (પાકુ ઇલ્મ)નો મતલબ તફસીરવેત્તાઓએ એવો બયાન કર્યો છે કે એનાથી 'ઇલ્મે ફિકહ' મુરાદ છે.

૨૪. ઝિક્ર ત્રણ પ્રકારનું હોય છે (૧) જીભ વડે (૨) દિલ વડે (૩) અવયવો વડો. જીભ વડે થતું ઝિક્ર એટલે તસ્બીહ, તકદીસ (અલ્લાહની પાકી બોલવી) તેની તારીફ કરવી વિગેરે. ખુત્બો, તવબહ, ઇસ્તિગફાર વિગેરેનો એમાં સમાવેશ થાય છે. દિલ વડે થતું ઝિક્ર એટલે અલ્લાહે આપેલી નેઅમતોને યાદ કરવી, તેની અઝમત મોટાઇ અને તેની કુદરતની દલીલોમાં વિચાર કરવો. આલિમોનું મસાઇલ કાઢવા માટે આયતો અને હદીષોમાં વિચાર મગ્ન બની જવું પણ એમાં દાખલ છે. અવયવો વડે ઝિક્ર કરવાનો મતલબ એ છે કે બધા અવયવો અલ્લાહની તાબેદારીમાં લાગી જાય જેમ કે હજ માટે સફર કરવી. એ અવયવોના ઝિક્રમાં દાખલ છે. નમાઝ ત્રણ પ્રકારના ઝિક્રનો પોતાનામાં સમાવેશ કરે છે. તસ્બીહ, તકબીર, ષના, કિરઅત વિગેરે ઝિક્રે લિસાની એટલે કે જીભના ઝિક્રમાં દાખલ છે. જ્યારે ખુશૂઅ ખુઝૂઅ (એકાગ્રતા) એ દિલનું ઝિક્ર છે. અને ઉભું રહેવું, રૂકૂઅ સિજદો કરવો વિગેરે અવયવોનું ઝિક્ર છે.

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હો આ આયતની તફસીરમાં ફરમાવે છે કે, તમે તાબેદારી બજાવીને મને યાદ કરો, હું તમારી મદદ કરીને તમને યાદ કરીશ. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે જ્યારે બન્દો મને એકાંતમાં યાદ કરે છે ત્યારે હું પણ તેને એવી રીતે જ યાદ કરૂં છું અને તે મને જમાઅતમાં (લોકોની રૂબરૂમાં) યાદ કરે તો હું તેને એનાથી સારી જમાઅત (ફરિશ્તાઓ)ની સામે યાદ કરૂં છું. કુરઆન અને હદીષમાં ઝિક્રની ઘણી ફઝીલતો બયાન થએલી છે. અને એમાં

જોરથી કે આહિસ્તાથી દરેક પ્રકારના ઝિક્રનો સમાવેશ થાય છે.

૨૫. હદીષ શરીફમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જ્યારે કોઇ સખ્ત કામ આવી પડતું ત્યારે આપ નમાઝમાં મશગૂલ થઇ જતા હતા, અને નમાઝથી મદદ માંગવામાં નમાઝે ઇસ્તિસ્કા (વરસાદ માંગવાની નમાઝ) અને નમાઝે હાજતનો સમાવેશ થાય છે.

૨૬. આ આયત બદ્રમાં શહીદ થએલા લોકો માટે ઉતરી. શહીદ થએલા લોકો વિષે લોકો કહેતા હતા કે ફલાણો મરી ગયો તે દુનિયવી આરામથી મહરૂમ થઇ ગયો. તેમના વિષે આ આયત ઉતરી.

૨૭. મોત પછી જ અલ્લાહ તઆલા શહીદોને જીવન આપે છે. એમની રૂહો સામે રોજી પેશ કરવામાં આવે છે. એમને સુખચેન આપવામાં આવે છે. એમના અમલ ચાલુ રહે છે. એમનો સવાબ વધતો જ રહે છે, હદીષ શરીફમાં છે કે શહીદોની રૂહો લીલા રંગના પક્ષીઓના રૂપમાં જન્નતની સેર કરે છે. ત્યાંનાં ફળો અને નેઅમતો ખાય છે.

**મસઅલો** : અલ્લાહ તઆલાના ફરમાંબરદાર બન્દાઓને કબ્રમાં જન્નતની નેઅમતો મળે છે. શહીદ તે બાલિગ મુસલમાન કહેવાય છે. જે ઘાતક હથિયાર વડે જુલ્મની રીતે મારી નાખવામાં આવ્યો હોય અને જેના કત્લ થવાથી કોઇના પર માલ આપવો વાજિબ ન થયો હોય. અથવા જંગના મેદાનમાં મરેલો કે જખ્મી હાલતમાં મળી આવ્યો અને ત્યાર બાદ તેને આરામ મળ્યો નહીં, તો તે શહીદ કહેવાશે. દુનિયામાં એના માટે હુકમ એ છે કે એને ગુસ્લ દેવામાં ન આવે ન તો કફન પહેરાવવામાં આવે. એને પહેરેલા કપડામાં જ રહેવા દે. આવી સ્થિતિમાં જ તેના પર નમાઝ પઢીને દફન કરી દેવામાં આવે, આખિરતમાં શહીદનો મરતબો ઘણો મહાન છે.

**અમુક** શહીદ એવા પણ છે કે જેમના પર દુનિયામાં તો શહીદના હુકમ લાગુ પાડવામાં નહી આવે પણ આખિરતમાં તેમના માટે શહાદતનો મરતબો છે. જેમ કે ડૂબીને, દાઝી જઇને અને દીવાલ નીચે દબાઇ જઇને મરી જનાર, તાલિબે ઇલ્મ (દીની ઇલ્મ શિખનાર) હોવાની હાલતમાં મરણ પામનાર, હજની સફર અથવા ખુદાના માર્ગમાં ગમે તે રીતે મૃત્યુ પામનાર અને નિફાસમાં મરનાર સ્ત્રી, પેટની બિમારી, પ્લેગ, પાંસળી અને ફેફસાંની બિમારીમાં મરનાર અને જુમ્માના દિવસે ગુજરી જનાર વિગેરે.

૨૮. અજમાઇશ કરવાથી ફરમાંબરદાર અને નાફરમાન લોકોની હાલત જાહેર કરવાનો મકસદ છે.

૨૯. ઇમામ શાફઇ રહમતુલ્લાહિ અલયહએ કહ્યું કે ખોફથી અલ્લાહનો ડર અને ભૂખથી રમઝાનના રોઝા, માલોની કમીથી ઝકાત અને સદકા દેવા, જાનોની કમીથી બીમારીઓના કારણે મરણો થવાં અને ફળોની કમીથી ઔલાદનાં મરણ મુરાદ છે, કારણ કે ઔલાદ દિલનું ફળ છે. હદીષ શરીફમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન છે કે જ્યારે કોઇ બન્દાનું બાળક મરણ પામે છે ત્યારે અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફરમાવે છે કે તમે મારા બન્દાના બાળકની રૂહ કાઢી લીધી ? તેઓ કહે છે, હા! અય પરવરદિગાર! ફરી ફરમાવે છે, તમે તેના દિલનું ફળ તોડી લીધું? તેઓ કહે છે હા! અય પરવરદિગાર! ત્યારે ફરમાવે છે, તે સમયે મારો બન્દો શું બોલ્યો? તેઓ વિનંતિ કરે છે કે તેણે તારા વખાણ કર્યા અને "ઇન્ના લિલ્લાહિ વઇન્ના ઇલયહિ રાજિઉન" પઢયો. ત્યારે અલ્લાહ પાક ફરમાવે છે કે એના માટે જન્નતમાં એક ઘર બનાવો અને તેનું નામ 'બયતુલ હમ્દ' રાખો.

આ આયતમાં મોમિનોને અનેક પ્રકારની મુસીબતો વેઠવી પડશે એવી અગાઉથી ખબર આપવામાં આવી છે. એમાં કેટલાંક રહસ્યો છે. એક તો એ કે એનાથી માણસ માટે મુસીબત સમયે સબ્ર કરવાનું સહેલું

થઇ પડે છે. બીજું એ કે કાફિર જ્યારે જુએ છે કે મુસલમાન બલા અને મુસીબતના સમયે પણ ધીરજ ધરનાર, પોતાના રબનો આભાર માનનાર બની રહે છે અને પોતાના ધર્મ પર ચુસ્તપણે અડગ રહે છે ત્યારે તેઓને ઇસ્લામની ખૂબી જાણવા મળે છે, અને એના પ્રતિ આકર્ષાય છે. ત્રીજું એ કે આવનાર મુસીબતની તેના આગમન પહેલાં ખબર આપવી એ ગૈબની ખબર અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો મોઅજિઝો છે. ચોથું રહસ્ય એ કે મુનાફિકો મુસીબત સમયે મુસલમાનોથી અલગ પડી જાય અને એ રીતે બન્નેમાં ફેર જાહેર થઇ જાય.

૩૦. હદીષ શરીફમાં છે કે મુસીબત ટાણે 'ઇન્ના લિલ્લાહિ વ ઇન્ના ઇલયહિ રાજિઊન' પઢવાથી અલ્લાહની રહમત થાય છે. હદીષ શરીફમાં એ પણ છે કે મોમિનની તકલીફને અલ્લાહપાક તેના ગુનાહોનો કફ્ફારો બનાવે છે.

૩૧. સફા અને મરવા મક્કા શરીફના બે પહાડોનાં નામ છે. જે કાબા શરીફની પૂર્વ દિશામાં છે. મરવા ઉત્તર તરફના ખૂણામાં અને સફા દક્ષિણના ખૂણા તરફ જબલે અબીકુબેસની તળેટીમાં છે, હઝરત હાજરા અને હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામે આ બન્ને પર્વતોની નજીક તે સ્થળે જ્યાં ઝમઝમનો કૂવો છે ત્યાં અલ્લાહના હુકમથી મુકામ કર્યો હતો, તે સમયે આ જગ્યા પર્વતાળ જંગલ જેવી હતી, ન તો અહીં ઘાસચારો ઉગતો હતો ન તો પાણી હતું કે ન ખાવા-પીવાની કોઇ વસ્તુ મળતી, અલ્લાહની રઝામંદી માટે અલ્લાહના આ મકબૂલ બન્દાઓએ સબ્ર કર્યો. હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામ તે સમયે ઘણા જ નાની ઉમરના હતા. તરસને લઇને જ્યારે તેઓ મૃત્યુની અણી પર આવ્યા ત્યારે હઝરત હાજરા વ્યાકુળ બનીને સફા પર્વત પર ચઢયા. ત્યાં પણ પાણી ન મળ્યું ત્યારે નીચેના મેદાનમાં દોડતાં દોડતાં મરવા પર્વત પર ચઢી ગયાં. આવી જ રીતે સાત ફેરા લગાવ્યા. અલ્લાહ તઆલાએ ''ઇન્નલ્લાહ મઅસ્સાબિરીન' નોં જલ્વો એ રીતે દેખાડયો કે ગૈબથી એક ઝરણું (ઝમઝમ) નીકળ્યું. અને તેમના સબ્ર અને ઇખ્લાસની બરકતથી એમના અનુકરણમાં આ બન્ને પર્વતોની વચમાં દોડનારાઓને પણ પોતાની બારગાહમાં મકબૂલ અને આ બન્ને પર્વતોને દુઆ કબૂલ થવાનું સ્થળ બનાવ્યું.

૩૨. શઆઇરિલ્લાહનો મતલબ દીનની નિશાનીઓ થાય છે. પછી તે સ્થળો હોય જેમ કે કાબા, અરફાત, મુઝદલફા, ત્રણે કાંકરા મારવાના સ્થળો, સફા, મરવા, મિના, મસ્જિદો. અથવા સમય હોય જેમ કે રમઝાન, હરામ મહીના, ઇદુદ્દુહા, જુમ્મા, તશરીકના દિવસો. અથવા બીજી નિશાનીઓ જેમકે અઝાન, ઇકામત, જમાઅત, જુમ્મા અને ઇદની નમાઝો, ખત્ના આ તમામ દીનની નિશાનીઓ છે.

૩૩. **શાને નુઝૂલ** : જહાલતના સમયમાં સફા અને મરવા પર બે મૂર્તિઓ મૂકેલી હતી. સફા પર જે મૂર્તિ હતી તેનું નામ અસાફ અને મરવા પરની મૂર્તિનું નામ નાઇલા હતું. કાફિરો જ્યારે સફા - મરવાની સઇ કરતા ત્યારે તાઝીમની નિય્યતથી આ બન્ને મૂર્તિઓ પર હાથ ફેરવતા હતા. ઇસ્લામના સમયમાં તે મૂર્તિઓ તો તોડી નાખવામાં આવી, પણ કાફિરો અહીં મુશ્રિકોના કાર્યો કરતા હતા, તેથી મુસલમાનોને સફા - મરવાની સઇ અણગમતી લાગી, કારણ કે કાફિરોના મુશ્રિકાના કાર્યો સાથે ક્યાંય સરખાપણું ન થઇ જાય. આ આયતમાં મુસલમાનોને કહેવામાં આવ્યું કે તમારી નિય્યત માત્ર અલ્લાહની જ ઇબાદત કરવાની છે. માટે તમને સરખાપણાની ચિંતા ન કરવી જોઇએ. અને કાબા શરીફની અંદર જે રીતે જેહાલતના સમયે મુશ્રિકોએ મૂર્તિઓ મૂકી હતી, પછી ઇસ્લામના સમયમાં મૂર્તિઓ હટાવી લેવામાં આવી. અને કાબાનો તવાફ બાકી રાખવામાં આવ્યો અને તે દીનની નિશાનીઓમાં ગણવામાં આવ્યો. એવી જ રીતે કાફિરોની મૂર્તિ

إِنَّ الَّذِينَ يَكْتُمُونَ مَا أَنزَلْنَا مِنَ الْبَيِّنَاتِ وَالْهُدَىٰ
مِن بَعْدِ مَا بَيَّنَّاهُ لِلنَّاسِ فِي الْكِتَابِ ۙ أُولَٰئِكَ يَلْعَنُهُمُ
اللَّهُ وَيَلْعَنُهُمُ اللَّاعِنُونَ ﴿١٥٩﴾ إِلَّا الَّذِينَ تَابُوا وَأَصْلَحُوا
وَبَيَّنُوا فَأُولَٰئِكَ أَتُوبُ عَلَيْهِمْ ۚ وَأَنَا التَّوَّابُ الرَّحِيمُ ﴿١٦٠﴾
إِنَّ الَّذِينَ كَفَرُوا وَمَاتُوا وَهُمْ كُفَّارٌ أُولَٰئِكَ عَلَيْهِمْ
لَعْنَةُ اللَّهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ ﴿١٦١﴾ خَالِدِينَ
فِيهَا ۖ لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنظَرُونَ ﴿١٦٢﴾
وَإِلَٰهُكُمْ إِلَٰهٌ وَاحِدٌ ۖ لَّا إِلَٰهَ إِلَّا هُوَ الرَّحْمَٰنُ الرَّحِيمُ ﴿١٦٣﴾
إِنَّ فِي خَلْقِ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَاخْتِلَافِ اللَّيْلِ
وَالنَّهَارِ وَالْفُلْكِ الَّتِي تَجْرِي فِي الْبَحْرِ بِمَا يَنفَعُ
النَّاسَ وَمَا أَنزَلَ اللَّهُ مِنَ السَّمَاءِ مِن مَّاءٍ فَأَحْيَا بِهِ

منزل ١

بيشك! તેઓ જે અમારી ઉતારેલી રોશન વાતો અને હિદા-યતને છુપાવે છે[૩૪] એના પછી કે લોકો માટે અમે તેને કિતાબમાં સ્પષ્ટ કરી ચૂક્યા, તેમના પર અલ્લાહની લઅનત છે અને લઅનત કરનારાઓની લઅનત[૩૫] (૧૫૯) પણ તેઓ જે તવબહ કરે અને સુધારે અને જાહેર કરે તો હું તેઓની તવબહ કબૂલ ફરમાવીશ, અને હું જ છું મોટો તવબહ કબૂલ કરનાર મહેરબાન (૧૬૦) બેશક! તેઓ જેમણે કુફ્ર કર્યું અને કાફિર (હોવાની હાલૅત પર) જ મર્યા તેમના પર લઅનત છે અલ્લાહ અને ફરિશ્તાઓ અને આદમીઓ બધાની[૩૬] (૧૬૧) તેમાં હમેશા રહેશે, ન તેઓ પરથી અઝાબ હળવો થાય અને ન તેઓને મેહતલ આપવામાં આવે (૧૬૨) અને તમારો મઅબૂદ એક મઅબૂદ છે[૩૭] તેના સિવાય કોઇ મઅબૂદ નથી તેજ મોટી રહમતવાળો મહેરબાન (૧૬૩) બેશક! આકાશો[૩૮] અને ધરતીની પેદાઇશ અને રાત-દિવસનું બદલાઇને આવવું અને વહાણો જે દરિયામાં લોકોના ફાયદા લઇને ચાલે છે અને તે જે અલ્લાહે આસ્માનથી પાણી ઉતારી મરેલી ધરતીને એનાથી જીવાડી અને ધરતીમાં દરેક પ્રકારનાં

પૂજાના કારણે સફા-મરવાને દીનની નિશાનીઓ બનાવવામાં કંઇ જ વાંધો નથી.

**મસઅલો** : સઇ એટલે કે સફા - મરવાની વચમાં દોડવું વાજિબ છે. હદીષ શરીફથી સાબિત છે. હુઝૂર સલલલ્લાહો અલયહે વસલ્લમે હંમેશા એ કાર્ય કર્યું છે. એને છોડી દેવાથી કુરબાની વાજિબ થાય છે.

**મસઅલો** : સફા - મરવાની વચમાં સઇ કરવી હજ અને ઉમરા બન્નેમાં જરૂરી છે. ફેર એટલો છે કે હજમાં અરફાતમાં જવું અને ત્યાંથી તવાફ માટે પાછુ આવવું શર્ત છે અને ઉમરા માટે અરફાતમાં જવાની શર્ત નથી.

**મસઅલો** : ઉમરા કરનાર મક્કા શરીફની બહારથી આવતો હોય તો પણ તેને સીધુ જ મક્કા શરીફ આવીને તવાફ કરવો જોઇએ, અને મક્કા શરીફનો જ રહેવાસી હોય તો તેણે હરમ શરીફની હદની બહાર નીકળી એહરામ બાંધીને તવાફ માટે આવવું જોઇએ. હજ અને ઉમરામાં એક ફેર આ પણ છે કે હજ વર્ષમાં એક જ વાર થઇ શકે છે કારણ કે હજની શર્ત છે કે અરફાતમાં અરફા એટલે કે ઝિલહજ્જની ૯મી તારીખે જ જવું જોઇએ, અને આ વર્ષમાં એક જ વખત શક્ય છે. જ્યારે ઉમરા દરરોજ થઇ શકે છે. કારણ કે એના માટે કોઇ સમય નક્કી નથી.

૩૪. આ આયત યહૂદીઓના એવા ધર્મગુરૂઓ વિષે ઉતરી જેઓ તવરાતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વખાણ, રજમની આયત અને તવરાતની બીજી આયતો છૂપાવતા હતા.

**મસઅલો** : દીનનું ઇલ્મ જાહેર કરવું ફર્ઝ છે.

૩૫. લઅનત કરનારાઓથી ફરિશ્તા અને મોમિનો ધારવામાં આવે છે. એક મંતવ્ય એવું છે કે

અલ્લાહના તમામ બન્દા મુરાદ છે.

૩૬. મોમિનો તો કાફિરો પર લઅનત કરે જ, પણ કયામતના દિવસે કાફિરો પણ એકબીજા પર લઅનત કરશે.

**મસઅલો** : આ આયતમાં એવાઓ પર લઅનત કરવામાં આવી જેઓ કુફ્ર પર મર્યા હોય, એનાથી સાબિત થયું કે જેનું મોત કુફ્ર પર થયું હોય તેના પર લઅનત કરવી જાઇઝ છે.

**મસઅલો** : ગુનેહગાર મુસલમાન પર વ્યક્તિગત (માણસ નક્કી કરીને) લઅનત કરવી જાઇઝ નથી સામાન્ય રીતે (કોઇને પણ નક્કી કર્યા વગર) જાઇઝ છે. જેવી રીતે કે હદીષ શરીફમાં ચોર અને વ્યાજખાઉ પર લઅનત કરવામાં આવી છે.

૩૭. **શાને નુઝૂલ** : કાફિરોએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કહ્યું, આપ પોતાના પરવરદિગારની શાન અને તેના ગુણો બયાન ફરમાવો, ત્યારે આ આયત ઉતરી અને તેમને જણાવી દેવામાં આવ્યું કે મઅબૂદ ફક્ત એક જ છે. તેના ભાગલા પડી શકતા નથી, અને તેના જેવો કે તેનો નમૂનો કોઇ નથી. મઅબૂદ અને પાલનહાર હોવામાં કોઇ તેનો ભાગીદાર નથી, તે પોતાના કાર્યોમાં એકલો જ છે. તમામ વસ્તુઓને તેણે એકલાએ જ બનાવી છે, તે પોતાની જાતમાં એકલો જ છે, તેનો કોઇ ભાગીદાર નથી, પોતાના ગુણોમાં બેમિષાલ છે. કોઇ તેના જેવો નથી. તિરમિઝી અને અબૂદાઉદની હદીષમાં છે કે અલ્લાહ તઆલાનું ઇસ્મે આઝમ (મહાન નામ) આ બે આયતોમાં છે, એક તો આજ આયત "વઇલાહુકુમ..." અને બીજી "અલિફ લામ મીમ અલ્લાહુ લાઇલાહ ઇલ્લાહુ."

૩૮. કાબા શરીફની આજુબાજુ મુશ્રિકોનાં ૩૬૦ બુત હતાં. તેઓને અલ્લાહ ફક્ત એક જ એવું સાંભળીને અચંબો લાગ્યો. તેના સિવાય કોઇ મઅબૂદ નથી, એવું સાંભળીને તેઓએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે એવી આયતની માંગણી કરી જેનાથી અલ્લાહ એક છે એ બાબત દલીલથી સ્પષ્ટ થઇ જાય, ત્યારે આ આયત ઉતરી, અને તેઓને બતાવવામાં આવ્યું કે આકાશ અને તેની ઊંચાઇ અને કોઇપણ થાંભલા કે સહારા વગર તેનું કાયમ રહેવું અને સૂર્ય, ચંદ્ર, તારાઓ વિગેરે જે કંઇ એમાં દેખાય છે એ બધું અને જમીનની લંબાઇ અને એનું પાણી પર પથરાઇ રહેવું અને પર્વતો, દરિયાઓ, ઝરણાંઓ, ખાણો, હિરા માણેક, ઝાડો, ઘાસચારો, ફળો તેમજ રાત-દિવસનું વારાફરતી બદલાવુ, એમનું ઘટવું અને વધવું, વહાણો અને એમનું હુકમના તાબે રહેવું ઘણા જ વજન છતાં એમનું પાણી પર તરવું અને મનુષ્યોનું એમાં બેસીને દરિયાની અજબ ગજબની વસ્તુઓ જોવી. વેપાર ધંધામાં એનાથી સામાનની હેરફેરનું કામ લેવું અને વરસાદ તેમજ જમીન સુકાઇ જઇને મરી જાય ત્યાર બાદ એનાથી તેને જીવતી કરવી. અને ધરતીને પ્રકાર પ્રકારના જાનવરોથી ભરી દેવી. જેમાં અસંખ્ય રહસ્યો છુપાયેલાં છે. એ જ રીતે હવાઓની હેરફેર અને એની અસર, વાદળ અને એમાં આટલું બધું પાણી હોવા છતાં એનું આસ્માન-જમીનની વચમાં અધ્ધર રહેવું, આ તમામ વસ્તુઓ અલ્લાહની કુદરત, અધિકાર, તેના ઇલ્મ અને તે એક જ હોવા પર ઝબરદસ્ત દલીલો છે. અને આ તમામ વસ્તુઓ ખુદા એક હોવા પર અનેક રીતે જે પુરાવા આપે છે તેનું ટૂંકમાં બયાન આ મુજબ છે કે આ બધી બાબતો શક્યતાની હદમાં આવે છે. અર્થાત એમનું અસ્તિત્વ બીજા ઘણા તરીકાઓથી પણ શક્ય હતું છતાં તેઓ ખાસ પ્રકારથી અસ્તિત્વમાં આવ્યાં. એનાથી એવું પૂરવાર થાય છે કે જરૂર કોઇ એમને બનાવનાર છે. અને તે બનાવનાર પણ કુદરત અને હિકમતવાળો છે. જે દરેક વસ્તુને પોતાની મરજીથી તે વસ્તુને લાયક સ્થિતિ પર બનાવે છે, એમાં કોઇની પણ દખલગીરી કે વાંધો ચાલી શકતો નથી, 6

જાનવરો ફેલાવ્યાં અને હવાઓની હેરફેર અને તે વાદળ કે આસ્માન - ઝમીનની વચમાં હુકમથી બંધાયેલું છે આ બધામાં બુદ્ધિમાન માટે જરૂર નિશાનીઓ છે. (૧૬૪) અને અમુક લોક અલ્લાહ સિવાય બીજા મઅબૂદ બનાવી લે છે કે તેઓને અલ્લાહની જેમ પ્રિય રાખે છે, અને ઇમાનવાળાઓને અલ્લાહ જેટલી કોઇની મહોબ્બત નથી, અને કેમ હોય જો જુએ જાલિમ તે સમયને જ્યારે અઝાબ તેઓની આંખોની સામે આવશે. એટલા માટે કે બધી શક્તિ અલ્લાહને છે અને એટલા માટે કે અલ્લાહનો અઝાબ ઘણો સખત છે (૧૬૫) જ્યારે અળગા થશે સરદારો પોતાના તાબેદારોથી[૩૯] અને જોશે અઝાબ અને કપાઇ જશે એ બધાની દોરીઓ[૪૦] (૧૬૬) અને તાબે-દારો કહેશે કેવું સારૂં થાત જો અમારે (દુનિયામાં) પરત જવાનું થાત તો અમે તેઓથી (સંબંધ) તોડી નાખત જેમ કે તેઓએ (આજે) અમારાથી તોડી નાખ્યા, એમ જ અલ્લાહ તેઓને દેખાડશે તેમનાં કામ પર પસ્તાવો થઇને[૪૧] અને તેઓ દોઝખમાંથી નીકળવના નથી (૧૬૭)

البقرة ٢ سيقول ٢

الأرض بعد موتها وبث فيها من كل دابة
وتصريف الرياح والسحاب المسخر بين السماء
والأرض لآيات لقوم يعقلون ﴿١٦٤﴾ ومن الناس
من يتخذ من دون الله أندادا يحبونهم كحب الله
والذين آمنوا أشد حبا لله ولو يرى الذين
ظلموا إذ يرون العذاب أن القوة لله جميعا و
أن الله شديد العذاب ﴿١٦٥﴾ إذ تبرأ الذين اتبعوا
من الذين اتبعوا ورأوا العذاب وتقطعت بهم
الأسباب ﴿١٦٦﴾ وقال الذين اتبعوا لو أن لنا كرة
فنتبرأ منهم كما تبرءوا منا كذلك يريهم الله
أعمالهم حسرات عليهم وما هم بخارجين من النار ﴿١٦٧﴾

તે મઅબૂદ જરૂર એક અને ફક્ત એક જ છે. કારણ કે જો તેના સાથે કોઇ બીજો મઅબૂદ પણ ધારી લેવામાં આવે તો તેને પણ આ બધી બાબતો માટે શક્તિમાન માનવો પડશે. હવે બે હાલતોમાંથી એક હોવી જ જોઇએ, યા તો આ વસ્તુઓ બનાવવામાં અને એમના અસરમાં બન્ને એકમત હોય, યા એકમત ન હોય. જો તેઓ એકમત હશે તો એનાથી એવું જરૂરી બનશે કે એક વસ્તુના અસ્તિત્વ અને તાસીરમાં બે શક્તિઓ કામ કરી રહી છે. અને એ અશક્ય છે. કારણ કે વસ્તુ એના અસ્તિત્વ અને તાસીરમાં ફક્ત એક જ શક્તિની મોહતાજ હોય છે, નહીં કે બે શક્તિઓની. (દા.ત. એક વસ્તુને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા એક જ સૂર્યની ગરમીની જરૂર છે. જો બે સૂર્યો તેને ગરમી પહોંચાડશે તો તેનું અસ્તિત્વ જોખમાશે.) હવે જો એમ બને કે બન્ને પોતાના તરફથી અડધી અડધી કામગીરી બજાવે તો તે વસ્તુ બન્નેના આભાર નીચે આવવાથી બન્નેને મઅબૂદ માનશે. અને એ બન્નેની તૌહીન ગણાશે. કારણ કે બન્નેની મહાનતાને ચેલેન્જ થશે, અને જો બન્નેમાંથી એક પોતાને ઓછો મહાન કે ઉતરતી કક્ષાનો સ્વીકારી લે તો ઓછી મહાન કે ઉતરતી કક્ષાની હસ્તી મઅબૂદ બનવાને લાયક રહેતી નથી.

અને જો એમ ધારવામાં આવે કે બન્ને એકમત નથી. દરેક બાબત માટે તેમના ઇરાદાઓ અલગ અલગ હોય છે. તો એનાથી એક જ વસ્તુના અસ્તિત્વમાં વિરોધાભાસ લાગુ પડશે. દા.ત. એક અમુક વસ્તુને અસ્તિત્વમાં લાવવા માંગે છે. જ્યારે બીજો તેનું અસ્તિત્વ ભૂસી નાખવા ઇચ્છે છે. તો તે સમયે તે વસ્તુ અસ્તિત્વમાં પણ આવે અને તેનું અસ્તિત્વ ભૂંસાઇ પણ જાય, આવું સમયના એક જ ભાગમાં કેવી રીતે બની શકે? જો તે વસ્તુ અસ્તિત્વમાં રહે તો એને મિટાવવાની ઇચ્છા કરનાર અશક્ત ગણાશે. અને જો તે વસ્તુ

سیقول ٢ البقرة ٢

يٰٓاَيُّهَا النَّاسُ كُلُوْا مِمَّا فِي الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا
تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ۭ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿١٦٨﴾
اِنَّمَا يَاْمُرُكُمْ بِالسُّوْۗءِ وَالْفَحْشَاۗءِ وَاَنْ تَقُوْلُوْا عَلَي
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿١٦٩﴾ وَاِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا مَآ
اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَآ اَلْفَيْنَا عَلَيْهِ اٰبَاۗءَنَا ۭ
اَوَلَوْ كَانَ اٰبَاۗؤُھُمْ لَا يَعْقِلُوْنَ شَـيْــــًٔا وَّلَا يَهْتَدُوْنَ ﴿١٧٠﴾ ع
وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ الَّذِيْ يَنْعِقُ بِمَا لَا
يَسْمَعُ اِلَّا دُعَاۗءً وَّنِدَاۗءً ۭ صُمٌّۢ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا
يَعْقِلُوْنَ ﴿١٧١﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا
رَزَقْنٰكُمْ وَاشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿١٧٢﴾
اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ

**અય લોકો! ખાઓ જે કંઇ જમીનમાં હલાલ પાક છે અને શયતાનના પગલે પગલું ન મૂકો, બેશક! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૧૬૮) અને તે તો તમને આજ હુકમ આપશે બદી અને બેહયાઇનો અને એ કે અલ્લાહ પર એવી વાત જોડો જેની તમને ખબર નથી (૧૬૯) અને જ્યારે તેમને કહેવામાં આવે અલ્લાહના ઉતારેલા પર ચાલો[૪૩] તો કહે બલ્કે અમે તો તેના પર ચાલીશું જેના પર અમારા બાપ-દાદાઓને જોયા, શું જો તેમના બાપ-દાદા ન કંઇ બુદ્ધિ ધરાવતા હોય ન હિદાયત[૪૪] (તો પણ તેમના માર્ગે ચાલશે?) અને કાફિરોનું દ્રષ્ટાંત તેના જેવું છે જે બોલાવે એવાને જે માત્ર બુમબરાડા સિવાય કંઇ જ ન સાંભળે[૪૫] અને બહેરા ગુંગા આંધળા તો તેમને સમજ નથી[૪૬] (૧૭૧) અય ઇમાનવાળાઓ! ખાઓ અમારી આપેલી સ્વચ્છ ચીજો અને અલ્લાહનો આભાર માનો[૪૭] જો તમે તેને જ પૂજતા હોય (તો) (૧૭૨) તેણે આટલાં જ તમારા પર હરામ કર્યા છે મુરદાર[૪૮] અને લોહી[૪૯] અને સુવરનું માંસ[૫૦]**

ફના થશે તો અસ્તિત્વનો ઇરાદો કરનાર આજિઝ ગણાશે, અને અશક્ત કે આજિઝ હોય તે મઅબૂદ બની શકે નહીં, માટે પુરવાર થઇ ગયું કે મઅબૂદ કે અલ્લાહ ફક્ત એક જ હોય શકે છે. અને ઉપર ગણાવેલી ચીજો અનેક રીતે ખુદાના એક હોવા પર પુરાવો આપે છે.

૩૯. આ કયામતના દિવસનું બયાન છે. જ્યારે મુશ્રિકો અને એમને કુફ્રનું આકર્ષણ લગાડનાર એમના સરદારો એકત્ર થશે અને અઝાબ આવતો જોઇને એક બીજાથી અળગાપણું જાહેર કરશે.

૪૦. એટલે કે તે તમામ સંબંધો જે દુનિયામાં એમની અંદર અંદર હતા પછી તે મિત્રતા હોય કે સગાઇના સંબંધ કે પછી એકબીજાના સહકારના કરારો, ગમે તે હોય.

૪૧. એટલે કે અલ્લાહ પાક એમનાં ખરાબ કાર્યો એમની નજર સમક્ષ કરશે ત્યારે એમને એ જાણીને ઘણો પસ્તાવો થશે કે એમણે આવાં કાર્યો કર્યાં હતાં.

એક મંતવ્ય એવું છે કે જન્નતની જગ્યાઓ એમને બતાવીને કહેવામાં આવશે કે જો તમે મારી તાબેદારી કરી હોત તો તમને આ મળત. પછી તે મકાનો મોમિનોને આપવામાં આવશે, ત્યારે એમના પસ્તાવાનો પાર નહીં રહે.

**શાને નુઝૂલ**

૪૨. આ આયત તે લોકો વિષે ઉતરી જેઓએ સાંઢ વિગેરેને હરામ જાહેર કર્યો હતો, આનાથી સાબિત થયું કે અલ્લાહ તઆલાએ હલાલ કરેલી વસ્તુઓને હરામ ઠેરવવી એ તેની રઝઝાકિયત સામે બળવો પોકારવા જેવું છે. મુસ્લિમ શરીફની રિવાયતમાં છે, અલ્લાહ પાક ફરમાવે છે, જે માલ હું મારા બન્દાઓને

આપુ છું તે તેમના માટે હલાલ છે. અને એ હદીષમાં જ છે કે મેં મારા બંદાઓને અસત્યથી વેગળા પેદા કર્યા, પછી એમના પાસે શયતાનો આવ્યા અને એમને દીનથી અલગ કર્યા, જે મેં એમના માટે હલાલ કર્યું હતું તેને હરામ ઠેરવ્યું.

એક બીજી હદીષમાં હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે મેં આ આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સામે તિલાવત કરી ત્યારે હઝરત સઅદ બિન વક્કાસ રદિયલ્લાહો અન્હોએ ઉભા થઇને વિનંતિ કરી કે યા રસૂલલ્લાહ! મારા માટે દુઆ ફરમાવો કે હું મુસ્તજાબુદ્દઅવાત (જેની દુઆ કબૂલ થાય એવો માણસ) બની જાઉં. હુઝૂરે ફરમાવ્યું, અય સઅદ! પોતાનો ખોરાક પાક કરો મુસ્તજાબુદ્દ-અવાત બની જશો. તે પવિત્ર ઝાતના સોગંદ! જેના દસ્તે કુદરતમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહે વસ-લ્લમ)નો જીવ છે, મનુષ્ય જ્યારે પોતાના પેટમાં હરામનો લુકમો નાખે છે ત્યારે ૪૦ દિવસો સુધી કબૂલિ-યતથી મહરૂમ રહે છે.

૪૩. તવહીદ અને કુરઆન પર ઇમાન લાવો અને પાક વસ્તુઓને હલાલ જાણો જેને અલ્લાહે હલાલ કરી છે.

૪૪. જ્યારે બાપ-દાદા ધર્મની બાબતોને સમજતા ન હોય અને સીધા રસ્તે ન હોય ત્યારે તેમની તાબેદારી કરવી મૂર્ખતા છે.

૪૫. એટલે કે જે રીતે પશુઓ એમને ચરાવનારનો માત્ર અવાજ જ સાંભળે છે અને તેની વાંતનો અર્થ સમજતા નથી એવી જ આ કાફિરોની પરિસ્થિતિ છે કે માત્ર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો અવાજ જ સાંભળે છે અને એનો મહીમા હૃદયમાં બેસાડીને માર્ગદર્શન આપનારી એ મુબારક વાણીથી ફાયદો પ્રાપ્ત કરતા નથી.

૪૬. એટલા માટે કે તેમણે સત્ય વાત સાંભળીને ફાયદો ન ઉઠાવ્યો. સત્ય વાત તેમના મોઢા પર ચાલુ ન થઇ નસીહતોંથી ફાયદો ન મેળવ્યો.

૪૭. આ આયતથી પુરવાર થયું કે અલ્લાહ તઆલાની નેઅમતોના બદલે તેનો શુક્ર (આભાર) કરવો વાજિબ છે.

૪૮. જે હલાલ જાનવર ઝુબેહ કર્યા વગર મરી જાય અથવા તેને શરીઅતે દર્શાવેલી રીત વિરૂદ્ધ મારી નાખવામાં આવે જેમકે ગળું દાબીને અથવા લાકડી, પથ્થર, ગોળી વિગેરે મારીને મારી નાખવામાં આવે. અથવા તે પડી જઇને મરી ગયું હોય અથવા બીજા જાનવરે શિંગડાથી મારી નાખ્યું હોય અથવા કોઇ શિકારી જાનવરે મારી નાખ્યું હોય તેને મુરદાર કહે છે. અને જીવતા જાનવરના શરીરનો જે ભાગ કાપી લેવામાં આવ્યો હોય તે પણ આમાં જ ગણાય છે.

**મસઅલો** : મુરદાર જાનવરનું માંસ ખાવું હરામ છે. પણ તેનું પકાવેલું ચામડું ઉપયોગમાં લેવું, તેના વાળ, શિંગડા, હાડકાં, ખડીઓ ઇત્યાદીથી ફાયદો ઉઠાવવો જાઇઝ છે. (અહમદી)

૪૯. લોહી દરેક જાનવરનું હરામ છે જો તે વહેવાની શક્તિ ધરાવતું હોય તો.

૫૦. સુવ્વર "નજિસુલઐન" (નરી નાપાકી) છે, એનું માંસ, ચામડું, વાળ, નખ વિગેરે એના શરીરનો દરેક ભાગ નાપાક અને હરામ છે. કોઇનો પણ ઉપયોગ કરવો જાઇઝ નથી, અહીં માત્ર માંસનું બયાન એટલા માટે કરવામાં આવ્યું છે કે ઉપરથી ખાવાનું બયાન થઇ રહેલું છે.

૫૧. **મસઅલો** : જે જાનવરને ઝુબેહ કરતી વખતે ખુદા સિવાય બીજાનું નામ લેવામાં આવે. એકલું

અને તે જાનવર જે ખુદા સિવાય બીજાનું નામ લઇને ઝુબેહ કરવામાં આવ્યું (હોય)[૫૧] તો જે લાચાર હોય[૫૨] ન એ કે ઇચ્છાથી ખાય અને ન એ કે આવશ્યકતાથી આગળ વધે તો તેના પર ગુન્હો નથી, બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૭૩) તેઓ જે છુપાવે છે[૫૩] અલ્લાહની ઉતારેલી કિતાબ અને એના બદલે લે છે તુચ્છ કિંમત[૫૪] તે પોતાના પેટોમાં અગ્નિ જ ભરે છે[૫૫] અને અલ્લાહ કયામતના દિવસે તેમનાથી વાત નહીં કરે અને ન તેમને સ્વચ્છ કરશે અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે (૧૭૪) (આ) તે લોકો છે જેમણે હિદાયતના બદલે ગુમરાહી ખરીદી લીધી અને મગફેરત (મોક્ષ)ને બદલે અઝાબ (ખરીદ્યો) તો તેમને આગ (માં જવા)ની કેટલી ધીરજ છે (૧૭૫) આ એટલા માટે કે અલ્લાહે કિતાબ હકની સાથે ઉતારી, અને બેશક! જે લોકો કિતાબમાં વિખવાદ નાખવા લાગ્યા[૫૬] તે જરૂર પ્રથમ કક્ષાના ઝઘડાખોર છે (૧૭૬) કોઇ મૂળ નેકીએ નથી કે મોઢું

سیقول ٢ البقرة ٢

الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ فَمَنِ اضْطُرَّ غَيْرَ
بَاغٍ وَّلَا عَادٍ فَلَآ اِثْمَ عَلَيْهِ اِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿١٧٣﴾ اِنَّ الَّذِيْنَ يَكْتُمُوْنَ مَآ اَنْزَلَ اللّٰهُ
مِنَ الْكِتٰبِ وَيَشْتَرُوْنَ بِهٖ ثَمَنًا قَلِيْلًا اُولٰٓئِكَ
مَا يَاْكُلُوْنَ فِيْ بُطُوْنِهِمْ اِلَّا النَّارَ وَلَا يُكَلِّمُهُمُ
اللّٰهُ يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ﴿١٧٤﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى
وَالْعَذَابَ بِالْمَغْفِرَةِ فَمَآ اَصْبَرَهُمْ عَلَى النَّارِ ﴿١٧٥﴾
ذٰلِكَ بِاَنَّ اللّٰهَ نَزَّلَ الْكِتٰبَ بِالْحَقِّ وَاِنَّ
الَّذِيْنَ اخْتَلَفُوْا فِى الْكِتٰبِ لَفِيْ شِقَاقٍ
بَعِيْدٍ ﴿١٧٦﴾ لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ

منزل ١

તેનું જ નામ અથવા ખુદાના નામની સાથે અથવા એના જેવો અર્થ ધરાવતા બીજા શબ્દો વડે જોડીને તેનું નામ લેવામાં આવે તો તે હરામ છે.

**મસઅલો** : જો ખુદાના નામની સાથે બીજાનું નામ વચમાં કોઇ પણ શબ્દ બોલ્યા વગર જોડવ્યું તો મકરૂહ છે.

**મસઅલો** : ઝુબેહ તો ફક્ત અલ્લાહના નામથી જ કર્યું અને તેના પહેલાં યા પછી બીજાનું નામ લીધું. દા.ત. કહ્યું કે અકીકાનો બકરો અથવા વલીમાનું ઘેટું અથવા જેના તરફથી તે જાનવર ઝુબેહ કરાયું છે તેનું નામ લીધું અથવા જે અવલિયા અલ્લાહને સવાબ પહોંચાડવા ઝુબેહ કર્યું છે તેમનું નામ લીધું, તો એ જાઇઝ છે, એમાં કશો વાંધો નથી. (તફસીરે અહમદી)

૫૨. મુઝતર તેને કહે છે કે જે હરામ ચીજને ખાવા માટે લાચાર બની ગયો હોય, અને એને ન ખાવાથી જીવ પર બની આવવાની બીક હોય, યા તો સખ્ત ભૂખ અને નાદારીના કારણે જીવ નીકળી જવાનો ડર હોય અને કોઇ હલાલ વસ્તુ ન મળતી હોય, અથવા કોઇ માણસ હરામને ખાવા માટે બળજબરી કરતો હોય અને ન ખાવાથી જાન જવાનો ખોફ હોય એવી પરિસ્થિતિમાં હરામ વસ્તુને એટલા પ્રમાણમાં ખાઇ લેવી કે જીવ બચી જાય તો તે જાઇઝ છે.

૫૩. **શાને નુઝૂલ** : યહૂદીઓના ધર્મગુરૂઓ અને સરદારો જેમને એવી આશા હતી કે અંતિમ સમયના રસૂલ તેમનામાં જ જાહેર થશે, જ્યારે તેઓએ જોયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો જન્મ તો બીજી કોમમાં થયો, ત્યારે તેઓને ચિંતા લાગી કે તવરાત અને ઇન્જીલમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની

قبل المشرق والمغرب ولكن البر من امن
بالله واليوم الاخر والملئكة والكتب و
النبين واتى المال على حبه ذوي القربى
واليتمى والمسكين وابن السبيل والسائلين
وفي الرقاب واقام الصلوة واتى الزكوة و
الموفون بعهدهم اذا عهدوا والصبرين
في البأساء والضراء وحين البأس اولئك
الذين صدقوا واولئك هم المتقون ۝
يايها الذين امنوا كتب عليكم القصاص في
القتلى الحر بالحر والعبد بالعبد والانثى
بالانثى فمن عفي له من اخيه شيء فاتباع

પૂર્વ કે પશ્ચિમ તરફ કરો[૫૭] હા! મૂળ નેકી એ કે ઇમાન લાવે અલ્લાહ અને કયામત અને ફરિશ્તાઓ અને કિતાબ અને પૈગમ્બરો પર[૫૮] અને અલ્લાહની મહોબ્બતમાં પોતાનો પ્રિય માલ આપે સગા સંબંધીઓ અને યતીમો અને મિસ્કીનો અને મુસાફિરો અને સવાલીઓને અને ગરદનો છોડવ-વામાં[૫૯] અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે અને પોતાનું વચન પુરૂં કરનાર જ્યારે વાયદો કરે અને સબ્ર-વાળા મુસીબત સખ્તીમાં અને જિહાદ સમયે, આજ (તે લોકો) છે જેઓએ પોતાની વાત સાચી ઠેરવી, અને આજ પરહેઝગાર છે (૧૭૭) અય ઇમાનવાળાઓ! તમારા પર ફર્ઝ છે[૬૦] કે જે નાહક માર્યા જાય તેમના ખૂનનો બદલો લો[૬૧] સ્વતંત્રને બદલે સ્વતંત્ર અને ગુલામને બદલે ગુલામ અને અવરતને બદલે અવરત[૬૨] તો જેના માટે તેના ભાઇ તરફથી કંઇ માફી થઇ[૬૩] તો ભલાઇની સાથે માંગણી થાય અને સારી રીતે ભરપાઇ, આ તમારા પરવરદિગાર તરફથી તમારો ભાર હલ્કો કરવા (માટે) છે અને તમારા

ઓળખ જોઇને લોકો પોતાની તાબેદારી માટે ઝુકી પડશે, તો એમનાં નઝરાણાં, ભેટો વિગેરે બંધ પડી જશે, સરદારી જતી રહેશે, આવા વિચારે તેઓને ઇર્ષા જાગી, અને તવરાત તથા ઇન્જીલમાં જે હુઝૂરની ઓળખ અને આપના ગુણો તથા જાહેર થવાના સમય વિગેરેનું જે બયાન હતું તેને તેઓએ છુપાવ્યું, ત્યારે આ આયત ઉતરી.

**મસઅલો** : કિતાબમાં લખેલી બાબત કોઇને જાણવા ન દેવી, કોઇને પઢીને ન સંભળાવવી ન કોઇને બતાવવી અને તેની ખોટી તાવીલો (ખુલાસા) કરવી, અર્થ બદલીને ખરા અર્થને છુપાવવો. એ તમામ છુપાવવાના હુકમમાં છે.

૫૪. અર્થાત દુનિયાના તુચ્છ ફાયદા માટે સત્ય છુપાવે છે.

૫૫. કારણ કે આ લાંચ રૂશ્વત અને આ હરામનો માલ જે એમણે સત્ય છુપાવવાના બદલામાં લીધો છે તે એમને દોઝખની અગ્નિમાં પહોંચાડશે.

૫૬. **શાને નુઝૂલ** : આ આયત યહૂદીઓ વિષે ઉતરી, તેઓએ તવરાતમાં વિખવાદ જગાડયો. અમુકે એને હક કહ્યું, અમુકે જૂઠ, અમુકે ખોટા અર્થ ઘટનો કર્યાં એક મંતવ્ય એવું છે કે આ આયત મુશ્રિકો વિષે ઉતરી. આ મંતવ્ય મુજબ કિતાબનો મતલબ કુરઆન થાય છે. અને એમનો વિખવાદ એ છે એમનામાંથી અમુક કુરઆનને શાયરી કહેતા હતા જ્યારે અમુક જાદુ કહેતા હતા, અને અમુક જ્યોતિષશાસ્ત્રનું નામ આપતા હતા.

૫૭. **શાને નુઝૂલ** : આ આયત યહૂદ અને નસારાના વિષે ઉતરી, કારણ કે યહૂદીઓએ બયતુલ

મુકદ્દસની પૂર્વ દિશાને અને નસારાએ એની પશ્ચિમ દિશાને કિબ્લો બનાવી રાખ્યો હતો, અને દરેક પક્ષનો ખ્યાલ હતો કે ફક્ત આ કિબ્લા તરફ મોઢું ફેરવી લેવું પુરતુ છે. આ આયતમાં તેમને રદીયો આપવામાં આવ્યો કે બયતુલ મુકદ્દસનું કિબ્લા હોવું મન્સૂખ કરવામાં આવ્યું. (મદારિક) તફસીર કરનારાઓનો એક ખ્યાલ એવો પણ છે કે આમાં અહલે કિતાબ અને મુસલમાનો બન્નેને સરખું જ સંબોધન છે, અને અર્થ એ છે કે ફક્ત કિબ્લા તરફ મોઢું કરવું એ જ મૂળ નેકી નથી. જ્યાં સુધી કે અકાઇદ સહીહ ન હોય અને દિલ નિખાલસતાથી કિબ્લા તરફ ઝુકેલું ન હોય.

૫૮. આ આખી આયતમાં નેકીના ૬ તરીકા બતાવવામાં આવ્યા છે. (૧) ઇમાન લાવવું, (૨) માલ આપવો (૩) નમાઝ કાયમ કરવી (૪) ઝકાત આપવી (૫) વાયદો પુરો કરવો (૬) સબ્ર કરવો. ઇમાનની વિગત એવી છે કે એક તો અલ્લાહ પર ઇમાન લાવે તે જીવંત, દરેક બાબત જાણનાર, દરેક વાત સાંભળનાર, દરેક વસ્તુ જોનાર, બેનિયાઝ, હમેશાંથી હમેશાં સુધી રહેનાર 'વહદહુ લા શરીકલહુ' છે. બીજુ કે કયામત પર ઇમાન લાવે કે તે હક છે. તેમાં બન્દાઓનો હિસાબ થશે. આમાલનો બદલો આપવામાં આવશે, અલ્લાહના મકબૂલ બન્દાઓ શફાઅત કરશે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નસીબવાળાઓને હવઝે કવસર પર તેનું પાણી પાશે, પુલેસિરાત પરથી ગુજરવું પડશે અને તે દિવસની બીજી હાલતો જે કુરઆન શરીફમાં જણાવવામાં આવી અથવા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બયાન ફરમાવી છે તે હક છે, ત્રીજું ફરિશ્તાઓ પર ઇમાન લાવે કે તેઓ અલ્લાહની મખ્લૂક અને તેના ફરમાંબરદાર બન્દાઓ છે. ન પુરૂષો છે, ન સ્ત્રીઓ, એમની સંખ્યા અલ્લાહ જાણે છે. એમાંના ચાર ફરિશ્તા ખુદાના દરબારમાં નજીકી પ્રાપ્ત કરેલા છે જિબ્રઇલ, મીકાઇલ, ઇસરાફીલ, ઇઝરાઇલ અલયહિમુસ્સલામ, ચોથું અલ્લાહની કિતાબો પર ઇમાન લાવવું કે જે કિતાબ અલ્લાહ તઆલાએ ઉતારી હક છે, એમાં ચાર મોટી કિતાબો છે. (૧) તવરાત જે હઝરત મૂસા પર, (૨) ઇન્જીલ જે હઝરત ઇસા પર, (૩) ઝબૂર જે હઝરત દાવૂદ પર અને (૪) કુરઆન જે હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અલયહિમ અજમઇન પર નાઝિલ થઇ, અને ૫૦ સહીફા હઝરત શીશ પર, ૩૦ હઝરત ઇદરીસ પર, ૧૦ હઝરત આદમ પર અને ૧૦ હઝરત ઇબ્રાહીમ અલયહિમુસ્સલામ પર ઉતર્યા. પાંચમું બધા જ અમ્બિયા પર ઇમાન લાવવું કે એ તમામ અલ્લાહના મોકલેલા અને ગુનાહોથી પાક (મઅસૂમ) છે, એમની સચોટ સંખ્યા અલ્લાહ જાણે છે. એમાં ૩૧૩ રસૂલ છે, અમ્બિયા બધા પુરૂષ થયા છે. કોઇ સ્ત્રી નબી થઇ નથી 'ઇમાને મુજમલ' આ છે કે હું અલ્લાહ પર ઇમાન લાવ્યો અને તે તમામ બાબતો પર જે નબીએ કરીમ સલલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહ પાસેથી લાવ્યા. (તફસીરે અહમદી)

૫૯. ઇમાન પછી આમાલનું અને એ સંબંધે માલ આપવાનું બયાન ફરમાવ્યું. અને માલ ખર્ચ કરવા માટે ૬ સ્થાનો બતાવ્યાં. ગરદનો છોડાવવાનો મતલબ ગુલામ ખરીદીને તેને આઝાદ કરી દેવાનો છે. આ બધું બયાન મુસ્તહબ માલ ખર્ચવાનું હતું. (એટલે કે 'ઝ-વિલ' કુરબાથી ફીર્રિકાબ સુધી જે ૬ પાત્રો માલ ખર્ચવાના ગણાવ્યાં છે ત્યાં ખર્ચ કરવું મુસ્તહબ છે).

**મસઅલો** : આનાથી સાબિત થયું કે મૃત્યુ સમયે જીવનથી નિરાશ થયા પછી સદકો ખૈરાત કરવા કરતાં તંદુરસ્તીની હાલતમાં સદકો ખૈરાત કરવું એ વધારે સવાબ ધરાવે છે.

**મસઅલો** : હદીષ શરીફમાં છે કે સગા સંબંધીને સદકો આપવામાં બે સવાબ છે. એક સદકાનો બીજો સિલએ રહમનો. (નિસાઇ)

૬૦. **શાને નુઝૂલ** : આ આયત ઓસ અને ખઝરજના વિષે ઉતરી. એમાંથી એક કબીલો બીજા કરતાં માલ, તાકાત, સંખ્યા તેમજ ઇજજત આબરૂમાં બીજા કરતાં ચઢીયાતો હતો, તેણે એવા સોગંદ લીધા હતા કે તેઓ પોતે જ્યારે તેમનો ગુલામ માર્યો જશે ત્યારે બદલા રૂપે સામેના કબીલાનો સ્વતંત્ર માણસ મારી નાખશે. એવી જ રીતે સ્ત્રીને બદલે પુરૂષને અને એકના બદલે બેને મારી નાખશે. જહાલતના સમયમાં લોકો આવો જુલ્મ કરવા માટે ટેવાએલા હતાં. ઇસ્લામના સમયમાં આ બાબત જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં ઉપસ્થિત કરવામાં આવી ત્યારે આ આયત ઉતરી, અને ન્યાય તેમજ સમાનતાનો પાઠ ભણાવવામાં આવ્યો, તે લોકો એને માનવા રાજી થયા. કુરઆન મજીદમાં કિસાસ (બદલો) લેવાનો **મસઅલો** ઘણી આયતોમાં બયાન થયો છે. આ આયતમાં કિસાસ અને અફવ (માફી) બન્નેનું બયાન છે અને અલ્લાહપાકના એ ઉપકારનું બયાન છે કે તેણે પોતાના બન્દાઓને કિસાસ અને માફી બન્નેનો અધિકાર આપ્યો છે, ઇચ્છે તો કિસાસ લે, ઇચ્છે તો માફ કરે. આયતની શરૂઆતમાં કિસાસ વાજિબ હોવાનું બયાન છે.

૬૧. આનાથી પ્રત્યેક જાણીબુઝીને ખૂન કરનાર પર કિસાસ વાજિબ હોવાનું પુરવાર થાય છે, ભલે પછી તેણે સ્વતંત્રનું ખૂન કર્યું હોય કે ગુલામનું, મુસલમાનનું કર્યું હોય કે કાફિરનું, સ્ત્રીનું હોય કે પુરૂષનું, કારણ કે 'કત્લા જે કતીલ'નું બહુવચન છે તે બધાંને સમાવિષ્ટ કરેલ છે. હા! શરીઅતની દલીલથી જ્યારે એમાંથી અમુક જ નક્કી થાય ત્યારે તે પ્રમાણે જ કિસાસ લેવાશે.

૬૨. આ આયતમાં કહેવાયું છે કે જે ખૂન કરશે તેને જ મારી નાખવામાં આવશે, પછી તે સ્વતંત્ર હોય કે ગુલામ, પુરૂષ હોય કે સ્ત્રી, અને જહાલતવાળાઓની એ રીત એક પ્રકારનો જુલ્મ છે કે જો સ્વતંત્રોને લડાઇ થાય તો એકને બદલે બેને મારી નાખવામાં આવે, ગુલામોમાં થાય તો ગુલામને બદલે સ્વતંત્રને મારી નાખે, સ્ત્રીઓમાં થાય તો સ્ત્રીને બદલે પુરૂષને ખતમ કરી નાખે. અને ફક્ત ખૂનીના ખૂન પર અટકી જતા ન હતા, આ રીતથી મના કરવામાં આવ્યું.

૬૩. મતલબ એ છે કે જે ખૂનીને મરાએલા માણસના વાલી વારસો કંઇ માફી આપે અને ખૂનીના શિરે માલ આપવાનો આવે ત્યારે પેલા વાલી વારસો માંગણી કરવામાં સારી રીત અખત્યાર કરે, અને ખૂનના બદલામાં નક્કી થએલો માલ ખુશીની સાથે આપી દે, આમાં માલ લઇને સુલેહ કરવાનું બયાન છે. (તફસીરે અહમદી)

**મસઅલો** : મરાએલી વ્યક્તિના વાલી વારસોને અધિકાર છે કે યા તો કશું લીધા વગર જ ખૂનીને માફ કરી દે, અથવા માલ લઇને સુલેહ કરી લે, જો તે આના પર રાજી ન થાય અને કિસાસ (ખૂનનો બદલો ખૂન)ની જ માંગણી કરે તો કિસાસ જ ફર્ઝ થશે. (જુમલ)

**મસઅલો** : જો મરાએલા માણસના બધા જ વાલી વારસો કિસાસ માફ કરી દે તો ખૂની પર કશું જ વાજિબ થતું નથી.

**મસઅલો** : જો માલ લઇને સુલેહ કરે તો કિસાસ માથેથી ઉતરી જઇ માલ વાજિબ થશે. (અહમદી)

**મસઅલો** : મરાએલા વાલી વારસોને આયતમાં જે ખૂનીનો ભાઇ કહેવામાં આવ્યું છે તેનું રહસ્ય એ છે કે ખૂન જો કે એક મહાન ગુનોહ છે પણ એનાથી ઇસ્લામી ભાઇચારાને આંચ આવતી નથી. એમાં ખારજીઓને રદીયો છે જેઓ કબીરા ગુનાહ કરનારને કાફિર કહે છે.

૬૪. એટલે કે જહાલતના સમય મુજબ ખૂની ન હોય તેને કત્લ કરે, અથવા માફી આપ્યા પછી કે માલ લીધા બાદ કત્લ કરે.

પર મહેરબાની તો એના પછી જે હદ વટાવશે.[૬૪] તો તેના માટે દુઃખદાયક અઝાબ છે (૧૭૮) અને ખૂનનો બદલો લેવામાં તમારૂં જીવન છે અય બુદ્ધિમાનો[૬૫] કે ક્યાંક તમે બચો (૧૭૯) તમારા પર ફર્ઝ થયું કે જ્યારે તમારામાં કોઇને મોત આવે જો કંઇ માલ છોડે તો વસિયત કરી જાય પોતાના મા-બાપ અને નજીકનાં સગાવહાલાં માટે દસ્તૂર મુજબ[૬૬] આ વાજિબ છે પરહેઝગારો પર (૧૮૦) તો જે વસિયત સાંભળી કરીને બદલી નાખે[૬૭] તેનો ગુનોહ તે બદલી નાખનારાઓ પર જ છે[૬૮] બેશક! અલ્લાહ સાંભળે જાણે છે (૧૮૧) પછી જેને વિચાર થયો કે વસિયત કરનારે કંઇક અન્યાય કે ગુનોહ કર્યો તો તેણે તેઓમાં સુલેહ કરાવી દીધી તેના પર કંઇ ગુનોહ નથી[૬૯] બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૮૧) અય ઇમાનવાળાઓ[૭૦] ફર્ઝ કરવામાં આવ્યા તમારા પર રોઝા જેમકે આગલાઓ પર ફર્ઝ થયા હતા કે તમને પરહેઝગારી મળે[૭૧] (૧૮૩)

البقرة ٢ | سيقول ٢

بِالْمَعْرُوفِ وَأَدَاءٌ إِلَيْهِ بِإِحْسَانٍ ذٰلِكَ تَخْفِيفٌ
مِّنْ رَّبِّكُمْ وَرَحْمَةٌ فَمَنِ اعْتَدٰى بَعْدَ ذٰلِكَ فَلَهُ
عَذَابٌ أَلِيمٌ ﴿١٧٨﴾ وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ يَّاُولِي
الْأَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿١٧٩﴾ كُتِبَ عَلَيْكُمْ إِذَا حَضَرَ
أَحَدَكُمُ الْمَوْتُ إِنْ تَرَكَ خَيْرًا ۖ الْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ
وَالْأَقْرَبِينَ بِالْمَعْرُوفِ ۚ حَقًّا عَلَى الْمُتَّقِينَ ﴿١٨٠﴾
فَمَنْ بَدَّلَهُ بَعْدَ مَا سَمِعَهُ فَإِنَّمَا إِثْمُهُ عَلَى الَّذِينَ
يُبَدِّلُونَهُ ۚ إِنَّ اللّٰهَ سَمِيعٌ عَلِيمٌ ﴿١٨١﴾ فَمَنْ خَافَ مِنْ
مُّوصٍ جَنَفًا أَوْ إِثْمًا فَأَصْلَحَ بَيْنَهُمْ فَلَا إِثْمَ عَلَيْهِ ۚ إِنَّ
اللّٰهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١٨٢﴾ يٰأَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ
كَمَا كُتِبَ عَلَى الَّذِينَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿١٨٣﴾

منزل ١

૬૫. કારણ કે કિસાસ નક્કી થયા પછી લોકો ખૂનો કરવાથી રોકાશે અને જીવો બચી જશે.

૬૬. એટલે કે શરીઅતના કાયદા મુજબ ન્યાય કરે અને ૧/૩ કરતાં ઓછા માલમાં વસિયત કરવી મુસ્તહબ છે એ શર્તે કે તેના પોતાના વારસદારો મોહતાજ ન હોય, અથવા વારસો મળ્યા પછી મોહતાજ ન રહેતા હોય. નહીં તો વારસો વસિયત કરતાં અફઝલ છે. (તફસીરે અહમદી)

૬૭. પછી તે જેને વસિયત કરે છે તે હોય કે વારસદાર હોય કે સાક્ષી, અને તે બદલી નાખવાનું લખાણમાં હોય કે વહેંચણીમાં, યા સાક્ષી આપવામાં જો તે વસિયત શરીઅત મુજબની છે તો બદલનાર ગુનેહગાર છે.

૬૮. અને બીજાઓ પછી તે વસિયત કરનાર હોય કે જેના માટે વસિયત કરી છે તે હોય એ બધા નિર્દોષ છે.

૬૯. અર્થ એ છે કે વારસદાર હોય અથવા વસિયત સાંભળનાર હોય અથવા ઇમામ યા તો કાઝી જેને પણ વસિયત કરનાર તરફથી અન્યાય અથવા અસત્ય કારવાઇની બીક હોય તે જો વારસદારો અને જેના માટે વસિયત કરવામાં આવી છે તેમના વચમાં સુલેહ કરાવી દે તો ગુનેહગાર નથી. કારણ કે તેણે હકની તરફદારીમાં બાતિલને બદલ્યું છે. એક મંતવ્ય એવું છે કે આયતમાં તે માણસ મુરાદ છે જે વસિયત સમયે જુએ કે વસિયત કરનાર હક વાતથી હટતો અને શરીઅત વિરૂદ્ધ તરીકો પકડતો જણાય છે. ત્યારે વસિયત કરનારને ટોકી દે અને હક તથા ન્યાય કરવાનું કહે.

૭૦. આ આયતમાં રોઝા ફર્ઝ થવાનું બયાન છે. રોઝા શરીઅતમાં તેનું નામ છે કે મુસલમાન પુરૂષ

أَيَّامًا مَّعْدُوْدٰتٍ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا أَوْ
عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ أَيَّامٍ أُخَرَ وَعَلَى الَّذِيْنَ
يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ فَمَنْ تَطَوَّعَ خَيْرًا
فَهُوَ خَيْرٌ لَّهٗ وَأَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ إِنْ كُنْتُمْ
تَعْلَمُوْنَ ﴿١٨٤﴾ شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ أُنْزِلَ فِيْهِ
الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَ
الْفُرْقَانِ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ وَمَنْ
كَانَ مَرِيْضًا أَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ أَيَّامٍ أُخَرَ يُرِيْدُ
اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ وَلِتُكْمِلُوا
الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ وَلَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿١٨٥﴾ وَإِذَا سَأَلَكَ عِبَادِيْ عَنِّيْ فَإِنِّيْ

منزل ١

ગણત્રીના દિવસો છે[૭૨] તો તમારામાં જે કોઇ બીમાર અથવા સફરમાં હોય[૭૩] તો એટલા રોઝા બીજા દિવસોમાં (રાખો), અને જેને એની શક્તિ ન હોય તેઓ બદલો આપે એક મિસ્કીનને ખાવું[૭૪] પછી જે પોતાના તરફથી નેકી વધારે કરે[૭૫] તો તે એના માટે બહેતર છે, અને રોઝા રાખવા તમારા માટે વધારે સારૂં છે જો તમે જાણો[૭૬] (૧૮૪) રમઝાનનો મહિનો જેમાં કુરઆન ઉતર્યું[૭૭] લોકો માટે હિદાયત અને માર્ગદર્શન અને ફૈંસલાની રોશન વાતો, તો તમારામાં જે કોઇ આ મહિનો પામે જરૂર એના રોઝા રાખે, અને જે બીમાર અથવા સફરમાં હોય તો એટલા રોઝા બીજા દિવસોમાં (રાખી લે) અલ્લાહ તમારા પર સરળતા ઇચ્છે છે અને તમારા પર મુશ્કેલી નથી ઇચ્છતો. અને એટલા માટે કે તમે ગણત્રી પુરી કરો[૭૮] અને અલ્લાહની મોટાઇ બોલો એના પર કે તેણે તમને હિદાયત આપી અને ક્યાંક તમે હક અદા કરનાર થાવ (૧૮૫) અને અય મહબૂબ! જ્યારે તમને મારા બન્દા મારા વિષે

હોય કે હયઝ - નિફાસથી ખાલી સ્ત્રી હોય સુબ્હ સાદિકથી સૂર્ય આથમતા સુધી ઇબાદતની નિય્યતથી ખાવું - પીવું અને સંભોગ કરવું છોડી દે. (આલમગીરી વિગેરે)

રમઝાનના રોઝા ૧૦ શવ્વાલ, ૨ હિ.સ.માં ફર્ઝ થયા. (દુર્રે મુખ્તાર, ખાઝિન) આ આયતથી પુરવાર થાય છે કે રોઝા એક જુની ઇબાદત છે, હઝરત આદમ અલયહિસ્સલામથી લઇને તમામ અમ્બિયાના જમાનાઓમાં ફર્ઝ થતા રહ્યા છે. જો કે દિવસો અને એના હુકમ દરેકના અલગ અલગ હતા, પણ અસલ રોઝા બધી જ ઉમ્મતો પર લાઝિમ હતા.

૭૧. અને તમો ગુનાહોથી બચો કારણ કે એ પોતાની જાતને ઓછી સમજવાના કારણરૂપ બને છે, તેમજ પરહેઝગાર લોકોનો તરીકો છે.

૭૨. એટલે કે માત્ર રમઝાનનો એક જ મહીનો.

૭૩. સફરનો મતલબ એવી સફર છે જેનું અંતર ત્રણ દિવસના રસ્તાથી ઓછું ન હોય. આ આયતમાં અલ્લાહ તઆલાએ બીમાર અને મુસાફિરને છુટ આપી છે કે જો તેને રમઝાન મુબારકમાં રોઝા રાખવાથી બીમારી વધી જવાનો કે મરી જવાનો અંદેશો હોય, અથવા સફરમાં સખ્તી અને તકલીફની બીક હોય, તો તેઓ બીમારી અને સફરના દિવસોમાં રોઝા ન રાખે, અને બીજા દિવસોમાં (જે દિવસોમાં રોઝા રાખવાની મનાઇ છે તે સિવાય) કઝા કરી લે, જે દિવસોમાં રોઝા રાખવાની મનાઇ છે તે પાંચ દિવસો છે. બે ઇદો અને ઝિલ્હજની ૧૧, ૧૨, ૧૩ તારીખો.

**મસઅલો** : બીમારને માત્ર વહેમના કારણે રોઝો ન રાખવો જાઇઝ નથી, જ્યાં સુધી દલીલ અનુભવ

પૂછે તો હું નજીક છું[૭૯] દુઆ કબૂલ કરૂં છું[૮૦] પુકારના-રની જ્યારે મને પુકારે તો તેઓએ મારો હુકમ માનવો જોઇએ અને મારા પર ઇમાન લાવવું જોઇએ કે ક્યાંક માર્ગ મેળવે. (૧૮૬) રોઝાની રાતોમાં પોતાની સ્ત્રીઓ પાસે જવું તમારા માટે હલાલ થયું[૮૧] તેણીઓ તમારો પોશાક છે અને તમે તેણીઓનો પોશાક, અલ્લાહે જાણ્યું કે તમે પોતાના જીવોને ખયાનતમાં નાખતા હતા તો તેણે તમારી તવબહ કબૂલ કરી અને તમને માફી આપી[૮૨] તો હવે તેણીઓ સાથે સંભોગ કરો[૮૩] અને ઢુંઢો જે અલ્લાહે તમારા નસીબમાં લખ્યું હોય[૮૪] અનં ખાઓ અને પીઓ[૮૫] ત્યાં સુધી કે તમારા માટે સ્પષ્ટ થઇ જાય સફેદીનો દોરો કાળાશના દોરાથી પો ફાટીને[૮૬] પછી રાત આવતાં સુધી રોઝા પુરા કરો[૮૭] અને સ્ત્રીઓને હાથ ન લગાડો જ્યારે તમે મસ્જિદોમાં એતેકાફથી હોવ[૮૮] આ અલ્લાહની હદો છે એમના પાસે ન જાઓ, અલ્લાહ એમ જ વર્ણન કરે છે લોકોને પોતાની આયતો, કે ક્યાંક એમને પરહેઝ-ગારી પ્રાપ્ત થાય (૧૮૭)

البقرة ٢ سيقول ٢

قريب اجيب دعوة الداع اذا دعان فليستجيبوا
لي وليؤمنوا بي لعلهم يرشدون ﴿١٨٦﴾ احل لكم
ليلة الصيام الرفث الى نسائكم هن لباس لكم
وانتم لباس لهن علم الله انكم كنتم تختانون
انفسكم فتاب عليكم وعفا عنكم فالئن
باشروهن وابتغوا ما كتب الله لكم وكلوا و منزل
اشربوا حتى يتبين لكم الخيط الابيض من
الخيط الاسود من الفجر ثم اتموا الصيام الى
اليل ولا تباشروهن وانتم عاكفون في
المسجد تلك حدود الله فلا تقربوها كذلك
يبين الله ايته للناس لعلهم يتقون ﴿١٨٧﴾

અથવા ફાસિક ન હોય એવો ઇલાજ કરનારની ખબરથી રોઝાના કારણે બીમારી વધી જવાનો અથવા લંબાઇ જવાનો ગાલિબ ખ્યાલ ન થાય.

**મસઅલો** : જે હાલ બીમાર ન હોય પણ મુસલમાન ઇલાજ કરનારના કહેવા અનુસાર રોઝો રાખવાથી બીમાર થઇ જશે, તો એવો માણસ પણ બીમારના હુકમમાં ગણાશે.

**મસઅલો** : હમલવાળી અથવા દૂધ પીવડાવનાર સ્ત્રીને જો રોઝા રાખવાથી પોતાની અથવા બાળકની જાનનો ખતરો હોય અથવા બીમાર પડી જવાની બીક હોય તો તેણીને પણ રોઝા ન રાખવા જાઇઝ છે.

**મસઅલો** : જે મુસાફરે સુબ્હે સાદિક પહેલાં સફર શરૂ કરી તેને રોઝો ન રાખવો જાઇઝ છે પણ જેણે સુબ્હે સાદિક પછી સફર શરૂ કરી તેના માટે તે દિવસનો રોઝો છોડવો જાઇઝ નથી.

૭૪. **મસઅલો** : જે વૃદ્ધ પુરૂષ અથવા સ્ત્રીને વૃદ્ધાવસ્થાની કમજોરીના કારણે રોઝો રાખવાની શક્તિ નથી અને ભવિષ્યમાં શક્તિ આવવાની આશા પણ ન હોય એવાને શેખે ફાની કહે છે તેના માટે જાઇઝ છે કે રોઝા ન રાખે. દરેક રોઝાના બદલે અડધો સાઅ (૧૧૭ તોલા) ઘઉં અથવા ઘઉનો આટો અથવા એનાથી ડબલ જવ અથવા એની કિંમત બદલા રૂપે આપે.

**મસઅલો** : જો શેખે ફાની નાદાર કે ગરીબ હોય અને આ આપવાની શક્તિ ધરાવતો ન હોય, તો અલ્લાહ પાસે માફી માંગે અને પોતાની અશક્તિ બદલ માફ કરવાની દુઆ કરે.

૭૫. એટલે કે બદલા માટે નક્કી થએલા માપ કરતાં વધારે આપે.

૭૬. આનાથી પુરવાર થયું કે જો કે મુસાફર અને બીમારને રોઝા ન રાખવાની છુટ છે પણ વધારે

બહેતર તો રોઝા રાખવા એ જ છે.

૭૭. આના અર્થમાં તફસીર કરનારાઓનાં અમુક મંતવ્યો છે. (૧) એ કે રમઝાન તે છે જેની શાન અને મહાનતામાં કુરઆન ઉતર્યું (૨) કુરઆને કરીમ ઉતરવાની શરૂઆત રમઝાન શરીફમાં થઇ (૩) કુરઆન મજીદ સંપૂર્ણતઃ રમઝાનુલ મુબારકની શબે કદ્રમાં લવહે મેહફૂઝથી પહેલા આસ્માન પર ઉતારવામાં આવ્યું અને ત્યાં બયતુલ ઇઝઝતમાં રહ્યું. આ એ જ આસ્માનમાં એક જગ્યાનું નામ છે. ત્યાંથી વખતો વખત હિકમતની આવશ્યકતા અનુસાર જેટલું જેટલું અલ્લાહને મંજૂર થયું જિબ્રઇલ અમીન લાવતા રહ્યા. આ ઉતારવાનું ૨૩ વર્ષની મુદ્દતમાં પુરૂ થયું.

૭૮. હદીષમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન છે કે મહિનો ૨૯ દિવસોનો પણ હોય છે. તો ચાંદ જોઇને રોઝા શરૂ કરો અને ચાંદ જોઇને રોઝા રાખવાનું બંધ કરો. જો ૨૯મી રમઝાને ચાંદ ન દેખાય તો ૩૦ની ગણત્રી પુરી કરો.

૭૯. આમાં અલ્લાહના તાલિબોની તલબનું બયાન છે. જેઓએ અલ્લાહના ઇશ્કમાં પોતાની જરૂરિયા-તોને કુરબાન કરી દીધી. તેઓ ફક્ત તેના જ તલબગાર છે. તેમને નજીકી અને મુલાકાતની ખુશખબરી આપીને ખુશ કરવામાં આવ્યા.

**શાને નુઝૂલ** : સહાબાએ કિરામની એક જમાઅતે અલ્લાહના ઇશ્કમાં વ્યાકુળ થઇને હુઝૂર સલ્લલ્લાહો વસલ્લમને પૂછયું કે અમારો ખુદા ક્યાં છે? ત્યારે નજીકીની ખુશખબરી આપીને ફરમાવવામાં આવ્યું કે અલ્લાહ સ્થળથી પાક છે. જે વસ્તુ કોઇ વસ્તુ સાથે સ્થળના હિસાબે નજીક હોય તે વસ્તુ બીજી વસ્તુના અંતરના હિસાબે જરૂર તેનાથી દૂર હશે, પણ અલ્લાહ તઆલા તો બધા જ બન્દાઓની નજીક છે. સ્થળના હિસાબે જે નજદીકી હોય છે તેની આ શાન નથી. નજદીકીની મંઝિલોમાં પહોંચ બન્દાને પોતાની ગફલત દૂર કરવાથી પ્રાપ્ત થઇ શકે છે. એક ફારસી કાવ્ય પંક્તિ અનુસાર 'મિત્ર તો મારાથી મારા કરતાં પણ નજીક છે પણ આશ્ચર્યજનક વાત એ છે કે હું જ તેનાથી દૂર છું.'

૮૦. દુઆ જરૂરતને રજુ કરવાનું નામ છે. અને ઇજાબત એ કે અલ્લાહ પોતાના બન્દાની દુઆ પર 'લબ્બૈક યા અબ્દી' (અય મારા બન્દા હું હાજર છું) ફરમાવે છે, મુરાદ પુરી કરવી જુદી વસ્તુ છે, તે પણ તેના કરમથી કદી તરત જ મળી જાય છે. કદી કોઇ રહસ્યના કારણે વાર લગાડીને બન્દાની હાજત દુનિયામાં જ પુરી કરી દેવામાં આવે છે, કદીક આખિરતમાં આપવામાં આવે છે. કદીક બન્દાનો ફાયદો બીજી વસ્તુમાં હોય છે તે આપવામાં આવે છે. કદીક બન્દો પ્યારો હોય છે ત્યારે તેની હાજત પુરી કરવામાં એટલા માટે વાર લગાડવામાં આવે છે કે લાંબી મુદ્દત સુધી તે દુઆમાં જ મગ્ન રહે. કદીક દુઆ કરનારમાં સચ્ચાઇ નિખાલસતા વિગેરે શર્તો નથી હોતી, તેથી કબૂલ થતી નથી, માટે જ અલ્લાહના નેક બન્દાઓ પાસે દુઆ કરાવવામાં આવે છે.

**મસઅલો** : નાજાઇઝ વસ્તુની દુઆ કરવી જાઇઝ નથી. દુઆના અદબોમાંથી એ છે કે દુઆ દિલની હાજરી સાથે કબૂલ થવાનું યકીન રાખીને કરવામાં આવે અને ફરિયાદ ન કરે કે મારી દુઆ કબૂલ ન થઇ. તિરમિઝીની હદીષમાં છે કે નમાઝ પછી અલ્લાહની હમ્દો ષના કરી દુરૂદ શરીફ પઢી પછી દુઆ કરવી.

૮૧. **શાને નુઝૂલ** : પહેલાંની શરીઅતોમાં રોઝો છોડયા પછી ખાવું, પીવું, સ્ત્રીઓ સાથે સંભોગ કરવો ઇશાની નમાઝ સુધી જાઇઝ હતું. ઇશાની નમાઝ પછી આ બાબતો રાત્રે પણ હરામ થઇ જતી. આ હુકમ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સમય સુધી બાકી હતો, અમુક સહાબાથી રમઝાનની રાતોમાં ઇશા

પછી સ્ત્રીઓ સાથે સંભોગ થઇ ગયો, તેઓમાં હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ પણ હતા, આવું થયા પછી તેઓને ખૂબ પસ્તાવો થયો અને દરબારે રિસાલાતમાં હકીકત કહી સંભળાવી, ત્યારે અલ્લાહ તઆલાએ માફ કરીને આ આયત ઉતારી, અને બયાન કરી દેવામાં આવ્યું કે હવે પછી રમઝાનની રાતોમાં મગરિબથી સુબ્હે સાદિક સુધી સ્ત્રીઓ સાથે સમાગમ કરવાનું હલાલ કરવામાં આવ્યું.

૮૨. આ ખયાનતથી તે સમાગમ મુરાદ છે જે મુબાહ થતાં પહેલાં રમઝાનની રાતોમાં મુસલમાનોથી થઇ ગયાં હતાં, તેમની માફીનું બયાન ફરમાવીને તેમને હૈયાધારણા આપવામાં આવી.

૮૩. આ હુકમ મુબાહ કરવા માટે છે કે હવે તે મનાઇ ઉઠાવી લેવામાં આવી અને રમઝાનની રાતોમાં સ્ત્રી સમાગમ મુબાહ કરવામાં આવ્યો.

૮૪. આમાં માર્ગદર્શન છે કે સ્ત્રી સમાગમ ફક્ત વંશ વૃદ્ધિ અને ઔલાદ પ્રાપ્તિ માટે જ હોવો જોઇએ. જેનાથી મુસ્લિમોની વસ્તી વધે અને દીન મજબૂત થાય. અમુક તફસીરકારોનું મંતવ્ય એવું છે કે આનો અર્થ એ છે કે સમાગમ શરીઅતના હુકમ અનુસાર હોવો જોઇએ, જે જગ્યાએ જે તરીકાથી રજા આપવામાં આવી તેમાં નક્કી કરેલી હદોથી ન વધે. (તફસીરે અહમદી) એક મંતવ્ય એવું છે કે જે અલ્લાહે લખ્યું તેને પ્રાપ્ત કરવાનો મતલબ એ છે કે રમઝાનની રાતોમાં ખૂબ ઇબાદત કરીને અને રાત જાગરણ કરીને શબે કદ્રને ઢુંઢે.

૮૫. આ આયત **સલ્મા બિન કૈસ વિષે** ઉતરી. આપ શ્રમજીવી હતા. એક દિવસે રોઝો રાખીને આખો દિવસ પોતાની જમીનમાં કામ કરતા રહ્યા. સાંજે ઘેર આવ્યા. પત્ની પાસે ખાવા માંગ્યુ તેણી પકાવવા ગઇ, આપ થાકેલા હતા એટલે આંખ લાગી ગઇ. જ્યારે ખાવા તૈયાર કરીને તેમને જગાડવામાં આવ્યા ત્યારે તેમણે ખાવાનો ઇન્કાર કર્યો, કારણ કે તે સમયે ઊંઘી ગયા પછી રોઝાદાર પર ખાવા-પીવાનું મના થઇ જતું હતું. તેઓ એ હાલતમાં જ બીજો રોઝો રાખી લીધો. કમજોરી હદ વટાવી ગઇ હતી. બપોર થતાં થતાં બેહોશ થઇને પડી ગયા, ત્યારે આ આયત નાઝિલ થઇ અને રમઝાનની રાતોમાં એમના કારણે ખાવા-પીવાનું જાઇઝ કરવામાં આવ્યું. જેમ કે હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હૂના પસ્તાવા અને દરબારે નબવીમાં આવવાથી સંભોગની રજા આપવામાં આવી.

૮૬. રાત્રીને કાળો દોરો અને સુબ્હે સાદિકને સફેદ દોરો કહેવામાં આવ્યો. મતલબ એ છે કે રમઝાનની રાતોમાં તમારા માટે ખાવું - પીવું મગરિબથી સુબ્હે સાદિક સુધી જાઇઝ કરવામાં આવ્યું. (તફસીરે અહમદી)

**મસઅલો** : આનાથી જ ઉલમાઓએ **મસઅલો** કાઢયો કે દિવસોમાં રોઝાની નિય્યત જાઇઝ છે.

૮૭. આનાથી રોઝાની અંતિમ હદ માલૂમ પડે છે અને એ **મસઅલો** સાબિત થાય છે કે રોઝાની હાલતમાં ખાવા-પીવા તથા સંભોગ કરવાથી કફ્ફારો લાગુ પડે છે. (મદારિક)

**મસઅલો** : ઉલમાએ આ આયતને સવમે વિસાલની મનાઇ પર દલીલ ગણાવી છે.

૮૮. આમાં એ બયાન છે કે રમઝાનની રાતોમાં રોઝાદાર માટે સંભોગ કરવાની રજા છે જ્યારે કે તે એતેકાફમાં ન હોય.

**મસઅલો** : એતેકાફની હાલતમાં સ્ત્રી સમાગમ તેમજ તેણીઓને ચુંબન કરવું કે આલિંગન આપવું વિગેરે બાબતો હરામ છે.

**મસઅલો** : પુરૂષોને એતેકાફ માટે મસ્જિદ જરૂરી છે.

**મસઅલો** : સ્ત્રીઓને પોતાના ઘરોમાં એતેકાફ કરવો જાઇઝ છે.

**મસઅલો** : એતેકાફ કરનાર માટે મસ્જિદમાં ખાવું, પીવું, સૂવું જાઇઝ છે.

અને અંદર અંદર એકબીજાનો માલ નાહક ન ખાઓ અને ન હાકેમો પાસે એમનો કેસ એટલા માટે લઇ જાઓ કે લોકોનો અમુક માલ નાજાઇઝ રીતે ખાઇ લો[૮૯] જાણી જોઇને (૧૮૮) તમને નવા ચાંદ વિષે પૂછે છે[૯૦] તમે ફરમાવી દો તે સમયની નિશાનીઓ છે લોકો અને હજ માટે[૯૧] અને એ કંઇ ભલાઇ નથી[૯૨] કે ઘરોમાં પછ-વાડેથી પ્રવેશો. હા, ભલાઇ તો પરહેઝગારીમાં છે અને ઘરોમાં દરવાજાઓમાંથી આવો[૯૩] અને અલ્લાહથી બીતા રહો એ આશાએ કે સફળતા મેળવો (૧૮૯) અને અલ્લા-હના માર્ગમાં લડો[૯૪] તેમનાથી જે તમારાથી લડે છે[૯૫] અને હદથી ન વધો[૯૬] અલ્લાહ પસંદ નથી રાખતો હદથી વધનારાઓને (૧૯૦) અને કાફિરોને જ્યાં દેખો ત્યાં મારો[૯૭] અને તેમને કાઢી મૂકો[૯૮] જ્યાંથી તેઓએ તમને કાઢી મૂક્યા હતા[૯૯] અને એમનો ફસાદ (હુલ્લડ) તે કતલથી પણ સખ્ત છે[૧૦૦] અને મસ્જિદે હરામ પાસે એમનાથી ન લડો જ્યાં સુધી તેઓ તમારાથી ત્યાં ન લડે[૧૦૧] અને જો તમારાથી લડે તો એમને કત્લ કરો[૧૦૨] કાફિરોની

سيقول ٢ البقرة ٢

وَلَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ وَتُدْلُوْا بِهَآ اِلَى
الْحُكَّامِ لِتَأْكُلُوْا فَرِيْقًا مِّنْ اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَ
اَنْتُمْ تَعْلَمُوْنَ ﴿١٨٨﴾ يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَهِلَّةِ ۭ قُلْ هِىَ مَوَاقِيْتُ
لِلنَّاسِ وَالْحَجِّ ۭ وَلَيْسَ الْبِرُّ بِاَنْ تَاْتُوا الْبُيُوْتَ
مِنْ ظُهُوْرِهَا وَلٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقٰى ۚ وَاْتُوا الْبُيُوْتَ
مِنْ اَبْوَابِهَا ۠ وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿١٨٩﴾ وَقَاتِلُوْا
فِيْ سَبِيْلِ اللّٰهِ الَّذِيْنَ يُقَاتِلُوْنَكُمْ وَلَا تَعْتَدُوْا ۭ
اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿١٩٠﴾ وَاقْتُلُوْهُمْ حَيْثُ
ثَقِفْتُمُوْهُمْ وَاَخْرِجُوْهُمْ مِّنْ حَيْثُ اَخْرَجُوْكُمْ وَ
الْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِ ۚ وَلَا تُقٰتِلُوْهُمْ عِنْدَ الْمَسْجِدِ
الْحَرَامِ حَتّٰى يُقٰتِلُوْكُمْ فِيْهِ ۚ فَاِنْ قٰتَلُوْكُمْ فَاقْتُلُوْهُمْ ۭ

**મસઅલો** : એતેકાફ એવી મસ્જિદમાં હોવો જોઇએ જેમાં જમાઅત કાયમ થતી હોય.

**મસઅલો** : એતેકાફમાં રોઝો રાખવો શર્ત છે.

૮૯. આ આયતમાં ખોટી રીતે કોઇનો માલ ખાઇ જવાને હરામ ફરમાવવામાં આવ્યું છે લૂંટીને મેળવેલો હોય કે ચોરી કરીને યા જુગાર રમીને યા હરામ તમાશા અને હરામ કાર્યો કરીને યા હરામ વસ્તુઓને બદલે યા લાંચ રૂશ્વત દ્વારા યા જૂઠી ગવાહી આપીને યા ચુગલખોરી કરીને પ્રાપ્ત કર્યો હોય, આ બધું જ મના અને હરામ છે.

**મસઅલો** : એનાથી ફલિત થયું કે નાજાઇઝ ફાયદા ખાતર કોઇના પર કેસ ઠોકી બેસાડવો અને તેને હાકેમો પાસે લઇ જવો નાજાઇઝ અને હરામ છે, એવી જ રીતે પોતાના ફાયદા માટે બીજાને નુકસાન પહોંચાડવા હાકેમો પર દબાણ લાવવું, લાંચ આપવી હરામ છે, જે લોકો હાકેમો સુધી લાગવગ ધરાવે છે તે આ આયતના હુકમને નજર સમક્ષ રાખે, હદીષ શરીફમાં મુસલમાનને નુકસાન પહોંચાડનાર પર લઅનત આવેલી છે.

૯૦. **શાને નુઝૂલ** : આ આયત હઝરત મુઆઝ બિન જબલ અને સઅલબા બિન ગિનમ અન્સારીના જવાબમાં ઉતરી, એ બન્નેએ પૂછયું. યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ! ચાંદની શું હાલત છે? શરૂઆતમાં નીકળે છે ત્યારે ઘણો બારિક હોય છે, પછી રોજ રોજ વધતો ચાલે છે, એટલે સુધી કે પુરેપુરો પ્રકાશિત થઇ જાય છે. પછી ઘટવા માંડે છે અને એટલે સુધી ઘટે છે કે પહેલાંની જેમ બારિક થઇ જાય છે. તે એક સ્થિતિ પર નથી રહેતો આ પ્રશ્નનો હેતુ ચંદ્રના વધવા ઘટવાનાં રહસ્યો જાણવાનો હતો, અમુક

તફસીરકારોનું કહેવું છે કે પ્રશ્નનો હેતુ ચંદ્રની જુદી જુદી હાલતોનું કારણ જાણવાનો હતો.

૯૧. ચંદ્રના વધવા ઘટવાના ફાયદાઓ વર્ણવ્યા, કે તે સમયની નિશાનીઓ છે, અને મનુષ્યનાં હજારો દીની અને દુનિયવી કાર્યો એની સાથે સંબંધિત છે. ખેતી, વેપાર, લેણદેણની બાબતો, રોઝા અને ઇદના સમયો, સ્ત્રીઓની ઇદ્દતો, હયઝના દિવસોની ગણત્રી, હમલ અને દૂધ પીવડાવવાના દિવસોની મુદ્દતો, દૂધ છોડાવવાના સમયો. અને હજના સમયો એનાથી માલૂમ પડે છે, કારણ કે પ્રથમ જ્યારે ચંદ્ર બારિક હોય છે ત્યારે લોકો સમજી લે છે કે શરૂઆતના દિવસો છે, પછી જ્યારે ચંદ્ર પુરો પ્રકાશિત હોય છે, ત્યારે સમજી જાય છે કે આ મહીનાનાં વચલા દિવસો છે. અને જ્યારે ચંદ્ર અસ્ત થઇ જાય છે ત્યારે ખબર પડે છે કે મહીનો પુરો થવામાં છે, એવી જ રીતે એના વચલા ગાળાઓ માટે પણ ચંદ્રની હાલત જણાવતી રહે છે, પછી મહીના-ઓથી વર્ષનો હિસાબ થાય છે, આ તે કુદરતી પંચાંગ છે જે આકાશના પેજ પર હંમેશા ખુલ્લુ રહે છે. અને દરેક દેશ તેમજ દરેક ભાષાના લોકો ભણેલા અને અભણ બધા જ એનાથી પોતાનો હિસાબ બેસાડી લે છે.

૯૨. **શાને નુઝૂલ** : જહાલતના સમયમાં લોકોની આદત એવી હતી કે જ્યારે તેઓ હજ માટે એહરામ બાંધતા ત્યારે તેઓ કોઇ પણ મકાનમાં તેના દરવાજામાંથી પ્રવેશતા નહિ, જો ઘરમાં જવાની જરૂર ઉભી થતી તો પછવાડો તોડીને દાખલ થતા, અને એને નેકી જાણતા હતા, તેના વિષે આ આયત ઉતરી.

૯૩. એહરામની સ્થિતિમાં હોય કે એહરામની હાલતમાં ન હોય.

૯૪. ૬ હિ.સ. જેમાં હુદેબિયહનો બનાવ બન્યો. તે વર્ષે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મદીના મુનવ્વરાથી મક્કા શરીફ ઉમરો કરવાના ઇરાદે રવાના થયા, મુશ્રિકોએ હુઝૂરને મક્કામાં પ્રવેશ કરવાથી રોક્યા, ત્યારે સુલેહ થઇ કે આપ આગામી વર્ષે આવો, ત્યારે ત્રણ દિવસ સુધી મક્કા શરીફ તમારા માટે ખાલી કરી દેવામાં આવશે, પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ૭ હિ.સ.માં ઉમરો કઝા કરવા માટે પધાર્યા, હવે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે ૧૪૦૦ માણસો હતા, મુસલમાનોને એવો વહેમ હતો કે, કાફિરો વાયદા મુજબ વર્તન નહિ કરે અને હરમ શરીફમાં હરામ મહિના (ઝિલ્કઅદ)માં લડાઇ કરશે અને મુસલમાનો એહરામની હાલતમાં છે જે હાલતમાં લડાઇ કરવી અયોગ્ય છે. કારણ કે જહાલતના સમયથી ઇસ્લામના ઉદય સુધી ન તો હરમ શરીફમાં લડાઇ કરવી જાઇઝ હતી ન હરામ મહિનાઓમાં અને ન એહરામની હાલતમાં.

૯૫. આનો અર્થ યા તો એ છે કે જે કાફિરો તમારાથી લડે અથવા લડાઇની શરૂઆત કરે તમે તેમની સાથે ધર્મની લાગણી અને ઇજ્જત ખાતર લડો. આ હુકમ ઇસ્લામની શરૂઆતમાં હતો, પછી મન્સૂખ થઇ ગયો અને કાફિરો સાથે જંગ કરવું વાજિબ થઇ ગયું, તે શરૂઆત કરે કે ન કરે.

અથવા એ અર્થ છે કે જે તમારી સાથે લડવાનો ઇરાદો કરે છે, આ વાત બધા જ કાફિરોમાં છે, કારણ કે તે બધા જ દીનના વિરોધી અને મુસલમાનોના શત્રુ છે, ભલે પછી તેઓએ કોઇ કારણસર યુદ્ધ ન કર્યું હોય, પણ જો ફાવટ આવે તો ચૂકે નહીં.

અથવા આ અર્થ પણ થઇ શકે છે કે જે કાફિર તમારી સામે યુદ્ધના મેદાનમાં આવે અને તમારી સાથે લડનાર હોય તેની સાથે લડો, આ રીતે અશક્ત, વૃદ્ધ, બાળકો, પાગલો, લંગડાઓ, અંધ, બીમાર, સ્ત્રીઓ વિગેરે જે યુદ્ધ કરવાની શક્તિ ન ધરાવતા હોય તે લોકો આ હુકમમાં દાખલ થશે નહીં, તેમને કત્લ કરવા જાઇઝ નથી.

૯૬. જેઓ યુદ્ધ કરવા શક્તિમાન નથી તેઓ સાથે ન લડો અથવા જેમની સાથે તમે કોલ કરાર કર્યા

આજ સજા છે (૧૯૧) પછી જો તેઓ રોકાઇ જાય[૧૦૩] તો બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૯૨) અને એમનાથી લડો એટલે સુધી કે કોઇ ફિત્નો ન રહે અને એક અલ્લાહની પૂજા થાય, પછી જો તેઓ રોકાઇ જાય[૧૦૪] તો વધારાનાં પગલાં નથી પણ જાલિમો પર (૧૯૩) હરામ મહિનાના બદલે હરામ મહિનો અને અદબના બદલે અદબ છે[૧૦૫] જે તમારા પર હદ વટાવે તેના પર હદ વટાવો એટલી જ જેટલી તેણે કરી અને અલ્લાહથી બીતા રહો અને જાણી રાખો કે અલ્લાહ બીનારાઓની સાથે છે (૧૯૪) અને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો[૧૦૬] અને પોતાના હાથે બરબાદીમાં ન પડો[૧૦૭] અને ભલાઇવાળા બની જાઓ, બેશક! ભલાઇવાળા અલ્લાહના પ્રિય છે (૧૯૫) અને હજ અને ઉમરો અલ્લાહ માટે પુરો કરો[૧૦૮] પછી જો તમને રોકવામાં આવે[૧૦૯] તો કુરબાની મોકલો સરળતા મુજબ[૧૧૦] અને પોતાનાં માથાં ન મુંડાવો જ્યાં સુધી કુરબાની પોતાના ઠેકાણે ન પહોંચી જાય[૧૧૧] પછી જે તમારામાં બીમાર હોય અથવા તેના



كَذٰلِكَ جَزَآءُ الْكٰفِرِيْنَ ﴿۱۹۱﴾ فَاِنِ انْتَهَوْا فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿۱۹۲﴾ وَقٰتِلُوْهُمْ حَتّٰى لَا تَكُوْنَ فِتْنَةٌ وَّيَكُوْنَ
الدِّيْنُ لِلّٰهِ ؕ فَاِنِ انْتَهَوْا فَلَا عُدْوَانَ اِلَّا عَلَى
الظّٰلِمِيْنَ ﴿۱۹۳﴾ اَلشَّهْرُ الْحَرَامُ بِالشَّهْرِ الْحَرَامِ وَالْحُرُمٰتُ
قِصَاصٌ ؕ فَمَنِ اعْتَدٰى عَلَيْكُمْ فَاعْتَدُوْا عَلَيْهِ
بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ ۪ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ
اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿۱۹۴﴾ وَاَنْفِقُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَلَا
تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ ۛۚ وَاَحْسِنُوْا ۛۚ اِنَّ اللّٰهَ
يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿۱۹۵﴾ وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ ؕ فَاِنْ
اُحْصِرْتُمْ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ۚ وَلَا تَحْلِقُوْا رُءُوْسَكُمْ
حَتّٰى يَبْلُغَ الْهَدْيُ مَحِلَّهٗ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ

هોય તેમની સાથે અથવા ઇસ્લામની દઅવત ન આપી હોય તેવાઓ સાથે લડો નહીં. કારણ કે શરીઅતનો તરીકો એ મુજબ છે કે પ્રથમ કાફિરોને ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવશે, જો ન માને તો જિઝયો માંગવામાં આવે, આનો પણ ઇન્કાર કરે તો યુદ્ધ કરવામાં આવે. આ અર્થમાં આયતનો હુકમ બાકી છે, મન્સૂખ નથી. (તફસીરે અહમદી)

૯૭. હરમ શરીફની અંદર હોય કે બહાર.

૯૮. મક્કા મુકર્રમહમાંથી.

૯૯. ગયા વરસે, જેમ કે મક્કા જીતાયું તે દિવસે જે લોકોએ ઇસ્લામનો સ્વીકાર ન કર્યો તેમની સાથે એમ જ કરવામાં આવ્યું.

૧૦૦. ફસાદનો અર્થ શિર્ક છે અથવા મુસલમાનોને મક્કા શરીફમાં પ્રવેશવા ન દીધા તે કાર્ય.

૧૦૧. કારણ કે એ હરમ શરીફની ઇજ્જતા વિરૂદ્ધ છે.

૧૦૨. કે તેઓ એ હરમ શરીફની બેઇજ્જતી કરે.

૧૦૩. કત્લ અને શિર્ક કરવાથી.

૧૦૪. કુફ્ર અને જૂઠને પકડી રાખવાથી.

૧૦૫. જ્યારે ગત વર્ષે ઝિલ્કઅદ ૬ હિ.સ.માં અરબ મુશ્રિકોએ હરામ મહિનાની હુરમત અને ઇજ્જતનો ખ્યાલ ન કર્યો અને તમને ઉમરો કરવાથી રોક્યા તો આ બેઇજ્જતી તેમનાથી થઇ અને એના બદલે અલ્લાહની તૌફીકથી ૭ હિ.સ.ના ઝિલ્કઅદમાં તમે કઝા ઉમરાને અદા કરો.

૧૦૬. આમાં તમામ ધાર્મિક કાર્યોમાં અલ્લાહની તાબેદારી અને ખુશી ખાતર ખર્ચ કરવાનો મતલબ છે. જિહાદના કાર્યમાં ખર્ચ કરવાનું હોય કે બીજા નેક કામોમાં.

૧૦૭. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનું છોડી દેવું એ પણ બરબાદીનું કારણ બને છે અને અસ્થાને ખર્ચ કરવું પણ હલાકતને નોતરે છે, એવી જ રીતે બીજી પણ જે બાબતો હલાકત અને બરબાદીનું કારણ બનતી હોય તેનાથી બચવાનો હુકમ છે. એટલા સુધી કે હથિયાર વગર જિહાદના મેદાનમાં જવું, ઝેર ખાવું અથવા બીજી કોઇ પણ રીતે આત્મહત્યા કરવી જાઇઝ નથી.

**મસઅલો** : ઉલમાએ આનાથી એ મસઅલો પણ સાબિત કર્યો છે કે જે સ્થળે પ્લેગ ચાલતો હોય ત્યાં જવું નહી, જો કે ત્યાં રહેનાર લોકોને ત્યાંથી નાસવાની મનાઇ છે.

૧૦૮. અને એ બન્નેને એમના ફર્ઝો આ શર્તો સહીત ખાસ અલ્લાહ માટે સુસ્તી અને નુકસાન વગર પરિપૂર્ણ કરો. હજ નામ છે નવમી ઝિલહજના દિવસે એહરામ સાથે અરફાતના મેદાનમાં મુકામ કરવાનું અને કાબા શરીફના તવાફ કરવાનું, એના માટે સમય નક્કી કરાએલો છે, તે સમયમાં આ કાર્યો કરાય તો એ હજ છે.

**મસઅલો** : અખત્યાર કરાએલા મંતવ્ય અનુસાર હજ ૯ હિ.સ.માં ફર્ઝ થઇ, એની ફરઝિયત કતઇ છે. હજના ફર્ઝ આ છે (૧) એહરામ (૨) અરફાતમાં મુકામ (૩) તવાફે ઝિયારત. હજના વાજિબ આ છે (૧) મુઝદલેફા માં મુકામ (૨) સફા મરવાની સઇ (૩) કાંકરા મારવા (૪) બહારથી જનાર માટે તવાફે રૂજુઅ (૫) વાળ મુંડાવવા કે કતરાવવા, ઉમરાના અરકાન તવાફ અને સઇ છે અને એની શરતો એહરામ અને વાળ મુંડાવવા છે.

હજ અને ઉમરાની ચાર રીતો છે. (૧) ઇફરાદ બિલ હજ (માત્ર હજ) અને તે એ કે હજના મહિનાઓમાં યા એનાથી પહેલાં મીકાત (એહરામ બાંધવાની હદ)થી અથવા તે આવે ત્યાર અગાઉથી હજનો એહરામ બાંધે, અને દિલથી એની નિય્યત કરે. ભલે પછી તલબિયામાં એનું નામ લે કે ન લે (૨) ઇફરાદ બિલ ઉમરા (માત્ર ઉમરા), અને તે એ કે મીકાત કે તે અગાઉથી હજના મહીનાઓમાં કે એથી પહેલાં ઉમરાનો એહરામ બાંધે અને દિલથી એનો ઇરાદો કરે, ભલે પછી તલબિયહ સમયે જબાનથી એનું નામ લે કે ન લે અને એના માટે હજના મહિનાઓમાં કે તે પહેલાં તવાફ કરે, ભલે પછી તે આ વરસે હજ કરે કે ન કરે, પણ હજ અને ઉમરાની વચમાં ઇત્મામે સહીહ (પૂર્ણ વિરામ) કરે, એ રીતે કે પોતાનાં બાલબચ્ચાં તરફ હલાલ થઇને (એહરામ છોડીને) પાછો આવે. (૩) કિરાન અને તે એ છે કે હજ અને ઉમરા બંનેને એક જ એહરામમાં એકત્ર કરે, તે એહરામ મીકાતથી બાંધ્યો હોય કે તે અગાઉથી હજના મહીનાઓમાં હોય કે ત્યાર પહેલાં, પ્રથમથી જ હજ અને ઉમરા બન્નેની નિય્યત હોય, ભલે તલબિયહ સમયે જબાનથી બન્નેનું નામ લે કે ન લે, પ્રથમ ઉમરાના કાર્યો પૂર્ણ કરે પછી હજનાં. (૪) તમત્તુઅ : તે આ મુજબ છે કે મીકાતથી કે તે અગાઉથી હજના મહિનાઓમાં કે ત્યાર પહેલાં ઉમરાનો એહરામ બાંધે. અને હજના મહિનાઓમાં ઉમરા કરે અથવા તેના વધારે તવાફ હજના મહિનાઓમાં હોવા જોઇએ. પછી હલાલ થઇને હજનો એહરામ બાંધે અને તે જ વરસે હજ કરે અને હજ તથા ઉમરાની વચમાં પોતાના બાલબચ્ચાં સાથે વિરામ ન કરે. (મિસ્કીન, ફત્હ)

**મસઅલો** : આ આયતથી ઉલમાએ 'કિરાન' સાબિત કર્યું છે.

૧૦૯. હજ અથવા ઉમરો શરૂ કર્યા પછી અથવા ઘેરથી નીકળી જઇ એહરામ બાંધી લીધા પછી તમને 7

سيقول ٢ البقرة ٢

مَرِيضًا أَوْ بِهِۦٓ أَذًى مِّن رَّأْسِهِۦ فَفِدْيَةٌ مِّن صِيَامٍ
أَوْ صَدَقَةٍ أَوْ نُسُكٍ ۚ فَإِذَآ أَمِنتُمْ فَمَن تَمَتَّعَ
بِالْعُمْرَةِ إِلَى الْحَجِّ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ۚ فَمَن
لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلَٰثَةِ أَيَّامٍ فِى الْحَجِّ وَسَبْعَةٍ إِذَا رَجَعْتُمْ
تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ ۗ ذَٰلِكَ لِمَن لَّمْ يَكُنْ أَهْلُهُۥ حَاضِرِى
الْمَسْجِدِ الْحَرَامِ ۚ وَاتَّقُوا اللَّهَ وَاعْلَمُوٓا أَنَّ اللَّهَ شَدِيدُ
الْعِقَابِ ﴿١٩٦﴾ الْحَجُّ أَشْهُرٌ مَّعْلُومَٰتٌ ۚ فَمَن فَرَضَ فِيهِنَّ
الْحَجَّ فَلَا رَفَثَ وَلَا فُسُوقَ وَلَا جِدَالَ فِى الْحَجِّ ۗ وَمَا
تَفْعَلُوا مِنْ خَيْرٍ يَعْلَمْهُ اللَّهُ ۗ وَتَزَوَّدُوا فَإِنَّ خَيْرَ
الزَّادِ التَّقْوَىٰ ۚ وَاتَّقُونِ يَٰٓأُو۟لِى الْأَلْبَٰبِ ﴿١٩٧﴾ لَيْسَ عَلَيْكُمْ
جُنَاحٌ أَن تَبْتَغُوا فَضْلًا مِّن رَّبِّكُمْ ۚ فَإِذَآ أَفَضْتُم

માથામાં કંઇક તકલીફ છે[૧૧૨] તો બદલો આપે રોઝા[૧૧૩] અથવા ખૈરાત[૧૧૪] અથવા કુરબાની (દ્વારા) પછી જ્યારે તમે શાંતિમાં હોવ તો જે હજ સાથે ઉમરો મેળવવાનો ફાયદો ઉઠાવે[૧૧૫] તેના પર કુરબાની છે સરળતા મુજબ[૧૧૬] પછી જેને શક્તિ ન હોય તો ત્રણ રોઝા હજના દિવસોમાં રાખે[૧૧૭] અને સાત જ્યારે પોતાના ઘરે પરત આવો (ત્યારે) આ પુરા દસ થયા, આ હુકમ તેના માટે છે જે મક્કાનો રહીશ ન હોય[૧૧૮] અને અલ્લાહથી બ્હીતા રહો અને જાણી રાખો કે અલ્લાહનો અઝાબ સખ્ત છે (૧૯૬) હજના કેટલાએ મહિના છે જાણીતા[૧૧૯] તો જે એમનામાં હજની નિય્યત કરે[૧૨૦] તો ન સ્ત્રીઓ સામે સંભોગની વાતચીત થાય ન કોઇ ગુનોહ ન કોઇની સાથે ઝઘડો[૧૨૧] હજના સમય સુધી થાય. અને તમે જે ભલાઇ કરો અલ્લાહ તેને જાણે છે[૧૨૨] અને ભાથું સાથે લો કે બધાંથી શ્રેષ્ઠ ભાથું પરહેઝગારી છે[૧૨૩] અને મારાથી બ્હીતા રહો અય બુદ્ધિમાનો[૧૨૪] (૧૯૭) તમારા પર કંઇ ગુન્હો નથી[૧૨૫] કે તમારા રબનો ફઝલ ઢુંઢો, તો જ્યારે અરફાતથી પરત

હજ તથા ઉમરો અદા કરવામાં કંઇક રૂકાવટ નડે, પછી તે દુશ્મનની બીક હોય કે બીમારી હોય એવી સ્થિતિમાં તમે એહરામમાંથી નીકળી જાવ.

૧૧૦. ઊંટ અથવા ગાય અથવા બકરી અને આ કુરબાની મોકલવી વાજિબ છે.

૧૧૧. એટલે હરમમાં જ્યાં એને ઝુબેહ કરવાનો હુકમ છે.

**મસઅલો** : આ કુરબાની હરમની બહાર થઇ શકતી નથી.

૧૧૨. જેનાથી તે માથું મુંડાવવા માટે લાચાર બની જઇ માથું મુંડાવી નાખે.

૧૧૩. ત્રણ દિવસ સુધી.

૧૧૪. ૬ મિસ્કીનોનું જમણ, દરેક મિસ્કીન માટે પોણા બશેર ઘઉં.

૧૧૫. એટલે કે તમત્તુઅ કર.

૧૧૬. આ કુરબાની તમત્તુઅની છે, હજના શુક્રમાં વાજિબ થઇ. ભલે પછી તમત્તુઅ કરનાર ફકીર (ગરીબ) હોય, આ ઇદુદદુહાની કુરબાની નથી જે ગરીબ અને મુસાફર પર વાજિબ થતી નથી.

૧૧૭. અર્થાત ૧ લી શવ્વાલથી ૯ મી ઝિલહજ સુધી એહરામ બાંધ્યા પછી, આ દરમ્યાન જ્યારે ઇચ્છે ત્યારે રાખી લે, એકી સાથે અથવા થોડા દિવસોના અંતરે, બેહતર એ છે કે ૭-૮-૯ ઝિલ્હજના રાખે.

૧૧૮. **મસઅલો** : મક્કાવાસીઓ માટે ન તમત્તુઅ છે ન કિરાન (જેનું બયાન પાછળ ગયુ) અને મીકાતની અંદર રહેનારાઓ પણ મક્કાવાસીઓમાં ગણાય છે. મીકાત (એહરામ જ્યાંથી બાંધવામાં આવે છે તે સ્થળ) પાંચ છે (૧) ઝુલહલીફા (૨) ઝાત ઇર્ક (૩) હજફા (૪) કિર્ન (૫) યલમલમ.

ઝુલહલીફા મદીનાવાસીઓ માટે, ઝાતે ઇર્ક ઇરાકીઓ માટે, હજફા સીરિયાને માટે, કિર્ન નજદવા-ળાઓ માટે અને યલમલમ યમનવાળાઓ માટે મીકાત છે.

૧૧૯. શવ્વાલ, ઝિલકઅદ અને ઝિલહજની દસ તારીખો, હજના કાર્યો આ સમય દરમ્યાન જ થઇ શકે છે.

**મસઅલો** : જો કોઇએ આ દિવસો પહેલાં હજનો એહરામ બાંધ્યો તો જાઇઝ છે પણ કરાહત સાથે.

૧૨૦. અર્થાત હજને પોતાના પર જરૂરી અને વાજિબ કરી લે. એહરામ બાંધીને અથવા તલબિયા પઢીને અથવા કુરબાની મોકલીને, તેના પર આ વસ્તુઓ જરૂરી છે જેમનું બયાન આગળ આવે છે.

૧૨૧. 'રફસ'નો અર્થ સંભોગ અથવા સ્ત્રીઓ સામે સંભોગ સંબંધી વાતચીત કરવાનો અથવા બિભત્સ વાતચીતનો થાય છે, નિકાહની ગણત્રી એમાં થતી નથી.

**મસઅલો** : એહરામવાળા પુરૂષ કે સ્ત્રીના નિકાહ જાઇઝ છે, સંભોગ જાઇઝ નથી.

'ફુસૂક'નો મતલબ ગુનાહો અને બુરી બાબતોનો છે, 'જિદાલ'થી મુરાદ ઝઘડો છે, ભલે પછી તે પોતાના સાથીદારો કે નોકરો સાથે હોય કે અન્ય સાથે.

૧૨૨. ગુનાહોની મનાઇ પછી નેકીઓનું આકર્ષણ બતાડવામાં આવ્યું કે ફિસ્કને બદલે તકવો અને જિદાલને બદલે સારી આદતો કેળવો.

૧૨૩. **શાને નુઝૂલ** : યમનના અમુક માણસો કોઇપણ જાતનો સરસામાન લીધા વગર જ હજ માટે રવાના થતા હતા અને પોતાને તવક્કુલ કરનાર કહેતા હતા. પછી જ્યારે મક્કા શરીફ પહોંચતા ત્યારે લોકો પાસે માંગવાનું શરૂ કરતા, અને અમુક સમયે કોઇનો માલ દબાવી લેવાના કે ખયાનત કરવાના ગુનાહ પણ કરી બેસતા હતા. તેમના વિષે આ આયત ઉતરી, અને હુકમ થયો કે ભાથું લઇને નીકળો બીજાઓને બોજારૂપ ન બનો, સવાલ ન કરો કે શ્રેષ્ઠ ભાથું પરહેઝગારી છે.

એક મંતવ્ય એવું છે કે તકવાનું ભાથું સાથે લો. જેવી રીતે દુનિયાની સફર માટે ભાથું જરૂરી છે. એવી જ રીતે આખિરતની સફર માટે પરહેઝગારીનું ભાથું જરૂરી છે.

૧૨૪. અર્થાત બુદ્ધિનો તકાદો એ છે કે અલ્લાહથી ડરવામાં આવે. જે અલ્લાહથી ન ડરે તે મૂર્ખાઓની જેમ છે.

૧૨૫. **શાને નુઝૂલ** : અમુક મુસલમાનોને એવો વિચાર આવ્યો કે જેણે હજ દરમ્યાન વેપાર કર્યો અથવા ઊંટ ભાડા પર ચલાવ્યાં તેની હજમાં શું બરકત? ત્યારે આ આયત ઉતરી.

**મસઅલો** : જ્યાં સુધી વેપાર હજના કાર્યોમાં રૂકાવટ ન નાંખે ત્યાં સુધી વેપારની છૂટ છે.

૧૨૬. અરફાત એક સ્થળનું નામ છે. જ્યાં હાજીઓ મુકામ કરે છે. ઝહહાકનું કહેવું છે કે હઝરત આદમ અને હવ્વા અલયહિમુસ્સલામ વિયોગ બાદ ફરી ૯મી ઝિલહજ્જના દિવસે અરફાતમાં મળ્યાં અને એકબીજાની ઓળખ થઇ, એટલે તે દિવસનું નામ અરફા (ઓળખાણનો દિવસ) અને તે જગ્યાનું નામ અરફાત (ઓળખાણનું સ્થાન) થયું. એક મંતવ્ય એવું છે કે તે દિવસે બન્દાઓ પોતાના ગુનાહોનો એઅતેરાફ (સ્વીકાર) કરે છે માટે તેનું નામ અરફાત પડયું. અરફાતમાં મુકામ કરવો હજ કરનાર માટે ફર્ઝ છે.

૧૨૭. તલબિયહ (લબ્બૈક....) તકબીર, ષના, દુઆની સાથે અથવા મગરિબ અને ઇશાની નમાઝ સાથે.

૧૨૮. જબલે કુઝહનું નામ મશઅરે હરામ છે જેના પર ઇમામ મુકામ કરે છે.

سيقول ۲ البقرة ۲

مِّنْ عَرَفَاتٍ فَاذْكُرُوا اللّٰهَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ
وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ ۚ وَاِنْ كُنْتُمْ مِّنْ قَبْلِهٖ لَمِنَ
الضَّآلِّيْنَ ﴿۱۹۸﴾ ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ النَّاسُ
وَاسْتَغْفِرُوا اللّٰهَ ۗ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۹۹﴾ فَاِذَا
قَضَيْتُمْ مَّنَاسِكَكُمْ فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ اٰبَآءَكُمْ
اَوْ اَشَدَّ ذِكْرًا ۗ فَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا
فِى الدُّنْيَا وَمَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ خَلَاقٍ ﴿۲۰۰﴾ وَمِنْهُمْ
مَّنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ
حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ﴿۲۰۱﴾ اُولٰٓئِكَ لَهُمْ نَصِيْبٌ
مِّمَّا كَسَبُوْا ۗ وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿۲۰۲﴾ وَاذْكُرُوا اللّٰهَ
فِىْ اَيَّامٍ مَّعْدُوْدٰتٍ ۗ فَمَنْ تَعَجَّلَ فِىْ يَوْمَيْنِ فَلَآ

થાઓ[૧૨૬] તો અલ્લાહની યાદ કરો[૧૨૭] મશઅરે હરામની પાસે[૧૨૮] અને તેનું ઝિક્ર કરો જેમકે તેણે તમને હિદાયત આપી, અને બેશક! એ પહેલાં તમે ભટકેલા હતા[૧૨૯] (૧૯૮) પછી વાત એ છે કે અય કુરેશીઓ! તમે પણ ત્યાંથી જ પરત થાઓ જ્યાંથી લોકો પરત થાય છે[૧૩૦] અને અલ્લાહ પાસે માંગો, બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૯૯) પછી જ્યારે પોતાનાં હજનાં કાર્યો પૂર્ણ કરી ચૂકો[૧૩૧] તો અલ્લાહનું ઝિક્ર કરો જેવું પોતાના બાપ-દાદાઓનું ઝિક્ર કરતા હતા[૧૩૨] બલ્કે એનાથી વધારે અને કોઇ એવું કહે છે કે અય અમારા પરવરદિગાર! અમને દુનિયામાં આપ અને આખેરતમાં એનો કંઇ ભાગ નથી (૨૦૦) અને કોઇ એવું કહે છે કે અય અમારા પાલનહાર! અમને દુનિયામાં ભલાઇ આપ અને અમને આખિરતમાં ભલાઇ આપ અને અમને દોઝખના અઝા-બથી બચાવ[૧૩૩] (૨૦૧) એવાઓને એમની કમાઇમાં ભાગ છે[૧૩૪] અને અલ્લાહ જલ્દી હિસાબ કરનાર છે[૧૩૫] (૨૦૨) અને અલ્લાહની યાદ કરો ગણેલા દિવસોમાં[૧૩૬] તો જે જલ્દી કરીને બે દિવસમાં ચાલ્યો જાય તેના પર કંઇ ગુન્હો નથી અને જે રહી જાય તેના પર (પણ) ગુન્હો

**મસઅલો** : વાદીએ મુહસ્સર સિવાય આખું મુઝદલિફા મુકામ કરવાની જગ્યા છે. એમાં મુકામ કરવો વાજિબ છે. કારણ વગર એમ ન કરવાથી જાનવર કુરબાન કરવું પડે છે અને મશઅરે હરામની પાસે મુકામ કરવો વધારે સારૂં છે.

૧૨૯. ઇબાદત અને ઝિક્રનો તરીકો વિગેરે કશું જાણતા ન હતા.

૧૩૦. કુરેશી લોકો મુઝદલિફામાંથી મુકામ ઉઠાવતા ન હતા. અને અરફાતમાં બધા લોકોની સાથે મુકામ ન કરતા હતા. જ્યારે બધા લોકો અરફાતથી પરત થયા ત્યારે તેઓ મુઝદલિફાથી પરત થતા હતા અને એમાં પોતાની મોટાઇ સમજતા હતા. આ આયતમાં તેઓને હુકમ કરવામાં આવ્યો કે બધાંની સાથે જ અરફાતમાં મુકામ કરે અને એકી સાથે જ પરત થાય. આજ હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અલયહિસ્સ-લામની સુન્નત છે.

૧૩૧. હજના તરીકાનું ટૂંકમાં બયાન આ મુજબ છે કે હાજી ૮ ઝિલહજના દિવસે મક્કા શરીફથી મિના તરફ રવાના થાય. ત્યાં અરફાના દિવસ એટલે કે ૯મી ઝિલહજ સવાર સુધી મુકામ કરે. તે જ દિવસે મિનાથી અરફાતમાં આવે. ઝવાલ પછી ઇમામ બે ખુત્બા પઢે. આ જગ્યાએ હાજી ઝોહર અને અસરની નમાઝ ઇમામની સાથે ઝોહરના સમયમાં એકઠી કરીને પઢશે. આ બન્ને નમાઝો માટે એક જ અઝાન થશે. અને તકબીરો બે પઢાશે અને બન્ને નમાઝોની વચમાં ઝોહરની સુન્નતો સિવાય બીજા નિફલ પઢવામાં ન આવે. આ નમાઝો માટે ઇમામે આઝમ જરૂરી છે. જો ઇમામે આઝમ ન હોય અથવાં ગુમરાહ કે બદમઝહબ હોય તો દરેક નમાઝ અલગ-અલગ પોત પોતાના સમયમાં પઢવામાં આવે અને અરફાતમાં સૂર્યાસ્ત સુધી

રોકાઇ જાય. પછી મુઝદલિફામાં જાય અને કુઝહ પહાડ નજીક ઉતરે. મુઝદલફામાં મગરિબ અને ઇશાની નમાઝ ઇશાના સમયમાં એકત્ર કરીને પઢે અને ફજરની નમાઝ સમય શરૂ થતાં જ અંધારામાં પઢી લે. વાદીએ મુહસ્સર સિવાય આખું મુઝદલફા અને વચલા ભાગ સિવાય આખું અરફાત મુકામ કરવાનું સ્થળ છે. જ્યારે સવાર ખૂબ પ્રકાશિત થઇ જાય ત્યારે કુરબાનીના દિવસે એટલે કે ૧૦મી ઝીલહજના દિવસે મિના તરફ આવે અને મેદાનમાં વચલા ભાગથી જમરએ અકબાને ૭ કાંકરા મારે. પછી અગર ઇચ્છે તો કુરબાની કરે, પાછો મિનામાં આવી ત્રણ દિવસ પડાવ નાંખે અને ૧૧મી તારીખે ઝવાલ પછી ત્રણે જમરાઓને કાંકરા મારે. તે જમરાથી શરૂ કરે જે મસ્જિદની નજીક છે, પછી જે એના બાદ છે તેને, પછી જમરએ અકબાને. દરેકને ૭-૭ વખતે. પછી બીજા દિવસે એવું જ કરે. પાછું ત્રીજા દિવસે એવું જ કરે પછી મક્કા શરીફમાં ચાલ્યો આવે. (વિગત ફિકહની કિતાબોમાં દર્શાવાએલી છે.)

૧૩૨. જહાલતના સમયમાં અરબો હજ પછી કાબા શરીફની પાસે પોતાના બાપ-દાદાઓની મોટાઇ બયાન કર્યા કરતા હતા. ઇસ્લામમાં બતાવવામાં આવ્યું કે આ ખ્યાતિ અને ઘમંડની વાતો બેકાર છે. એના બદલે શોખથી અલ્લાહનું ઝિક્ર કરો.

**મસઅલો** : આ આયતથી ઝિક્રે ઝહરી (જોરથી ઝિક્ર કરવું) અને ઝિક્રે જમાઅત (ભેગા મળીને ઝિક્ર કરવું) સાબિત થાય છે.

૧૩૩. દુઆ કરનારાઓના બે પ્રકાર ગણાવવામાં આવ્યા. એક તે કાફિરો જેમની દુઆમાં ફક્ત દુનિયાની માંગણી કરતા હતા. આખિરત પર તેમને શ્રદ્ધા ન હતી. તેમના વિષે ફરમાવવામાં આવ્યું કે આખિરતમાં તેમનો કશો ભાગ નથી. બીજા તે ઇમાનદારો જે પોતાની દુઆમાં દુનિયા-આખિરત બંનેનિ ભલાઇ માંગે છે.

**મસઅલો** : મોમિન જે દુનિયાની ભલાઇની માંગણી કરે છે તે પણ જાઇઝ કાર્યો તથા દીનની મજબૂતીમાં સહાય કરવા માટે હોય છે. માટે તેની એ દુઆ પણ દીનના કાર્યોમાંથી છે.

૧૩૪. **મસઅલો** : આ આયતથી સાબિત થયું કે દુઆ પણ આમાલમાં દાખલ છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઘણા વખતે આ દુઆ માંગતા રહેતા ''રબ્ના આતિના ફીદુન્યા હસનતંવ વફીલ આખિરતિ હસનતંવ વકિના અઝાબન્નાર.

૧૩૫. નજીકમાં જ કયામત કાયમ કરીને બંદાઓનો હિસાબ લેશે. માટે બન્દાઓએ ઝિક્ર, તાબેદારી અને દુઆમાં જલ્દી કરવી જોઇએ. એટલે કે વહેલી તકે આ કામોમાં લાગી જવું જોઇએ. (મદારિક અને ખાઝિન)

૧૩૬. એ દિવસોથી અય્યામે તશરીક (૯ ઝિલહજથી ૧૩ ઝિલહજ સુધીના દિવસો) અને ઝિક્રથી નમાઝો પછી તથા કાંકરા મારતી વખતે તકબીર કહેવી મુરાદ છે.

૧૩૭. અમુક તફસીર કરનારાઓનું કહેવું છે કે જહાલતના સમયે બે જાતના લોકો હતા. અમુક વહેલા નાસી જતા, અમુક મોડેથી જતા અને બંને એકબીજાના કાર્યને ગુનાહનું કાર્ય કહેતા હતા. કુરઆન શરીફે કહ્યું કે એ બેમાંથી કોઇ પણ ગુનેહગાર નથી.

૧૩૮. આ અને એની આગળની આયત અખનક બિન શરીક મુનાફિક વિષે ઉતરી. જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં હાજર થઇને ખૂબ શરમાઇ શરમાઇને મીઠી મીઠી વાતો કરતો હતો અને પોતે મુસલમાન છે અને હુઝૂર સાથે મહોબ્બત ધરાવે છે એવું જાહેર કરતો અને એના પર કસમો પણ

اثم عليه ومن تاخر فلا اثم عليه لمن اتقى
واتقوا الله واعلموا انكم اليه تحشرون ۝ ومن
الناس من يعجبك قوله في الحيوة الدنيا ويشهد
الله على ما في قلبه وهو الد الخصام ۝ واذا تولى
سعى في الارض ليفسد فيها ويهلك الحرث
والنسل والله لا يحب الفساد ۝ واذا قيل له
اتق الله اخذته العزة بالاثم فحسبه جهنم
ولبئس المهاد ۝ ومن الناس من يشري نفسه
ابتغاء مرضات الله والله رءوف بالعباد ۝
يايها الذين امنوا ادخلوا في السلم كافة ولا
تتبعوا خطوت الشيطن انه لكم عدو مبين ۝

નથી પરહેજગાર માટે[૧૩૭] અને અલ્લાહથી ડરતા રહો અને જાણી રાખો કે તમારે તેના જ તરફ ઉઠવાનું છે (૨૦૩) અને અમુક માણસ તે છે કે દુનિયાના જીવનમાં તેની વાત તને સારી લાગે[૧૩૮] અને પોતાના અંતરની વાત પર ખુદાને ગવાહ લાવે અને તે બધાંથી મોટો લડાઇખોર છે. (૨૦૪) અને જ્યારે પીઠ ફેરવે ત્યારે ધરતીમાં ફસાદ મચાવતો ફરે અને ખેતી અને જીવો (પ્રાણ) નાશ કરે અને અલ્લાહ ફસાદથી રાજી નથી (૨૦૫) અને જ્યારે તેને કહેવામાં આવે કે અલ્લાહથી ડરો તો તેને ગુનાહની વધારે ઝિદ ચઢે[૧૩૯] એવાને દોઝખ પુરતી છે અને તે જરૂર ઘણી ખરાબ પથારી છે (૨૦૬) અને કોઇ માણસ પોતાના પ્રાણ વેચે છે[૧૪૦] અલ્લાહની મરજી મેળવ્વામાં અને અલ્લાહ બન્દાઓ પર મહેરબાન છે (૨૦૭) અય ઇમાનવાળાઓ! ઇસ્લામમાં પુરા પ્રવેશો[૧૪૧] અને શયતા-નના પગલે ન ચાલો[૧૪૨] બેશક! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૨૦૮)

ખાતો અને અંદરખાનેથી ફસાદ ફેલાવવામાં મગ્ન રહેતો હતો. મુસલમાનોનાં ઢોર ઢાંખરને એણે મારી નાખ્યાં અને તેઓની ખેતીવાડીને આગ લગાવી દીધી હતી.

૧૩૯. અહીં ગુનાહનો મતલબ જુલ્મ, ઘમંડ અને નસીહત પ્રતિ ધ્યાન નહીં દેવાનો છે.

૧૪૦. **શાને નુઝૂલ** : હઝરત સુહેબ બિન સનાન રૂમી રદીયલ્લાહુ અન્હૂ મક્કા શરીફથી હિજરત કરી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં મદીના શરીફ તરફ રવાના થયા. કુરેશની એક મુશ્રિક જમાતે આપનો પીછો પકડયો. આપ સવારી પરથી નીચે ઉતરી પડયા અને ભાથામાંથી તીર કાઢી ફરમાવવા લાગ્યા, અય કુરેશ! હું જ્યાં સુધી તીર મારી મારીને બધું ભાથું ખલાસ નહીં કરી દઉં ત્યાં સુધી તમારામાંથી કોઇ મારી પાસે આવી શકશે નહીં. પછી હું મારી તલવાર હાથમાં લઇને તમારી સાથે લડીશ અને ત્યાં સુધીમાં તમારૂં ટોળું ભાજીમૂળાની જેમ કપાઇ જશે. જો તમે મારી સાથે લડાઇમાં ઉતરવા ન માંગતા હોઉ તો હું તમને મારો જે માલ મેં મક્કામાં દાટયો છે તેની નિશાની બતાવી દઉં. પેલા રાજી થઇ ગયા. આપે આપની બધી જ માલ દોલતની નિશાની તેમને બતાવી દીધી. જ્યારે તેઓ હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં હાજર થયા ત્યારે આ આયત ઉતરી. હુઝૂરે તિલાવત ફરમાવી અને કહ્યું કે તમારી આ હિમ્મત એક નફાકારક વેપાર છે.

૧૪૧. **શાને નુઝૂલ** : અહલે કિતાબમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને આપના સાથીદારો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવ્યા પછી હઝરત મૂસાની શરીઅતના અમુક હુકમો પર અમલ કરતા રહ્યા. શનિવારની ઇજજત કરતા અને તે દિવસે શિકાર કરવાથી બચતા હતા. તેમજ ઊંટના

فَإِنْ زَلَلْتُمْ مِنْ بَعْدِ مَا جَاءَتْكُمُ الْبَيِّنٰتُ فَاعْلَمُوْٓا
أَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٠٩﴾ هَلْ يَنْظُرُوْنَ إِلَّآ أَنْ
يَّأْتِيَهُمُ اللّٰهُ فِيْ ظُلَلٍ مِّنَ الْغَمَامِ وَالْمَلٰٓئِكَةُ وَقُضِيَ
الْأَمْرُ وَإِلَى اللّٰهِ تُرْجَعُ الْأُمُوْرُ ﴿٢١٠﴾ سَلْ بَنِيْٓ إِسْرَآءِيْلَ ع ٢٥ ٩
كَمْ اٰتَيْنٰهُمْ مِّنْ اٰيَةٍ بَيِّنَةٍ وَمَنْ يُّبَدِّلْ نِعْمَةَ اللّٰهِ
مِنْ بَعْدِ مَا جَآءَتْهُ فَإِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿٢١١﴾ زُيِّنَ منزل ١
لِلَّذِيْنَ كَفَرُوا الْحَيٰوةُ الدُّنْيَا وَيَسْخَرُوْنَ مِنَ الَّذِيْنَ
اٰمَنُوْا وَالَّذِيْنَ اتَّقَوْا فَوْقَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَاللّٰهُ يَرْزُقُ الوقف لازم
مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٢١٢﴾ كَانَ النَّاسُ أُمَّةً وَّاحِدَةً
فَبَعَثَ اللّٰهُ النَّبِيّٖنَ مُبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ وَأَنْزَلَ
مَعَهُمُ الْكِتٰبَ بِالْحَقِّ لِيَحْكُمَ بَيْنَ النَّاسِ فِيْمَا اخْتَلَفُوْا

અને તમારી પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા પછી પણ જો તમે ગબડી જાઓ[૧૪૩] તો જાણી લો કે અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૨૦૯) શાની રાહ જોઇ રહ્યા છે.[૧૪૪] પણ એ જ કે અલ્લાહનો અઝાબ આવે છવાએલા વાદળોમાં અને ફરિશ્તાઓ ઉતરે[૧૪૫] અને કામ (પુરૂં) થઇ જાય અને તમામ કામોનું પલટવું અલ્લાહ તરફ છે (૨૧૦) બની ઇસરાઇલને પૂછો અમે કેટલી સ્પષ્ટ નિશાનીઓ તેમને આપી[૧૪૬] અને જે અલ્લાહની આપેલી નેઅમતને બદલી નાખે[૧૪૭] તો બેશક! અલ્લાહનો અઝાબ સખ્ત છે (૨૧૧) કાફિરોની દ્રષ્ટિમાં દુનિયાનું જીવન શણગારવામાં આવ્યું[૧૪૮] અને મુસલમાનોને (જોઇને) હસે છે[૧૪૯] અને ડરવાવાળાઓ એમનાથી ઉપર હશે કયામતના દિવસે[૧૫૦] અને ખુદા આપે જેને ઇચ્છે (તેને) વગર ગણત્રીનું (૨૧૨) લોકો એક ધર્મ પર હતા[૧૫૧] પછી અલ્લાહે નબીઓ મોકલ્યા ખુશખબરી આપતા[૧૫૨] અને ડર સંભળાવતા[૧૫૩] અને તેમની સાથે સાચી કિતાબ ઉતારી[૧૫૪] કે તે લોકોમાં એમના

દૂધ અને માંસથી પણ દૂર રહેતા હતા અને વિચારતા કે આ બાબતો ઇસ્લામમાં માત્ર મુબાહ છે. એમનું કરવું જરૂરી તો નથી અને તવરાતમાં એનાથી બચવાનું જરૂરી કહેવામાં આવ્યું છે. તો એને છોડવામાં ઇસ્લામનો વિરોધ પણ નથી અને હઝરત મૂસાની શરીઅત પર પણ અમલ થશે, ત્યારે આ આયત ઉતરી. અને ફરમાવવામાં આવ્યું કે ઇસ્લામના એહકામનું સંપૂર્ણપણે પાલન કરો. એટલે કે તવરાતના હુકમ મન્સૂખ થઇ ચૂક્યા. હવે તેના પર અમલ ન કરો. (ખાઝિન)

૧૪૨. એના વસવસાઓ અને શંકાઓમાં ન ફસાઓ.

૧૪૩. અને સ્પષ્ટ દલીલો હોવા છતાં ઇસ્લામના માર્ગથી વિરોધી ચાલ ચાલો.

૧૪૪. ઇસ્લામ ધર્મને અખત્યાર ન કરનાર અને શયતાનની તાબેદારી કરનારાઓ.

૧૪૫. જે અઝાબ આપવા નિયુક્ત કરાએલ છે.

૧૪૬. કે તેમના અમ્બિયાના મુઅજિઝાઓને તેમની નુબુવ્વતની સત્યતા પર દલીલ બનાવ્યા. તેમનાં ફરમાનો અને કિતાબોને દીને ઇસ્લામની સચ્ચાઇના સાક્ષી બનાવ્યાં.

૧૪૭. અલ્લાહની નેઅમતથી અલ્લાહની આયતો મુરાદ છે. જે હિદાયત માટે કારણરૂપ છે અને એના કારણે ભટકી જવાની બીક રહેતી નથી. એમાંથી જ તે આયતો પણ છે જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વખાણ અને હુઝૂરની નુબુવ્વત અને રિસાલતનું બયાન છે. યહૂદીઓ અને નસારાનું એમાં ફેરફાર કરવું આ નેઅમતને બદલી નાખવા સમાન છે.

૧૪૮. જેથી તેઓ એની જ કદર કરે છે અને એના માટે જ જીવ આપવા તૈયાર થાય છે.

فِيْهِ ۚ وَمَا اخْتَلَفَ فِيْهِ اِلَّا الَّذِيْنَ اُوْتُوْهُ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ بَغْيًۢا بَيْنَهُمْ ۚ فَهَدَى اللّٰهُ الَّذِيْنَ
اٰمَنُوْا لِمَا اخْتَلَفُوْا فِيْهِ مِنَ الْحَقِّ بِاِذْنِهٖ ؕ وَاللّٰهُ يَهْدِيْ
مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٢١٣﴾ اَمْ حَسِبْتُمْ اَنْ
تَدْخُلُوا الْجَنَّةَ وَلَمَّا يَاْتِكُمْ مَّثَلُ الَّذِيْنَ
خَلَوْا مِنْ قَبْلِكُمْ ؕ مَسَّتْهُمُ الْبَاْسَآءُ وَالضَّرَّآءُ
وَزُلْزِلُوْا حَتّٰى يَقُوْلَ الرَّسُوْلُ وَالَّذِيْنَ اٰمَنُوْا
مَعَهٗ مَتٰى نَصْرُ اللّٰهِ ؕ اَلَاۤ اِنَّ نَصْرَ اللّٰهِ قَرِيْبٌ ﴿٢١٤﴾
يَسْـَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ ؕ قُلْ مَاۤ اَنْفَقْتُمْ مِّنْ
خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ وَالْيَتٰمٰى وَ
الْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ ؕ وَمَا تَفْعَلُوْا مِنْ

**મતભેદોનો ફેંસલો કરી આપે અને કિતાબમાં મતભેદ તેઓએ જ નાખ્યો જેમને આપવામાં આવી હતી[૧૫૫] એમના પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા પછી[૧૫૬] અંદર અંદરની હઠના કારણે, તો અલ્લાહે ઇમાનવાળાઓને તે સત્ય વાત જણાવી દીધી જેમાં ઝઘડી રહ્યા હતા. પોતાના હુકમથી અને અલ્લાહ જેને ઇચ્છે (તેને) સીધો માર્ગ દેખાડે (૨૧૩) શું એ ગુમાનમાં છો કે જન્નતમાં ચાલ્યા જશો અને હજુ તમારા પર આગલાઓ જેવો બનાવ નથી આવ્યો[૧૫૭] તેઓને સખ્તી અને કઠણતા પહોંચી અને ડગમગ ડગમગ કરી નાખવામાં આવ્યા એટલા સુધી કે રસૂલ બોલી ઉઠયા[૧૫૮] અને એમની સાથેના ઇમાનવાળાઓ (પણ) ક્યારે આવશે અલ્લાહની મદદ[૧૫૯] સાંભળી લો બેશક! અલ્લાહની મદદ નજીક છે (૨૧૪) તમને પૂછે છે[૧૬૦] શું ખર્ચ કરીએ તમે ફરમાવો જે કંઇ માલ નેકીમાં ખર્ચો તો (તે) મા-બાપ અને નજીકના સગાંઓ અને યતીમો અને મોહતાજો અને મુસાફરો માટે છે અને**

૧૪૯. અને દુનિયાના સામાન (માલ દૌલત) પ્રતિ એમની ઉદાસીનતા જોઇને એમના પર હસે છે. જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ. અમ્માર બિન યાસિર, સુહેબ અને બિલાલ વિ. સહાબા (રદીયલ્લાહુ અન્હુમ) ને જોઇને કાફિરો એમની મઝાક ઉડાવે છે. અને દુનિયાના ધન દોલતના ઘમંડમાં પોતાને ઉચ્ચ સમજતા હતા.

૧૫૦. એટલે કે ઇમાનદાર કયામતના દિવસે ઉચ્ચ જન્નતોમાં હશે અને ઘમંડી કાફિરો જહન્નમમાં બેઇજજત થશે.

૧૫૧. હઝરત આદમ અલયહિસ્સલામથી હઝરત નૂહ અલયહિસ્સલામના સમય સુધી બધા લોકો એક ધર્મ અને એક શરીઅત પર હતા. પછી જ્યારે તેઓમાં મતભેદ પડયો ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત નૂહ અલયહિસ્સલામને મોકલ્યા. તેઓ પ્રથમ રસૂલ (નવી શરીઅત લાવનાર) છે. (ખાઝિન)

૧૫૨. ઇમાનદારો અને તાબેદારોને સવાબની. (મદારિક, ખાઝિન)

૧૫૩. કાફિરો અને તાબેદારી ન કરનારાઓને અઝાબનો. (ખાઝિન)

૧૫૪. જેવી રીતે કે હઝરત આદમ, હઝરત શીસ, હઝરત ઇદરીસ (અલયહિમુસ્સલામ) પર સહીફાઓ અને હઝરત મૂસા પર તવરાત, હઝરત દાવૂદ પર ઝબૂર, હઝરત ઇસા પર ઇન્જીલ (અલયહિમુસ્સલામ) અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર કુરઆન મજીદ.

૧૫૫. આ મતભેદ આકાશી પુસ્તકોમાં હેરફેર અને કુફ્ર તથા ઇમાન વગેરેનો હતો જે યહૂદીઓ અને નસારાએ કર્યો. (ખાઝિન)

જે ભલાઇ કરો[૧૬૧] બેશક! અલ્લાહ તેને જાણે છે[૧૬૨] (૨૧૫) તમારા પર ફર્ઝ થયું અલ્લાહના માર્ગમાં લડવું અને એ તમને નાપસંદ છે[૧૬૩] અને નજીક છે કે કોઇ વાત તમને અણગમતી લાગે અને તે તમારા માટે સારી હોય અને નજીક છે કે કોઇ વાત તમને ગમે અને તે તમારા માટે ખરાબ હોય અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા[૧૬૪] (૨૧૬) તમને પૂછે છે હરામ માસમાં લડવાનો હુકમ[૧૬૫] તમે ફરમાવો એમાં લડવું મહાન ગુન્હો છે[૧૬૬] અને અલ્લાહના માર્ગથી રોકવું અને તેના પર ઇમાન ન લાવવું અને મસ્જિદે હરામથી રોકવું અને એના રહેવાસીઓને કાઢી મૂકવા[૧૬૭] અલ્લાહ પાસે આ (બધા) ગુનહા તેનાથી પણ મોટા છે અને તેમનો ફસાદ[૧૬૮] કત્લ (કરવા)થી (પણ) વધારે સખ્ત છે[૧૬૯] અને હમેશાં તમારી સાથે લડતા રહેશે ત્યાં સુધી કે જો બની શકે તો તમને તમારા દીનથી ફેરવી નાખે[૧૭૦] અને તમારામાં જે કોઇ પોતાના દીનથી ફરી જાય પછી કાફિર થઇને મરે તો તે લોકોનું કરેલું નિષ્ફળ ગયું દુનિયામાં અને આખિરતમાં[૧૭૧] અને તેઓ દોઝખવાળા છે, તેઓને તેમાં હમેશાં રહેવાનું (છે) (૨૧૭)



خير فإن الله به عليم ﴿٢١٥﴾ كتب عليكم القتال
وهو كره لكم وعسى أن تكرهوا شيئا وهو خير
لكم وعسى أن تحبوا شيئا وهو شر لكم والله يعلم
وأنتم لا تعلمون ﴿٢١٦﴾ يسألونك عن الشهر الحرام
قتال فيه قل قتال فيه كبير وصد عن سبيل
الله وكفر به والمسجد الحرام وإخراج أهله
منه أكبر عند الله والفتنة أكبر من القتل و
لا يزالون يقاتلونكم حتى يردوكم عن دينكم
إن استطاعوا ومن يرتدد منكم عن دينه
فيمت وهو كافر فأولئك حبطت أعمالهم في الدنيا
والآخرة وأولئك أصحاب النار هم فيها خالدون ﴿٢١٧﴾

૧૫૬. એટલે કે આ મતભેદ નાદાનીના કારણે ન હતો બલ્કે

૧૫૭. અને જેવી મુસીબતો તેમના પર આવી છે તેવી હજુ તમારા પર નથી આવી.

**શાને નુઝૂલ** : આ આયત અહઝાબની લડાઇ વખતે ઉતરી, જ્યાં મુસલમાનોને ઠંડી અને ભૂખ વિગેરેની સખ્ત તકલીફો પડી હતી. આમાં તેઓને સબ્રનો પાઠ ભણાવાયો છે અને બતાવવામાં આવ્યુ છે કે ખુદાના માર્ગમાં તકલીફો ઉઠાવવી એ અલ્લાહના ખાસ બન્દાઓની પ્રથમથી જ પ્રણાલિકા ચાલી આવી છે. હજુ તો તમને આગલાઓ જેવાં દુઃખો પડયાં પણ નથી.

બુખારી શરીફમાં હઝરત ખબ્બાબ બિન ઇરત રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કાબા શરીફના છાંયડામાં પોતાની ચાદર મુબારકનો તકિયો બનાવી આરામ ફરમાવી રહ્યા હતા. અમે વિનંતી કરી કે હુઝૂર! અમારા માટે કેમ દુઆ ફરમાવતા નથી? શા માટે અમારી સહાય કરતા નથી? ફરમાવ્યું, તમારાથી પહેલાં લોકો પકડી લેવામાં આવતા હતા. જમીનમાં ખાડા ખોદી તેમાં દાટી દેવામાં આવતા હતા, કરવત વડે ચીરીને તેમના બે ટુકડા કરવામાં આવતા હતા અને લોઢાના દાંતાઓથી તેમનું માંસ ખેંચવામાં આવતું હતું અને આમાંની કોઇ પણ મુસીબત તેમને પોતાના ધર્મ પર અમલ કરવાથી રોકી શકતી ન હતી.

૧૫૮. અર્થાત તકલીફો એટલી હદે પહોંચી ગઇ કે તે ઉમ્મતોના રસૂલ અને તેમના તાબેદાર મોમિનો પણ સહાય માંગવામાં ઉતાવળ કરવા માંડયા. જો કે રસૂલ અને તેમના અસ્હાબ ઘણા સબરવાળા હોય છે. આટલી હદ દરજ્જાની મુસીબત પડવા છતાં તે લોકો પોતાના દીન પર અટલ રહ્યા અને કોઇ પણ મુસીબત

سيقول ٢ — البقرة ٢

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَاجَرُوا وَجَاهَدُوا
فِي سَبِيلِ اللَّهِ أُولَٰئِكَ يَرْجُونَ رَحْمَتَ اللَّهِ وَاللَّهُ
غَفُورٌ رَحِيمٌ ﴿٢١٨﴾ يَسْأَلُونَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ قُلْ
فِيهِمَا إِثْمٌ كَبِيرٌ وَمَنَافِعُ لِلنَّاسِ وَإِثْمُهُمَا أَكْبَرُ
مِنْ نَفْعِهِمَا وَيَسْأَلُونَكَ مَاذَا يُنْفِقُونَ قُلِ
الْعَفْوَ كَذَٰلِكَ يُبَيِّنُ اللَّهُ لَكُمُ الْآيَاتِ لَعَلَّكُمْ
تَتَفَكَّرُونَ ﴿٢١٩﴾ فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَيَسْأَلُونَكَ عَنِ
الْيَتَامَىٰ قُلْ إِصْلَاحٌ لَهُمْ خَيْرٌ وَإِنْ تُخَالِطُوهُمْ
فَإِخْوَانُكُمْ وَاللَّهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ وَلَوْ
شَاءَ اللَّهُ لَأَعْنَتَكُمْ إِنَّ اللَّهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٢٢٠﴾ وَلَا
تَنْكِحُوا الْمُشْرِكَاتِ حَتَّىٰ يُؤْمِنَّ وَلَأَمَةٌ مُؤْمِنَةٌ

તેઓ જે ઇમાન લાવ્યા અને તે જેઓએ અલ્લાહ માટે પોતાનાં ઘરબાર છોડયાં અને અલ્લાહના માર્ગમાં લડયા તેઓ અલ્લાહની રહમતના ઉમેદવાર છે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૧૭૨] (૨૧૮) તમને દારૂ અને જુગારનો હુકમ પૂછે છે, તમે ફરમાવી દો કે એ બન્નેમાં મોટા ગુન્હા છે અને લોકોના અમુક દુનિયાના ફાયદા પણ, અને એમનો ગુન્હો એમના ફાયદાથી મોટો છે[૧૭૩] અને તમને પૂછે છે શું ખર્ચ કરીએ[૧૭૪] તમે ફરમાવો જે વધારો હોય[૧૭૫] આવી જ રીતે અલ્લાહ તમને આયતો બયાન ફરમાવે છે કે ક્યાંક તમે વિચારીને કરો (૨૧૯) દુનિયા અને આખેરતનાં કામ[૧૭૬] અને તમને યતીમોનો મસઅલો પૂછે છે[૧૭૭] નમે ફરમાવો કે તેમનું ભલુ કરવું સારૂં છે અને જો તમારો તેમનો ખર્ચ ભેગો કરો તો તેઓ તમારા ભાઇ છે, અને ખુદા સારી રીતે જાણે છે બગાડ-નારને સુધારનારથી, અને અલ્લાહ ઇચ્છતે તો તમને તકલીફમાં નાખતે, બેશક! અલ્લાહ ઝબરદસ્ત હિકમત-વાળો છે (૨૨૦) અને શિર્કવાળી સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો જ્યાં સુધી મુસલમાન ન બની જાય[૧૭૮] અને બેશક!

કે બલા તેઓને તેમની હાલત પરથી ચલિત ન કરી શકી.

૧૫૯. આના જવાબમાં તેઓને શાંત્વન આપવામાં આવ્યું અને ફરમાવ્યું કે

૧૬૦. શાનેનુઝૂલ : આ આયત અમ્ર બિન જમૂહના જવાબમાં ઉતરી. જેઓ વૃદ્ધ અને ઘણા માલદાર હતા. તેઓએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને પ્રશ્ન કર્યો હતો કે શું ખર્ચ કરીએ? અને કોના માટે ખર્ચ કરીએ? આ આયતમાં તેઓને બતાવવામાં આવ્યુ કે જે પ્રકારનો અને જેટલો માલ થોડો કે વધારે ખર્ચ કરો તેમાં સવાબ છે અને ખર્ચ કરવાની જગ્યાઓ આ છે.

**મસઅલો** : આયતમાં નિફલ સદકાઓનું બયાન છે. કારણ કે મા-બાપને ઝકાત અને વાજિબ સદકાઓ આપવા જાઇઝ નથી. (જુમલ)

૧૬૧. આ હુકમ તમારી નેકીઓ માટે છે. માલ ખર્ચ કરીને હોય કે બીજી રીતે, વાપરવાની તમામ જગ્યાઓ આમાં આવી જાય છે.

૧૬૨. માટે એનો બદલો આપશે.

૧૬૩. એની શરતો લાગુ પડતી હોય તો જિહાદ ફર્ઝ છે. જો કાફિરો મુસલમાનોના દેશ પર ચઢાઇ કરે તો જિહાદ ફર્ઝે ઐન થાય છે, નહીં તો ફર્ઝે કિફાયા.

૧૬૪. કે તમારા માટે શું બેહતર છે. માટે તમારા માટે તો એ જ હિતાવહ છે કે અલ્લાહના હુકમનું પાલન કરો અને એને જ બેહતર સમજો, ભલે પછી તે તમને પોતાના પર ભારે લાગે.

૧૬૫. **શાને નુઝૂલ** : હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અબ્દુલ્લાહ બિન જહશની

સરદારીમાં એક સૈન્ય મોકલ્યું હતું. તેઓએ મુશ્રિકો સાથે યુદ્ધ કર્યું. તેઓનો ખ્યાલ હતો કે તે દિવસ જમાદીયુલ આખિરનો છેલ્લો દિવસ છે. પણ વાસ્તવમાં ૨૯નો ચાંદ દેખાવાથી તે રજબનો પ્રથમ દિવસ હતો, ત્યારે મુશ્રિકોએ મુસલમાનોને બદનામ કરવા માંડયા કે તમે હરામ માસમાં લડાઇ કરી, જ્યારે હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમને આ વિષે પ્રશ્નો પૂછાવા માંડયા, ત્યારે આ આયત ઉતરી.

૧૬૬. પણ સહાબાએ કિરામથી આ ગુન્હો થયો જ નથી, કારણ કે તેઓને ચાંદ ઉગવાની ખબર જ નહોતી. તેઓના નજીક તે દિવસ હરામ રજબનો ન હતો.

**મસઅલો** : હરામ મહિનાઓમાં યુદ્ધ ન કરવાનો હુકમ ''ઉકતુલુલ મુશ્રિકીન હયસુ વજદતુમ' (મુશ્રિકોને જુઓ ત્યાં મારો) વાળી આયતથી મુન્સૂખ થઇ ગયો.

૧૬૭. જે મુશ્રિકોએ કર્યું, કે તેઓએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને આપના સહાબાને હુદેબિયહવાળા વર્ષે કાબા શરીફમાં પ્રવેશવાથી રોક્યા. અને આપના મક્કા નિવાસ દરમ્યાન આપને અને સહાબાને એટલી તકલીફો પહોંચાડી કે આપને અને સહાબાને ત્યાંથી હિજરત કરવી પડી.

૧૬૮. એટલે કે મુશ્રિકોનો ફસાદ કે તેઓ શિર્ક કરે છે અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તથા સહાબાને મસ્જિદે હરામમાં જવાથી રોકે છે અને પ્રકાર પ્રકારની ઇજાઓ આપે છે.

૧૬૯. કારણ કે કત્લ કરવાની તો અમુક પરિસ્થિતિમાં છુટ છે. પણ કુફ્ર કરવાની કોઇ પણ હાલતમાં રજા નથી અને આ બનાવમાં તારીખનું શકવર્તી હોવું યોગ્ય કારણ છે. જ્યારે કાફિરો માટે તો કોઇ કારણ જ નથી.

૧૭૦. આમાં ખબર આપવામાં આવી છે કે કાફિરો હમેશાં મુસલમાનો સાથે શત્રુતા રાખશે. કોઇપણ સમયમાં એના વિરૂદ્ધ નહી થાય અને જ્યાં સુધી એમનાથી બની શકશે ત્યાં સુધી મુસલમાનોને એમના દીનથી ફેરવી નાખવાના પ્રયત્નો કરશે અને 'ઇનિસ્તતાઉ' (બની શકે તો)થી જાણવા મળે છે કે અલ્લાહના કરમથી તેઓ પોતાની આ મુરાદમાં નિષ્ફળ રહેશે.

૧૭૧. **મસઅલો** : આ આયતથી સાબિત થયું કે ઇસ્લામથી ફરી જવાના કારણે (મુરતદ થઇ જવાથી) તમામ અમલો રદ થઇ જાય છે. આખિરતમાં એના પર કોઇ સવાબ મળશે નહિ અને દુનિયામાં શરીઅત મુરતદને કત્લ કરવાનો હુકમ આપે છે. તેની પત્ની તેના માટે હલાલ રહેતી નથી. તે પોતાના સગા સંબંધીઓનો વારસો મેળવવા હકદાર રહેતો નથી. તેનો માલ હિફાઝતમાં ઇસ્લામી હુકુમત રાખતી નથી. તેના વખાણ કરવા કે તેની સહાય કરવી જાઇઝ નથી. (રૂહુલ બયાન વિગેરે)

**૧૭૨. શાને નુઝૂલ** : હઝરત અબ્દુલ્લાહ બિન જહશની સરદારીમાં જે સૈન્ય મોકલવામાં આવ્યું હતું. તેમના વિષે અમુક લોકોએ કહ્યું કે તેમને ખબર ન હતી કે આ રજબનો દિવસ છે, માટે તે દિવસે લડાઇ કરવાથી તેઓને ગુન્હો તો નહિ થાય પણ સવાબ પણ નહીં મળે, ત્યારે આ આયત ઉતરી કે તેમનો આ જિહાદ મકબૂલ છે અને તેઓએ રહમતે ઇલાહી માટે આશાવાદી રહેવું જોઇએ, અને એ આશા સાચે સાચ પૂર્ણ થશે. (ખાઝિન)

**મસઅલો** : 'યરજુન'ના શબ્દથી સાબિત થાય છે કે અમલથી બદલો વાજિબ થતો નથી પણ સવાબ આપવો એ અલ્લાહની મહેરબાની માત્ર છે.

૧૭૩. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે દારૂનું એક ટીપું જો કોઇ કૂવામાં પડી જાય. પછી તે કૂવા પર મીનારો ચણવામાં આવે તો હું તે મીનારા પર અઝાન ન પઢું, અને જો દરિયામાં એનું ટીપું પડી

જાય પછી તે દરિયો સુકાઇ જાય, ત્યાં ઘાસ ઉગે તો હું મારા જાનવરોને તે ઘાસ ચરાવું નહિ. સુબ્હાનલ્લાહ! ગુન્હાની કેટલી ધૃણા છે. અલ્લાહ તઆલા આપણને એમની તાબેદારી નસીબ કરે.

દારૂ ૩ હિ.સ.માં અહઝાબના યુદ્ધ પછી થોડા દિવસોએ હરામ કરવામાં આવ્યું ત્યાર પહેલાં એ દર્શાવવામાં આવ્યું હતું કે જુગાર અને દારૂનો ગુન્હો એમના ફાયદા કરતાં ઘણો વધારે છે. ફાયદો તો એ જ છે કે દારૂથી અમુક મસ્તી પેદા થાય છે અને એના વેપારથી પૈસા ટકાનો ફાયદો થાય છે. અને જુગારથી કદી મફતનો માલ હાથ લાગે છે. પણ એનાથી વિરૂદ્ધ ખરાબીઓ તો ગણત્રી વગરની છે. બુદ્ધિનું જતું રહેવું, ગૈરત અને ખાનદાનીનું જતું રહેવું, ઇબાદતો ખોવી, લોકો સાથે દુશ્મની, દરેકની નઝરમાં બેઇજ્જત બનવું, પૈસા ટકાની બરબાદી વગેરે.

એક રિવાયતમાં છે કે હઝરત જિબ્રઇલ અમીન અલયહિસ્સલામે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કહ્યું કે અલ્લાહ તઆલાને હઝરત જઅફરે તય્યારની ચાર ટેવો પસંદ છે. હુઝૂરે હઝરત જઅફરને પૂછયું ત્યારે તેઓએ કહ્યું કે એક તો એ કે મેં કદી દારૂ પીધો નથી, એટલે કે હરામ જાહેર થતાં પહેલાં પણ, અને એનું કારણ એ હું જાણતો હતો કે એનાથી બુદ્ધિ જતી રહે છે. અને મારી ઇચ્છા તો એ હતી કે મારી બુદ્ધિ વધારે ધારદાર બને, બીજી ટેવ એ કે જહાલતના સમયે પણ મેં કદી મૂર્તિ પૂજા કરી નથી, કારણ કે હું જાણતો હતો કે આ તો માત્ર એક પથ્થર છે જે ફાયદો કે નુકસાન કશું આપી શકતો નથી. ત્રીજી આદત એ કે હું કદી ઝિનામાં પરોવાયો નથી. કારણ કે એ બેગૈરતીનું કામ છે. ચોથી ખસલત એ કે હું કદી જૂઠ નથી બોલ્યો. કારણ કે હું એને હલકી કોટીનું લક્ષણ સમજતો હતો.

**મસઅલો** : શતરંજ, તાસ વિ. અને જેના પર શરત લગાડવામાં આવે તે તમામ હારજીતની રમતો જુગારમાં ગણાય છે. (રૂહુલ બયાન)

૧૭૪. **શાને નુઝૂલ** : હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મુસલમાનોને સદકો આપવાનો શોખ અપાવ્યો, તો આપને પૂછવામાં આવ્યું કે પ્રમાણ બતાવો, કેટલો માલ અલ્લાહના માર્ગમાં આપવામાં આવે, ત્યારે આ આયત ઉતરી. (ખાઝિન)

૧૭૫. એટલે કે જેટલો તમારી જરૂર કરતાં વધારે હોય, ઇસ્લામની શરૂઆતમાં જરૂર કરતાં વધારે હોય તે બધા માલને ખુદાના માર્ગમાં ખર્ચી નાખવાનું ફર્ઝ હતું. સહાબા પોતાના માલમાં પોતાની આવશ્યકતા અનુસાર રહેવા દઇને બાકી રાહે ખુદામાં ખૈરાત કરી દેતા હતા. આ હુકમ ઝકાતની આયત ઉતર્યા પછી મન્સૂખ થઇ ગયો.

૧૭૬. કે જેટલું તમારી દુનિયાની જરૂરત માટે પુરતું હોય તે રાખી લઇને બીજું આખિરતના ફાયદા માટે ખૈરાત કરી આપો. (ખાઝિન)

૧૭૭. કે તેમના માલને પોતાના માલમાં ભેગો કરી દેવાનો શું હુકમ છે.

**શાને નુઝૂલ** : જ્યારે "ઇન્નલ્લઝીન યઅકુલુન અમવાલલ યતામા ઝુલમન" વાળી આયત ઉતરી કે જેમાં યતીમોનો માલ ખાઇ જનારાઓને સખ્ત સજા કરવામાં આવશે એવું બયાન છે. ત્યાર પછી તે લોકોએ જે યતીમોનો વહીવટ કરતા હતા, યતીમોનો માલ પોતાના માલથી અલગ કરી દીધો અને તેઓનું ખાવા-પીવાનું અલગ કરી દીધું, એમાં એવું પણ બન્યું કે જે જમણ યતીમ માટે બનાવ્યું તેમાંથી જે વધ્યું તે ખરાબ થઇ ગયું અને કોઇના કામ ન લાગ્યું. આમાં યતીમોનું નુકસાન થયું. આ જોઇને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને વિનંતિ કરી કે યતીમના માલની હિફાઝત ખાતર

મુસલમાન લોંડી મુશ્રિક સ્ત્રીથી સારી છે[૧૭૯] ભલે પછી તેણી (મુશ્રિકા) તમને પસંદ હોય, અને મુશ્રિકોના નિકાહમાં ન આપો જ્યાં સુધી તેઓ ઇમાન ન લાવે[૧૮૦] અને બેશક! મુસલમાન ગુલામ મુશ્રિકથી સારો છે ભલે પછી તે (મુશ્રિક) તમને ગમતો હોય તેઓ દોઝખ તરફ બોલાવે છે[૧૮૧] અને અલ્લાહ જન્નત અને બખ્શિશ તરફ બોલાવે છે પોતાના હુકમથી અને પોતાની આયતો લોકો માટે બયાન કરે છે કે ક્યાંક તેઓ નસીહત માને (૨૨૧) અને તમને હૈઝનો હુકમ પૂછે છે[૧૮૨] તમે ફરમાવો તે નાપાકી છે તો સ્ત્રીઓથી અલગ રહો હૈઝ દરમ્યાન અને એમનાથી નિકટતા ન કરો જ્યાં સુધી કે પાક ન થઇ જાય, પછી જ્યારે પાક થઇ જાય ત્યારે એમની પાસે જાઓ જ્યાંથી તમને અલ્લાહે હુકમ આપ્યો, બેશક! અલ્લાહ પસંદ કરે છે ખૂબ તવબહ કરનારાઓને અને પસંદ કરે છે સ્વચ્છ રહેનારાઓને (૨૨૨) તમારી સ્ત્રીઓ તમારા માટે ખેતી છે, તો પોતાની ખેતીમાં જે રીતે ઇચ્છો આવો[૧૮૩] અને પોતાના ભલાનું કામ પ્રથમ કરો[૧૮૪] અને અલ્લાહથી ડરતા રહો અને જાણી રાખો કે તમારે તેને મળવાનું છે અને અય મહબૂબ! ઇમાનવાળાઓને ખુશખબર આપો (૨૨૩) અને અલ્લાહને પોતાના સોગંદોનું નિશાન ન

البقرة ٢ سيقول ٢

خَيْرٌ مِّن مُّشْرِكَةٍ وَلَوْ أَعْجَبَتْكُمْ وَلَا تُنكِحُوا الْمُشْرِكِينَ
حَتَّىٰ يُؤْمِنُوا وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّن مُّشْرِكٍ وَلَوْ
أَعْجَبَكُمْ أُولَٰئِكَ يَدْعُونَ إِلَى النَّارِ وَاللَّهُ يَدْعُو
إِلَى الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِإِذْنِهِ وَيُبَيِّنُ آيَاتِهِ لِلنَّاسِ
لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٢٢١﴾ وَيَسْأَلُونَكَ عَنِ الْمَحِيضِ
قُلْ هُوَ أَذًى فَاعْتَزِلُوا النِّسَاءَ فِي الْمَحِيضِ وَلَا
تَقْرَبُوهُنَّ حَتَّىٰ يَطْهُرْنَ فَإِذَا تَطَهَّرْنَ فَأْتُوهُنَّ
مِنْ حَيْثُ أَمَرَكُمُ اللَّهُ إِنَّ اللَّهَ يُحِبُّ التَّوَّابِينَ
وَيُحِبُّ الْمُتَطَهِّرِينَ ﴿٢٢٢﴾ نِسَاؤُكُمْ حَرْثٌ لَّكُمْ فَأْتُوا
حَرْثَكُمْ أَنَّىٰ شِئْتُمْ وَقَدِّمُوا لِأَنفُسِكُمْ وَاتَّقُوا اللَّهَ
وَاعْلَمُوا أَنَّكُم مُّلَاقُوهُ وَبَشِّرِ الْمُؤْمِنِينَ ﴿٢٢٣﴾ وَلَا تَجْعَلُوا

વહીવટદારો તેના માલને પોતાના માલમાં ભેગો કરીને વાપરે તો શું વાંધો છે? ત્યારે આ આયત ઉતરી અને યતીમોના ફાયદા ખાતર ભેગું કરવાની રજા આપવામાં આવી.

૧૭૮. **શાને નુઝૂલ** : હઝરત મરસદ ગનવી એક બહાદૂર માણસ હતા. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેઓને એટલા માટે મક્કા મોકલ્યા કે ત્યાંથી કોઇ યુક્તિ કરીને બધા મુસલમાનોને કાઢી લાવે. ત્યાં ઇનાક નામની મુશ્રિક સ્ત્રી હતી જે જહાલતના સમયમાં એમની સાથે પ્રેમમાં હતી. રૂપાળી અને ધનવાન હતી. જ્યારે તેણીને એમના આગમનની ખબર થઇ ત્યારે એમની પાસે આવી અને સમાગમની ઇચ્છા દર્શાવી, હઝરત મરસદે ખુદાના ખોફથી એનો ઇન્કાર કર્યો અને કહ્યું કે, ઇસ્લામ આ બાબતની રજા આપતો નથી. ત્યારે તેણીએ નિકાહની ઇચ્છા દર્શાવી, આપે જવાબ આપ્યો કે એ વાત પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની આજ્ઞા પર આધારિત છે. પોતાનું કામ પતાવીને જ્યારે તેઓ હુઝૂરની સેવામાં હાજર થયા ત્યારે વિગત દર્શાવીને નિકાહ વિષે પૂછયું , ત્યારે આ આયત ઉતરી. (તફસીરે અહમદી) અમુક આલિમોએ કહ્યું કે, જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે કુફ્ર કરે તે મુશ્રિક છે. ભલે તે ખુદાને એક માનતો હોય અને તવહીદનો દાવેદાર હોય. (ખાઝિન)

૧૭૯. **શાને નુઝૂલ** : એક દિવસ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ કોઇ ભૂલસર પોતાની લોંડીને તમાચો માર્યો, પછી હુઝૂરની સેવામાં હાજર થઇને હકીકત કહી જણાવી. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેની હાલત વિષે પૂછપરછ કરી. તેઓએ કહ્યું કે તેણી ખુદાની વહદાનિયત અને આપની રિસાલ-તની ગવાહી આપે છે, રમઝાનના રોઝા રાખે છે, ખૂબ વુઝૂ કરે છે અને નમાઝ પઢે છે. હુઝૂરે ફરમાવ્યું,

بنالی લો[૧૮૫] કે એહસાન અને પરહેઝગારી અને લોકોમાં સુલેહ કરવાની કસમ ખાઇ લો, અને અલ્લાહ સાંભળે જાણે છે (૨૨૪) અલ્લાહ તમને નથી પકડતો તે કસમોમાં જે વગર ઇરાદે જબાનથી નીકળી જાય. હા! તેના પર પકડ કરે છે જે કામ તમારા દિલોએ કર્યું[૧૮૬] અને અલ્લાહ માફ કરનાર ધીરજવાન છે (૨૨૫) તેઓ જે કસમ ખાઇ બેસે છે પોતાની સ્ત્રીઓ પાસે જવાની તેઓને ચાર મહિનાની મેહતલ છે, જો આ મુદ્દત દરમ્યાન ફરી આવે તો અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૨૬) અને જો છોડી દેવાનો ઇરાદો પાકો કરી લીધો તો અલ્લાહ સાંભળે જાણે છે[૧૮૭] (૨૨૭) અને તલાકવાળીઓ પોતાના જીવને ત્રણ હૈઝ સુધી રોકી રાખે[૧૮૮] અને તેણીઓને હલાલ નથી કે છુપાવે તે જે અલ્લાહે એમના પેટમાં પેદા કર્યું[૧૮૯] જો અલ્લાહ અને કયામત પર ઇમાન ધરાવતી હોય[૧૯૦] અને તેણીઓના પતિઓને આ મુદ્દતની અંદર ફરી રાખી લેવાનો હક પહોંચે છે જો મેળાપ ઇચ્છતા હોય (તો)[૧૯૧] અને સ્ત્રીઓનો પણ હક એવો જ છે જેવો એમના પર છે

سيقول ٢ — البقرة

اللّٰهَ عُرْضَةً لِّاَيْمَانِكُمْ اَنْ تَبَرُّوْا وَتَتَّقُوْا وَتُصْلِحُوْا
بَيْنَ النَّاسِ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٢٤﴾ لَا يُؤَاخِذُكُمُ
اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا
كَسَبَتْ قُلُوْبُكُمْ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿٢٢٥﴾ لِلَّذِيْنَ
يُؤْلُوْنَ مِنْ نِّسَآئِهِمْ تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍ فَاِنْ
فَآءُوْ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٢٦﴾ وَاِنْ عَزَمُوا الطَّلَاقَ
فَاِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٢٧﴾ وَالْمُطَلَّقٰتُ يَتَرَبَّصْنَ
بِاَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوْٓءٍ وَلَا يَحِلُّ لَهُنَّ اَنْ يَّكْتُمْنَ
مَا خَلَقَ اللّٰهُ فِيْٓ اَرْحَامِهِنَّ اِنْ كُنَّ يُؤْمِنَّ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَبُعُوْلَتُهُنَّ اَحَقُّ بِرَدِّهِنَّ فِيْ
ذٰلِكَ اِنْ اَرَادُوْٓا اِصْلَاحًا وَلَهُنَّ مِثْلُ الَّذِيْ

તેણી મોમિના છે. ત્યારે તેઓએ કહ્યું કે, તે જાતેપાકની સોગંદ જેણે આપને સાચા નબી બનાવીને મોકલ્યા છે, હું તેણીને આઝાદ કરીને તેણી સાથે નિકાહ કરી લઇશ. પછી તેઓએ એવું જ કર્યું, ત્યારે લોકો તેમને મ્હેણાં મારવા લાગ્યા કે એક કાળી કલોટી લોંડી સાથે નિકાહ કર્યા, તમારા માટે ફલાણી સૌંદર્યવાન, માલદાર, આઝાદ સ્ત્રી હાજર છે. જે સ્ત્રી વિષે તેને કહેવામાં આવ્યું હતું તે મુશ્રિકા હતી. ત્યારે આ આયત ઉતરી કે ''વ-લ-અ-મ-તુમ...'' અર્થાત મુસલમાન લોંડી મુશ્રિકા કરતાં બેહતર છે, ભલે પછી મુશ્રિકા આઝાદ અને સૌંદર્યવાન હોવાના કારણે સારી લાગતી હોય.

૧૮૦. આ સંબોધન ઓરતના વાલીઓને છે.

**મસઅલો** : મુસલમાન ઓરતનાં લગ્ન કાફિર, મુશ્રિક સાથે હરામ છે.

૧૮૧. માટે એમનાથી બચવું જરૂરી અને એમની સાથે મિત્રતા કે સગપણ નાજાઇઝ છે.

૧૮૨. **શાને નુઝૂલ** : અરબસ્તાનના લોકો યહૂદીઓ અને અગ્નિપૂજકોની જેમ હૈઝવાળી સ્ત્રીથી ખૂબ ધૃણા કરતા હતા, સાથે રહેવું, ખાવું, પીવું તેમને અણગમતુ લાગતું હતું અને એટલી હદે પહોંચી ગયા હતા કે તેણીઓ સાથે વાત કરવી અને એમના તરફ જોવું પણ હરામ સમજતા હતા. જ્યારે ખ્રિસ્તીઓ એનાથી વિરૂદ્ધ હૈઝ દરમ્યાન સ્ત્રીઓ સાથે ખૂબ હેતથી મગ્ન રહેતા અને તેણીઓ સાથેના મેળ મિલાપના દિવસો કરતાં પણ આગળ વધી જતા, ત્યારે મુસલમાનોએ હુઝૂરને હૈઝનો હુકમ પૂછયો. જે પર આ આયત ઉતરી અને અનાવશ્યક પરહેઝ તથા વ્યવહારમાં અતિશયોક્તિ બન્નેથી રોકવામાં આવ્યા, અને સાફ ફરમાવવામાં આવ્યું કે હૈઝ દરમ્યાન સ્ત્રી સાથે સંભોગ જાઇઝ નથી.

عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ
وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٢٨﴾ اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمْسَاكٌ ع ١٢
بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌ بِاِحْسَانٍ وَلَا يَحِلُّ لَكُمْ اَنْ
تَاْخُذُوْا مِمَّآ اٰتَيْتُمُوْهُنَّ شَيْئًا اِلَّآ اَنْ يَّخَافَآ اَلَّا يُقِيْمَا
حُدُوْدَ اللّٰهِ فَاِنْ خِفْتُمْ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ فَلَا
جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا افْتَدَتْ بِهٖ تِلْكَ حُدُوْدُ اللّٰهِ منزل ١
فَلَا تَعْتَدُوْهَا وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَاُولٰٓئِكَ
هُمُ الظّٰلِمُوْنَ ﴿٢٢٩﴾ فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْ
بَعْدُ حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ فَاِنْ طَلَّقَهَا فَلَا جُنَاحَ
عَلَيْهِمَآ اَنْ يَّتَرَاجَعَآ اِنْ ظَنَّآ اَنْ يُّقِيْمَا حُدُوْدَ
اللّٰهِ وَتِلْكَ حُدُوْدُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٢٣٠﴾

**શરીઅત મુજબ[૧૯૨] અને પુરૂષોને એમના પર શ્રેષ્ઠતા છે અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૨૨૮) આ તલાક[૧૯૩] બે વાર સુધી છે, પછી રોકી લેવું ભલાઇની સાથે[૧૯૪] અથવા છોડી દેવું ભલમનસાઇથી[૧૯૫] અને તમને જાઇઝ નથી કે જે કંઇ સ્ત્રીઓને આપ્યું[૧૯૬] તેમાંથી કંઇ પાછુ લઇ લો[૧૯૭] પણ જ્યારે બંનેને બ્હીક હોય કે અલ્લા-હની હદો કાયમ નહીં કરી શકીએ[૧૯૮] પછી અગર તમને બીક હોય કે તે બન્ને બિલ્કુલ એ જ હદો પર નહીં રહે તો તેઓને કંઇ ગુનોહ નથી એમાં કે જો સ્ત્રી બદલો આપીને મુક્તિ મેળવે.[૧૯૯] આ અલ્લાહની હદો છે એનાથી આગળ ન વધો અને જે અલ્લાહની હદોથી આગળ વધે તો તે જ લોકો જાલિમ છે (૨૨૯) પછી જો ત્રીજી તલાક તેણીને આપી તો હવે તે સ્ત્રી તેને હલાલ નહીં રહે જ્યાં સુધી કે બીજા પતિ પાસે ન રહે[૨૦૦] પછી તે બીજો જો તેણીને તલાક આપે તો એ બન્ને પર ગુનોહ નથી કે ફરી એક-બીજા સાથે મળી જાય[૨૦૧] જો અલ્લાહની હદોની મર્યાદા જાળવવાનું સમજતા હો (તો) અને આ અલ્લાહની હદો છે જેને બુદ્ધિમાનો માટે બયાન કરે છે (૨૩૦)**

૧૮૩. અર્થાત સ્ત્રી સમાગમમાં ઔલાદ પ્રાપ્તિની નિય્યત કરો. માત્ર વાસનાને સંતોષવાનો ઇરાદો ન કરો.

૧૮૪. એટલે કે નેક કામો અથવા સંભોગ અગાઉ બિસ્મિલ્લાહ પઢવી.

૧૮૫. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ પોતાંના બનેવી નુઅમાન બિન બશીરના ઘરે આવવા જવા અને તેમની સાથે વાતચીત કરવા અને એમના હરીફો સાથે એમની સુલેહ કરાવવાથી કસમ ખાઇ લીધી હતી. જ્યારે તેઓને આ બાબતો માટે કહેવામાં આવતું ત્યારે તેઓ કહેતા કે હું એ માટે કસમ ખાઇ ચૂક્યો છું એટલે એ કામ કરી શકતો જ નથી, એ વિષે આ આયત ઉતરી અને નેક કામ કરવાથી કસમ ખાઇ લેવાનું મના કરવામાં આવ્યું.

**મસઅલો** : કોઇ માણસ નેકીનું કામ ન કરવાની કસમ ખાઇ લે તો તેણે કસમ પુરી ન કરવી જોઇએ અને તે નેક કામ કરવું જોઇએ, અને કસમનો કફ્ફારો આપી દે. મુસ્લિમ શરીફની હદીષમાં છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, જે માણસે કોઇ કામ પર કસમ ખાઇ લીધી પછી જાણવા મળ્યું કે ભલાઇ અને સારાપણું એના વિરૂદ્ધમાં છે, તો તેણે પેલું ભલાઇનું કામ કરવું જોઇએ, અને કસમનો કફ્ફારો આપી દેવો જોઇએ.

**મસઅલો** : અમુક તફસીરકારોએ એવું પણ કહ્યું છે કે આ આયતથી વાત વાત પર કસમ ખાવાની મનાઇ સાબિત થાય છે.

૧૮૬. **મસઅલો** : કસમ ત્રણ જાતની હોય છે. (૧) લગ્વ (૨) ગુમુસ (૩) મુનઅકિદ. લગ્વ તે છે

કે કોઇ બની ગએલી બાબત પર તેને સત્ય સમજીને કસમ ખાય અને વાસ્તવિકતા એનાથી વિરૂદ્ધ હોય, એ માફ છે અને એના પર કફફારો પણ નથી. ગુમુસ તે છે કે કોઇ બનેલી બાબત પર જાણી જોઇને જૂઠી કસમ ખાઇ, એમાં ગુનેહગાર થશે. મુનઅકિદ તે છે કે કોઇ ભવિષ્યના કામ માટે ઇરાદો કરીને ખાય, આ કસમને જો તોડશે તો ગુનેહગાર થશે અને કફફારો પણ આપવો પડશે.

૧૮૭. **શાને નુઝૂલ** : જહાલતના સમયમાં લોકો એવું કરતા હતા કે પોતાની સ્ત્રીઓ પાસે માલ-દૌલતની માંગણી કરતા. જો તેણીઓ ન આપી શકતી તો એક વરસ, બે વરસ, ત્રણ વરસ અને એનાથી પણ વધારે લાંબી મુદ્દત સુધી તેણીઓ પાસે જતા નહીં અને સંભોગ ન કરવાની કસમ ખાઇ લેતા હતા, અને આ રીતે તેણીઓને પરેશાનીમાં સપડાવી રાખતા હતા. ન તો તેણીઓ બેવા કહેવાતી કે પોતાનું ક્યાંક ઠેકાણું ગોઠવી લે અને પતિએ છેટી કરી હોવાના કારણે દાંપત્યજીવનનું સુખ પણ ન માણી શકતી. ઇસ્લામે આ અત્યાચારને રોક્યો અને આ રીતે કસમ ખાનારાઓ માટે ચાર મહિનાની મુદ્દત નક્કી કરી, જો સ્ત્રી સાથે ચાર મહિના કે તેથી વધુ મુદ્દત સુધી સંભોગ ન કરવાની કસમ ખાઇ લે તો એના માટે ચાર મહિના સુધી રાહ જોવાશે, આ મુદ્દત દરમ્યાન ખૂબ વિચાર કરી લે કે સ્ત્રીને છોડી દેવી તેના માટે સારૂ છે કે રાખી લેવી, જો રાખી લેવાનું ઉત્તમ લાગે અને એ મુદ્દત દરમ્યાન ફરી પાછો વ્યવહાર ચાલુ કરે તો નિકાહ બાકી રહેશે અને કસમનો કફફારો લાગુ પડશે અને જો આ મુદ્દત દરમ્યાન વ્યવહાર ચાલુ ન કર્યો (રજઅત ન કરી) અને કસમ ન તોડી, તો સ્ત્રી તેના નિકાહમાંથી નીકળી ગઇ અને તલાકે બાઇન લાગુ થઇ ગઇ.

**મસઅલો** : જો પુરૂષ સંભોગ કરવાની શક્તિ ધરાવતો હોય તો પછી રાખી લેવા માટે સંભોગ કરવો જરૂરી છે અને જો કોઇ કારણસર એની શક્તિ ન હોય તો શક્તિ આવ્યા પછી સંભોગ કરવાનો વાયદો પણ રજઅત (પાછી રાખી લેવી) થઇ જશે. (તફસીરે અહમદી)

૧૮૮. આ આયતમાં તલાક આપેલી સ્ત્રીઓની ઇદ્દતનું બયાન છે. જે સ્ત્રીઓને એમના પતિઓએ તલાક આપી જો તેઓની એમના પતિ સાથે 'ખિલ્વતે સહીહા' (ધાર્મિક કે શારીરિક કારણ સંભોગ કરતાં અટકાવે નહીં એવું એકાંત) ન થઇ હોય ત્યારે તો એમના પર ઇદ્દત જ નથી, જેમકે આયત 'માલકુમ અલયહિન્ન મિન ઇદ્દતિનમાં ફરમાવ્યું છે અને સ્ત્રીઓને ઉમર લાયક ન થવાના કારણે અથવા ઉમર વધારે થઇ જવાના કારણે હૈઝ ન આવતું હોય અથવા જે ગર્ભવતી હોય તેઓની ઇદ્દતનું બયાન "સૂરએ તલાક" માં આવશે. બાકીની જે સ્વતંત્ર સ્ત્રીઓ છે અહીં તેમની ઇદ્દત અને તલાકનું બયાન છે, કે તેણીઓની ઇદ્દત ત્રણ હૈઝ છે.

૧૮૯. તે હમલ હોય કે પછી હૈઝનું ખૂન હોય, કારણ કે એમના છુપાવવાથી સંતાન અને રજઅત જે પતિનો હક છે તે માર્યો જશે.

૧૯૦. અર્થાત એ જ ઇમાનદારીનો તકાદો છે.

૧૯૧. એટલે કે તલાકે રજઇમાં પતિ ઇદ્દતની અંદર ફરી પાછો પોતાની પત્નીને રાખી શકે છે. (રજઅત કરી શકે છે) સ્ત્રી રાજી હોય કે ન હોય, પણ પતિને જો મેળાપ કરવો હોય તો જ એવું કરે. તેણીને મુસીબતમાં મૂકવા આવું ન કરે, જેમકે જહાલતના સમયમાં લોકો સ્ત્રીઓને હેરાનગતિ પહોંચાડવા આવુ કરતા હતા.

૧૯૨. અર્થાત જેવી રીતે સ્ત્રીઓ પર પતિના હક્કોનું પાલન જરૂરી છે એવી જ રીતે પતિઓ પર પણ સ્ત્રીઓના હકોનું રક્ષણ જરૂરી છે.

જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપો અને એમની મુદત આવી પહોંચે[૨૦૨] તો તે સમય સુધી અથવા ભલાઇ સાથે રોકી લો[૨૦૩] અથવા બેહતરી સાથે છોડી દો[૨૦૪] અને તેણીઓને નુકસાન પહોંચાડવા ખાતર રોકવાનું ન હોય કે હદથી વધો અને જે એવું કરશે તે પોતાનું જ નુકસાન કરે છે[૨૦૫] અને અલ્લાહની આયતોને મશ્કરીરૂપ ન બનાવો[૨૦૬] અને યાદ કરો અલ્લાહનું એહસાન જે તમારા પર છે[૨૦૭] અને તે જે તમારા પર કિતાબ અને હિક-મત[૨૦૮] ઉતારી, તમને નસીહત આપવા માટે અને અલ્લા-હથી ડરતા રહો અને જાણી રાખો કે અલ્લાહ સર્વ કંઇ જાણે છે[૨૦૯] (૨૩૧) અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપો અને તેણીઓની મુદત પુરી થઇ જાય[૨૧૦] તો અય સ્ત્રીઓના વાલીઓ! તેણીઓને ન રોકો કે પોતાના પતિઓ સાથે નિકાહ કરી લે[૨૧૧] જ્યારે માંહો માંહે શરીઅત મુજબ રાજી થઇ જાય[૨૧૨] આ નસીહત તેને આપવામાં આવે છે જે તમારામાંથી અલ્લાહ અને કયામત પર ઇમાન ધરા-વતો હોય આ તમારા માટે વધારે સ્વચ્છ અને પવિત્ર છે.



وإذا طلقتم النساء فبلغن أجلهن فأمسكوهن
بمعروف أو سرحوهن بمعروف ولا تمسكوهن
ضرارا لتعتدوا ومن يفعل ذلك فقد ظلم
نفسه ولا تتخذوا آيات الله هزوا واذكروا
نعمت الله عليكم وما أنزل عليكم من
الكتاب والحكمة يعظكم به واتقوا الله واعلموا
أن الله بكل شيء عليم (٢٣١) وإذا طلقتم النساء
فبلغن أجلهن فلا تعضلوهن أن ينكحن
أزواجهن إذا تراضوا بينهم بالمعروف
ذلك يوعظ به من كان منكم يؤمن
بالله واليوم الآخر ذلكم أزكى لكم وأطهر

૧૯૩. એટલે કે તલાકે રજઇ.

**શાને નુઝૂલ** : એક સ્ત્રીએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં હાજર થઇને કહ્યું કે તેણીના પતિએ તેણીને કહ્યું છે કે તે તેણીને તલાક દેતો રહેશે અને રજઅત કરતો રહેશે. દરેક વખતે જ્યારે તલાકની ઇદ્દત પુરી થવા આવશે ત્યારે પાછો લોટાવી લેશે, પાછો તલાક આપશે, પાછો લોટાવશે. આવીજ રીતે આખું જીવન કરતો રહેશે, અને તેને જીવનકેદની સજા કરશે, ત્યારે આ આયત ઉતરી અને ફરમાવવામાં આવ્યું કે તલાકે રજઇ બે વાર સુધી જ છે, ત્યારબાદ ફરી તલાક દેવાથી લોટાવી લેવાનો અધિકાર રહેશે નહીં.

૧૯૪. રજઅત કરીને.

૧૯૫. એટલે કે રજઅત ન કરે અને ઇદ્દત પુરી થયા પછી સ્ત્રી બાઇના થઇ જાય.

૧૯૬. એટલે કે મહેર.

૧૯૭. તલાક દેતી વખતે.

૧૯૮. જે પતિ પત્નીના હકો વિષે છે.

૧૯૯. એટલે કે તલાક મેળવી લે.

**શાને નુઝૂલ** : આ આયત જમીલા બિન્તે અબ્દુલ્લાહ વિષે ઉતરી. આ સ્ત્રી સાબિત બિન કૈસ બિન શમાસના નિકાહમાં હતી. તેણીને પોતાના પતિ સાથે અણગમો હતો. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં પોતાના પતિની ફરિયાદ લઇને આવી અને કોઇ પણ રીતે પતિ સાથે રહેવા સંમત ન થઇ ત્યારે સાબિતે કહ્યું કે મેં એને એક બાગ આપ્યો છે. જો એ મારી સાથે રહેવા ન માંગતી હોય તો મારો બાગ મને

પાછો આપી દે હું એને છોડી દઇશ. જમીલાએ એ વાત મંજૂર રાખી અને સાબિતે બાગ લઇને તલાક આપી દીધી. આ રીતની તલાકને 'ખુલઅ' કહે છે.

**મસઅલો** : 'ખુલઅ' તલાકે બાઇનના હુકમમાં છે.

**મસઅલો** : 'ખુલઅ' માં 'ખુલઅ' નો શબ્દ બોલવો જરૂરી છે.

**મસઅલો** : 'ખુલઅ'ની માંગણી જો સ્ત્રી તરફથી હોય તો મહેરની રકમ કરતાં વધારે લેવું મકરૂહ છે. અને જો સ્ત્રી તરફથી ન હોય, પુરૂષ જ અલગ થવા માંગતો હોય તો પુરૂષને તલાકના બદલે માલ લેવો બિન શરતે મકરૂહ છે.

૨૦૦. **મસઅલો** : ત્રણ તલાક પછી સ્ત્રી પતિ પર હરામ થઇ જાય છે. હવે ન તો તેણી સાથે રજઅત થઇ શકે છે ન નિકાહ, જ્યાં સુધી કે હલાલો ન થઇ જાય, એટલે કે બીજા પુરૂષ સાથે નિકાહ કરે તે સોહબત કરીને તલાક આપે. પછી તેની ઇદ્દત પુરી થાય ત્યારે.

૨૦૧. ફરી વાર નિકાહ કરી લે.

૨૦૨. એટલે કે ઇદ્દત પુરી થવા આવી હોય.

**શાને નુઝૂલ** : આ આયત સાબિત બિન યસાર અન્સારી વિષે ઉતરી. તેઓએ પોતાની પત્નીને તલાક આપી હતી અને જ્યારે ઇદ્દત પુરી થવા આવી ત્યારે રજઅત કરી લેતા હતા જેથી સ્ત્રી કેદમાં સપડાએલી રહે.

૨૦૩. એટલે કે નિભાવી જાણવા અને સદવર્તનની નિય્યતથી રજઅત કરો.

૨૦૪. અને ઇદ્દત પુરી થઇ જવા દો જેથી તેણીઓ ઇદ્દત પછી છૂટી થઇ જાય.

૨૦૫. કે અલ્લાહના આદેશની વિરૂદ્ધ વર્તીને ગુનેહગાર થાય છે.

૨૦૬. કે તેઓની પરવાહ ન કરો અને એના વિરૂદ્ધ વર્તન કરો.

૨૦૭. કે તમને મુસલમાન કરીને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઉમ્મતી બનાવ્યા.

૨૦૮. કિતાબનો મતલબ કુરઆન છે અને હિકમતનો મતલબ કુરઆનના આદેશો તેમજ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સુન્નતો છે.

૨૦૯. તેનાથી કશું જ છુપું નથી.

૨૧૦. એટલે કે તેણીઓની ઇદ્દત પુરી થઇ જાય.

૨૧૧. જેઓને તેણીઓએ પોતાના નિકાહ માટે પસંદ કરી લીધા હોય, ભલે પછી તે નવા હોય, અથવા આ તલાક દેનાર હોય કે ત્યાર પહેલાં તલાક દેનાર હોય, ગમે તે હોય.

૨૧૨. પોતાના કુફ્વ (સરખી ખાનદાની ધરાવતો)માં મેહરે મિસ્લના બદલે. કારણ કે એનાથી વિરૂદ્ધમાં વાલીઓ વાંધો ઉઠાવવાનો હક ધરાવે છે.

**શાને નુઝૂલ** : મઅકલ બિન યસાર મુઝનીની બહેનનો નિકાહ આસિમ બિન અદી સાથે થયો હતો. તેઓએ તલાક આપી, અને ઇદ્દત પુરી થયા પછી ફરી વાર નિકાહ કરવાની ઇચ્છા દર્શાવી, ત્યારે મઅકલ બિન યસારે ઇન્કાર કર્યો, ત્યારે આ આયત ઉતરી.

૨૧૩. તલાકના બયાન પછી એ પ્રશ્ન સ્વભાવિક રીતે સામે આવે છે કે જો તલાકવાળી સ્ત્રીના ખોળામાં ધાવતું બાળક હોય તો આ વિયોગ પછી તેને ઉછેરવાનો શું બદોબસ્ત થાય? એટલા માટે એ વાત ઇચ્છનિય છે કે બાળકના ઉછેરને લગતા માં-બાપ પર જે આદેશો છે તે આ પ્રસંગે બયાન કરી દેવામાં આવે,

અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા (૨૩૨) અને માતાઓ ધવડાવે પોતાના બાળકોને[૨૧૩] પુરા બે વર્ષ તેના માટે જે ધાવણની મુદ્દત પુરી કરવા માંગે[૨૧૪] અને જેનું બાળક છે[૨૧૫] તેના પર સ્ત્રીઓનું ભરણ પોષણ અને વસ્ત્રો છે નિયમ મુજબ[૨૧૬] કોઇ જીવ પર બોજ લાદવામાં નહિ આવે પણ તેની શક્તિ મુજબ, માતાને નુકસાન ન પહોંચાડાઇ તેણીના બાળકથી[૨૧૭] અને ઔલાદવાળાને તેની ઔલાદથી[૨૧૮] અથવા માતા તકલીફ ન આપે પોતાના બાળકને અને ન સંતાનવાળો પોતાના સંતાનને[૨૧૯] અને જે બાપનો વારસદાર છે તેના પર પણ આવું જ વાજિબ છે, પછી મા-બાપ બંને પોતપોતાની ખુશી અને સલાહથી ધાવણ છોડવવા ઇચ્છે તો એમના પર ગુન્હો નથી. અને જો તમે ઇચ્છો કે દાયણો પાસે પોતાના બાળકોને ધવડાવો તો પણ તમારા સામે વાંધો નથી. જ્યારે કે જે આપવાનું ઠર્યું હતું (તે) ભલાઇની સાથે તેણીઓને આપી દો અને અલ્લાહથી બીતા રહો અને જાણી રાખો કે અલ્લાહ તમારાં કામ જોઇ રહ્યો છે (૨૩૩)

وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۲۳۲﴾ وَالْوَالِدٰتُ
يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ كَامِلَيْنِ لِمَنْ
اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَ ؕ وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ
رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِ ؕ لَا تُكَلَّفُ
نَفْسٌ اِلَّا وُسْعَهَا ۚ لَا تُضَآرَّ وَالِدَةٌ ۢ بِوَلَدِهَا
وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖ ۚ وَعَلَى الْوَارِثِ مِثْلُ
ذٰلِكَ ۚ فَاِنْ اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا
وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا ؕ وَاِنْ اَرَدْتُّمْ
اَنْ تَسْتَرْضِعُوْۤا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ
اِذَا سَلَّمْتُمْ مَّاۤ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ؕ وَاتَّقُوا اللّٰهَ
وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۳۳﴾

માટે અહીં એવા કાનૂનોનું બયાન કર્યું છે.

**મસઅલો** : માતા તલાકવાળી હોય કે ન હોય તેના પર પોતાના બાળકને ધવડાવવું વાજિબ છે, જ્યારે કે બાપને વળતર આપીને ધવડાવી લેવાની શક્તિ ન હોય. અથવા કોઇ ધવડાવનાર સ્ત્રી મળતી ન હોય અથવા બાળક માતા સિવાય કોઇનું દૂધ ધાવતું ન હોય જો આ બાબતો ન હોય એટલે કે બાળકનો ઉછેર ફક્ત માતાના દૂધ પર જ અવલંબિત ન હોય તો માતા પર ધવડાવવું વાજિબ નહી પણ મુસ્તહબ છે. (તફસીરે અહમદી, જુમલ વિગેરે)

૨૧૪. એટલે કે આ મુદ્દત પુરી કરવી જરૂરી નથી. જો હવે બાળકને ધવડાવવાની આવશ્યકતા ન હોય અને ધાવણ ભૂલાવવામાં તેના માટે ખતરો ન હોય તો એ મુદ્દતની અંદર પણ ભૂલાવી શકાય છે.

૨૧૫. એટલે કે બાપ બયાન કરવાની આ પદ્ધતિથી જાણવા મળ્યું કે વંશ બાપ તરફથી ચાલે છે.

૨૧૬. **મસઅલો** : બાળકનો ઉછેર અને તેના ધાવણનો બંદોબસ્ત કરવો બાપ પર વાજિબ છે. એના માટે તે ધવડાવનાર સ્ત્રી નક્કી કરે, પણ માતા જો પોતાની રાજી ખુશીથી ધવડાવે તો મુસ્તહબ છે.

**મસઅલો** : પતિ પોતાની પત્ની પર પોતાના બાળકને ધવડાવવા માટે દબાણ કે જબરદસ્તી કરી શકતો નથી અને ન તો પત્ની પતિ પાસે તેના બાળકને ધવડાવવાનું વળતર માંગી શકે છે, જ્યાં સુધી કે તેના નિકાહ અથવા ઇદ્દતમાં છે.

**મસઅલો** : અગર કોઇ માણસે પોતાની પત્નીને તલાક આપી ને ઇદ્દત પુરી થઇ ગઇ. તો હવે તેણી પેલા માણસ પાસે તેના બાળકને ધવડાવવાનું વળતર માંગી શકે છે.

سیقول ٢ البقرة ٢

وَالَّذِينَ يُتَوَفَّوْنَ مِنكُمْ وَيَذَرُونَ أَزْوَاجًا
يَتَرَبَّصْنَ بِأَنفُسِهِنَّ أَرْبَعَةَ أَشْهُرٍ وَعَشْرًا فَإِذَا
بَلَغْنَ أَجَلَهُنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيمَا فَعَلْنَ فِي
أَنفُسِهِنَّ بِالْمَعْرُوفِ وَاللَّهُ بِمَا تَعْمَلُونَ خَبِيرٌ ﴿٢٣٤﴾ وَلَا
جُنَاحَ عَلَيْكُمْ فِيمَا عَرَّضْتُم بِهِ مِنْ خِطْبَةِ النِّسَاءِ
أَوْ أَكْنَنتُمْ فِي أَنفُسِكُمْ عَلِمَ اللَّهُ أَنَّكُمْ سَتَذْكُرُونَهُنَّ
وَلَٰكِن لَّا تُوَاعِدُوهُنَّ سِرًّا إِلَّا أَن تَقُولُوا
قَوْلًا مَّعْرُوفًا وَلَا تَعْزِمُوا عُقْدَةَ النِّكَاحِ حَتَّىٰ
يَبْلُغَ الْكِتَابُ أَجَلَهُ وَاعْلَمُوا أَنَّ اللَّهَ يَعْلَمُ مَا
فِي أَنفُسِكُمْ فَاحْذَرُوهُ وَاعْلَمُوا أَنَّ اللَّهَ
غَفُورٌ حَلِيمٌ ﴿٢٣٥﴾ لَّا جُنَاحَ عَلَيْكُمْ إِن طَلَّقْتُمُ

**અને તમારામાં જે મરી જાય અને પત્નીઓ મૂકી જાય તે (પત્નીઓ) ચાર માસ દસ દિવસ પોતાને રોકી રાખે[૨૨૦] તો જ્યારે એમની ઇદ્દત પુરી થઇ જાય તો અય વાલીઓ! તમારા પર પકડ નથી તે કામોમાં જેમાં સ્ત્રીઓ પોતાના વિષે શરીઅત મુજબ (કંઇક) કરે. અને અલ્લાહને તમારા કર્મોની જાણ છે (૨૩૪) અને તમારા પર ગુન્હો નથી એ વાતમાં (કે) જો તમે પર્દો રાખી સ્ત્રીઓને નિકાહનું કહેણ આપો અને પોતાના દિલમાં છુપાવી રાખો[૨૨૧] અલ્લાહ જાણે છે કે હવે તમે તેણીઓની યાદ કરશો[૨૨૨] હા! તેણીઓ સાથે છુપો વાયદો ન કરી રાખો પણ એ કે એટલી જ વાત કહો જે શરીઅતમાં ઠીક છે અને ન પાકી કરો નિકાહની ગાંઠ જ્યાં સુધી લખેલો હુકમ પોતાની મુદત સુધી ન પહોંચી જાય[૨૨૩] અને જાણી લો કે અલ્લાહ તમારા દિલની (વાતો) જાણે છે તો તેનાથી ડરો અને જાણી લો કે અલ્લાહ માફ કરનાર ધીરજવાળો છે (૨૩૫) અને તમારા પર કંઇ માંગણી નથી[૨૨૪] જો તમે સ્ત્રીઓને**

**મસઅલો** : બાળકના પિતાએ એક સ્ત્રીને અમુક વળતર નક્કી કરીને પોતાના બાળકને ધવડાવવા નિયુક્ત કરી. હવે જો બાળકની માતા એટલા જ વળતરમાં અથવા વગર વળતરે ધવડાવવા રાજી હોય તો ધવડાવવાની માતા જ વધારે હકદાર છે અને જો માતા વધારે વળતર માંગતી હોય તો બાળકના પિતાને બાળકની માતા પાસે જ ધવડાવવા દબાણ કરી શકાશે નહિ. (તફસીરે અહમદી, મદારિક) 'મઅરૂફ'નો અર્થ હસ્તી પ્રમાણેનો થાય છે, એટલે કે તંગી અને ફુઝૂલ ખર્ચી વગર.

૨૧૭. એટલે કે તેણીને તેની મરજી વિરૂદ્ધ ધવડાવવા માટે લાચાર કરવામાં ન આવે.

૨૧૮. વધારે વળતર માંગીને.

૨૧૯. માતા બાળકને નુકસાન એ રીતે પહોંચાડી શકે છે કે સમયસર ન ધવડાવે અને તેની દેખરેખ ન રાખે અથવા પોતાના સહવાસની ટેવ પાડયા પછી વિખૂટું મુકી દે અને બાપ બાળકને એ રીતે નુકસાન પહોંચાડી શકે કે માતાના સહવાસથી ટેવાયેલા બાળકને ઝુંટવી લે, અથવા માતાનો હક પુરો ન કરે. જેનાથી બાળકને નુકસાન થાય.

૨૨૦. ગર્ભવતીની ઇદ્દત તો બાળક જન્મતાં સુધીની છે, જેમકે સૂરએ તલાકમાં બયાન થયું છે. અહીં બિન ગર્ભવતીની ઇદ્દતનું બયાન છે, જેનો પતિ મરી જાય તેની ઇદ્દત ચાર મહિના દસ દિવસ છે. આ મુદ્દત પુરી થતાં સુધી ન તેણી નિકાહ કરે ન તો પોતાનું રહેઠાણ છોડે, ન કારણ વગર તેલ લગાવે, ન ખુશ્બુ લગાડે, ન તો શણગાર કરે, ન રંગીન અને રેશમી વસ્ત્રો પરિધાન કરે, ન મહેંદી લગાવે, ન ખુલ્લી રીતે નિકાહની વાતચીત કરે અને જે તલાકે બાઇનની ઇદ્દતમાં હોય તેના માટે પણ આ જ હુકમ છે, હા! જે સ્ત્રી

તલાક આપો જ્યાં સુધી તમે તેણીઓને હાથ ન લગાડયો હોય અથવા કોઇ મહેર નક્કી કરી લીધી હોય[૨૨૫] અને તેણીઓને કંઇક વાપરવા આપો[૨૨૬] શક્તિવાળાને એના મુજબ અને તંગદસ્તીવાળાને એના મુજબ, નિયમ મુજબ કંઇક વાપરવાની વસ્તુ. આ વાજિબ છે ભલાઇવાળાઓ પર[૨૨૭] (૨૩૬) અને જો તમે સ્ત્રીઓને અડકયા વગર તલાક આપી દીધી અને તેણીઓ માટે કંઇક મહેર નક્કી કરી ચૂક્યા હતા તો જેટલું નક્કી થયું હતું તેનું અડધું વાજિબ છે પણ એ કે સ્ત્રીઓ કંઇક ઓછું કરે[૨૨૮] અથવા તે વધારે આપે[૨૨૯] જેના હાથમાં નિકાહની ગાંઠ છે[૨૩૦] અને અય પુરૂષો! તમારૂં વધારે આપવું વધારે નજીક છે પરહેઝગારીથી અને અંદરો અંદર એકબીજા પર એહ-સાન (કરવાને) ભૂલાવી ન દો, બેશક! અલ્લાહ તમારૂં કામ જોઇ રહ્યો છે[૨૩૧] (૨૩૭) જાળવણી રાખો બધી નમાઝોની[૨૩૨] અને વચલી નમાઝની[૨૩૩] અને અલ્લાહ સમક્ષ અદબથી ઉભા રહો[૨૩૪] (૨૩૮) પછી જો તમને ભય હોય તો પગપાળા અથવા સવાર જેવી રીતે શક્ય હોય (તેવી રીતે નમાઝ પઢી લો) પછી જ્યારે શાંતિમાં હોવ તો અલ્લાહની યાદ કરો જેવું તેણે શિખવ્યું જે તમે જાણતા ન હતા (૨૩૯)

البقرة ٢ — سيقول ٢

النساء ما لم تمسوهن او تفرضوا لهن فريضة
ومتعوهن على الموسع قدره وعلى المقتر
قدره متاعا بالمعروف حقا على المحسنين ﴿٢٣٦﴾
وان طلقتموهن من قبل ان تمسوهن و
قد فرضتم لهن فريضة فنصف ما فرضتم
الا ان يعفون او يعفوا الذي بيده عقدة
النكاح وان تعفوا اقرب للتقوى ولا تنسوا
الفضل بينكم ان الله بما تعملون بصير ﴿٢٣٧﴾ حافظوا
على الصلوت والصلوة الوسطى وقوموا لله
قنتين ﴿٢٣٨﴾ فان خفتم فرجالا او ركبانا فاذا
امنتم فاذكروا الله كما علمكم ما لم تكونوا تعلمون ﴿٢٣٩﴾

તલાકે રજઇની ઇદ્દતમાં હોય તેના માટે સુશોભન અને શણગાર કરવો મુસ્તહબ છે.

૨૨૧. એટલે કે ઇદ્દતમાં નિકાહ કે નિકાહનો સ્પષ્ટ સંદેશો તો મના છે. પણ પરદામાં રહીને, એટલે કે ગુઢ શબ્દો દ્વારા નિકાહની ઇચ્છા વ્યક્ત કરવી જાઇઝ છે. દા.ત. એવું કહે કે 'તું ઘણી નેક સ્ત્રી છે' વિ. અથવા પોતાનો ઇરાદો દિલમાં જ રાખે, જબાનથી કોઇ પણ રીતે ન કહે.

૨૨૨. અને તમારા દિલોમાં તમન્ના હશે, તેથી જ છુપા શબ્દોમાં ઇચ્છા વ્યક્ત કરવાની છુટ છે.

૨૨૩. એટલે ઇદ્દત પુરી થઇ જાય.

૨૨૪. મહેરની.

૨૨૫. **શાને નુઝૂલ** : આ આયત એક અન્સારી બાબત ઉતરી. જેઓએ બની હનીફા કબીલાની એક સ્ત્રી સાથે નિકાહ કર્યો અને કોઇ મહેર નક્કી ન કરી પછી હાથ લગાડતાં પહેલાં તલાક આપી દીધી.

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે જે સ્ત્રીની મહેર નક્કી ન કરી હોય અને તેને હાથ લગાડતાં પહેલાં તલાક આપી દે તો મહેર આપવાનું લાઝિમ થતું નથી, હાથ લગાડવાનો મતલબ સંભોગ કરવાનો છે. અને સહીહ એકાંત પણ એના જ હુકમમાં છે. અને એ પણ માલમ પડયું કે મહેરનો ઉલ્લેખ કર્યા વગર પણ નિકાહ દુરૂસ્ત છે. પણ એવું થાય ત્યારે નિકાહ પછી મહેર નક્કી કરવી પડશે. જો નહીં કરે તો સ્ત્રી સાથે એકાંત કર્યા પછી 'મહરે મિસ્લ' આપવી પડશે. (એના જેવી સ્ત્રીની જે મહેર નક્કી કરવામાં આવતી હોય તેને 'મહરે મિસ્લ' કહે છે.)

૨૨૬. ત્રણ વસ્ત્રોની એક જોડ.

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا ۚۖ
وَّصِيَّةً لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ اِخْرَاجٍ ۚ
فَاِنْ خَرَجْنَ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْ مَا فَعَلْنَ فِيْٓ
اَنْفُسِهِنَّ مِنْ مَّعْرُوْفٍ ۭ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٤٠﴾ وَ
لِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِ ۭ حَقًّا عَلَى الْمُتَّقِيْنَ ﴿٢٤١﴾
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٢٤٢﴾ اَلَمْ
تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا مِنْ دِيَارِهِمْ وَهُمْ اُلُوْفٌ
حَذَرَ الْمَوْتِ ۠ فَقَالَ لَهُمُ اللّٰهُ مُوْتُوْا ۣ ثُمَّ اَحْيَاهُمْ ۭ
اِنَّ اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ
النَّاسِ لَا يَشْكُرُوْنَ ﴿٢٤٣﴾ وَقَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ
وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٤٤﴾ مَنْ ذَا الَّذِيْ يُقْرِضُ

અને જે તમારામાં ગુજરી જાય અને પત્નીઓ છોડી જાય, તે પોતાની સ્ત્રીઓ માટે વસિયત કરી જાય[૨૩૫] (તેણીને) કાઢી મૂક્યા વગર એક વર્ષ સુધી ભરણ પોષણની[૨૩૬] પછી જો તેણીઓ પોતે જ ચાલી જાય તો તમારા પર એની પકડ નથી જે તેણીઓએ પોતાના મામલામાં યોગ્ય રીતે કર્યુ, અને અલ્લાહ ચઢીયાતો હિકમતવાળો છે. (૨૪૦) તલાકવાળીઓ માટે પણ યોગ્ય રીતે ભરણપોષણ છે આ વાજિબ છે પરહેઝગારો પર (૨૪૧) અલ્લાહ આમ જ બયાન કરે છે તમારા માટે પોતાની આયતો કે ક્યાંક તમને સમજ પડે (૨૪૨) અય મહેબૂબ! શું તમે ન જોયા હતા તેઓને જે પોતાના ઘરોમાંથી નીકળ્યા અને તે હજારો (ની સંખ્યામાં) હતા મોતની બીકે, તો અલ્લાહે તેઓને ફરમાવ્યું, મરી જાવ, પછી તેઓને જીવંત ફરમાવ્યા. બેશક! અલ્લાહ લોકો પર ફઝલ કરનાર છે. પણ વધારે લોકો ઉપકાર ન માનનાર છે.[૨૩૭] (૨૪૩) અને લડો અલ્લાહના માર્ગમાં[૨૩૮] જાણી લો કે અલ્લાહ સાંભળે જાણે છે. (૨૪૪) છે કોઇ જે અલ્લાહને કર્જે

૨૨૭. જે સ્ત્રીની મહેર નક્કી ન કરી હોય અને તેને પાસે જતાં પહેલાં તલાક આપી દીધી હોય તેવીને તો વસ્ત્રોની આ જોડ આપવી વાજિબ છે અને એના સિવાય દરેક તલાકવાળીને મુસ્તહબ છે. (મદારિક)

૨૨૮. પોતાના એ અડધામાંથી.

૨૨૯. અડધાથી વધારે આપે. અડધું તો આમાં વાજિબ છે જ.

૨૩૦. અર્થાત પતિ.

૨૩૧. આમાં સદવર્તન અને સદાચારનો શોખ અપાવ્યો છે.

૨૩૨. એટલે કે પાંચ વખતની ફર્ઝ નમાઝોને એમના સમય અનુસાર તમામ અરકાન અને શરતોના પાલન સાથે અદા કરતા રહો. આમાં પાચે નમાઝોના ફર્ઝ હોવાનું બયાન છે અને ઔલાદ તેમજ પત્નીઓના બયાન દરમ્યાન નમાઝનું બયાન એ પરિણામ પર પહોંચાડે છે કે એમને પણ નમાઝ અદા કરવાથી ગાફિલ ન થવા દો, અને નમાઝની પાબંદીથી દિલની સફાઇ થાય છે અને દિલની સફાઇ વગર સંસારિક મામલાઓ સુધારી શકાતા નથી.

૨૩૩. હઝરત ઇમામ અબૂ હનીફા અને મોટાભાગના સહાબાએ કિરામ રદીયલ્લાહુ અન્હુમનું કહેવું એવું છે કે આનાથી અસરની નમાઝ મુરાદ છે અને હદીસો પણ એને ટેકો આપે છે.

૨૩૪. આનાથી સાબિત થયું કે નમાઝમાં 'કિયામ' એટલે કે ઉભુ રહેવું ફર્ઝ છે.

૨૩૫. પોતાના સગા સંબંધીઓને.

૨૩૬. ઇસ્લામની શરૂઆતમાં જેનો પતિ ગુજરી જાય તેવી સ્ત્રીની ઇદ્દત એક વર્ષની હતી અને પુરૂ

اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ لَهٗٓ اَضْعَافًا كَثِيْرَةً ؕ وَاللّٰهُ
يَقْبِضُ وَيَبْصُطُ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٤٥﴾ اَلَمْ تَرَ اِلَى الْمَلَاِ
مِنْ بَنِيْٓ اِسْرَآءِيْلَ مِنْ بَعْدِ مُوْسٰى اِذْ قَالُوْا لِنَبِيٍّ
لَّهُمُ ابْعَثْ لَنَا مَلِكًا نُّقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ قَالَ هَلْ
عَسَيْتُمْ اِنْ كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ اَلَّا تُقَاتِلُوْا ؕ قَالُوْا
وَمَا لَنَآ اَلَّا نُقَاتِلَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَدْ اُخْرِجْنَا مِنْ
دِيَارِنَا وَاَبْنَآئِنَا ؕ فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ تَوَلَّوْا
اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ بِالظّٰلِمِيْنَ ﴿٢٤٦﴾ وَقَالَ
لَهُمْ نَبِيُّهُمْ اِنَّ اللّٰهَ قَدْ بَعَثَ لَكُمْ طَالُوْتَ مَلِكًا ؕ
قَالُوْٓا اَنّٰى يَكُوْنُ لَهُ الْمُلْكُ عَلَيْنَا وَنَحْنُ اَحَقُّ بِالْمُلْكِ
مِنْهُ وَلَمْ يُؤْتَ سَعَةً مِّنَ الْمَالِ ؕ قَالَ اِنَّ اللّٰهَ اصْطَفٰىهُ

وقف لازم

منزل

હસના (સારૂ કરજ) આપે[૨૩૯] તો અલ્લાહ તેને માટે અનેક ગણં વધારી આપે. અને અલ્લાહ (રોજીમાં) તંગી અને છૂટ કરે છે[૨૪૦](૨૪૫) અય મહબૂબ ! શું તમે બની ઈસ્રાઈલના એક જુથને ન જોયું ? જે મૂસા પછી થયું[૨૪૧] જ્યારે (તેઓએ) પોતાના એક પૈગમ્બરને કહ્યું અમારા માટે એક બાદશાહ ઉભો કરો કે (જેની સરદારી હેઠળ) અમો ખુદાના માર્ગમાં લડીએ, નબીએ ફરમાવ્યું શું તમારો અંદાજો એવો છે કે તમારા પર જિહાદ ફર્ઝ કરવામાં આવે તો પછી ન કરો, બોલ્યા, અમને શું થયું કે અમે અલ્લાહના માર્ગમાં ન લડીએ જ્યારે કે અમે પોતાના વતન અને ઔલાદમાંથી કાઢી મૂકાયા છીએ[૨૪૨] તો જ્યારે તેઓ પર જિહાદ ફર્ઝ કરવામાં આવ્યું ત્યારે તેઓમાંથી થોડા (લોકો) સિવાય (બીજા બધા) મોઢું ફેરવી ગયા[૨૪૩] અને અલ્લાહ જાલિમોને સારી રીતે જાણે છે (૨૪૬) અને તેઓને તેઓના નબીએ ફરમાવ્યું નિશંક અલ્લાહે તાલૂતને તમારો બાદશાહ બનાવીને મોકલ્યો છે[૨૪૪] બોલ્યા, તેને અમારા પર બાદશાહી (કરવાનું) કેવી રીતે (શક્ય) થઇ શકે.[૨૪૫] અને અમે રાજ્યના એનાથી વધારે હકદાર છીએ અને એને તો માલ (દોલત) માં પણ છુટછાટ

એક વર્ષ તે પતિના ઘેર રહીને ભરણપોષણ માંગવાની હકદાર હતી. પછી એક વરસની ઇદ્દત તો યતરબ્બસન અન કુસહુન્ન અરબઅત અશહુરિંવ વઅશરા (પોતાને ચાર માસ દસ દિવસ રોકી રાખે) દ્વારા મન્સૂખ થઇ ગઇ અને આખા વરસનું ભરણપોષણ વારસાની આયતે મન્સૂખ કર્યુ. જેમાં પતિના વારસામાં પત્નીનો ભાગ નક્કી કરવામાં આવ્યો માટે હવે વસિયતનો હુકમ બાકી ન રહ્યો.

રહસ્ય : એનું એ છે કે અરબસ્તાનના લોકો પોતાના ગુજરી ગએલા માણસની બેવા બહાર નીકળે કે બીજા પુરૂષ સાથે નિકાહ કરે એ સાંખી શકતા ન હતા, અને એને કલંક સમજતા હતા. માટે જો એકદમ જ ચાર મહિના અને દસ દિવસની ઇદ્દત નક્કી કરી દેવામાં આવત તો તેઓને ઘણું અઘરૂં લાગત. જેથી ધીરે રહીને તેઓને માર્ગ પર લાવવામાં આવ્યા.

૨૩૭. બની ઇસરાઇલના અમુક લોકો હતા જેમની વસ્તીમાં પ્લેગ ફેલાયો. તેઓ મોતની બ્હીકે પોતાના વસવાટો છોડીને નાસ્યા અને જંગલમાં જઇને રહ્યા. અલ્લાહના હુકમથી બધા ત્યાં જ મરી ગયા. અમુક મુદ્દત પછી હઝરત હિઝકીલ અલૈહિસ્સલામની દુઆથી તેઓને અલ્લાહ તઆલાએ પુનર્જીવિત કર્યા અને ત્યાર બાદ તેઓ ઘણી લાંબી મુદ્દત સુધી જીવતા રહ્યા. આ બનાવથી જાણવા મળે છે કે મનુષ્ય મોતના ડરથી નાસી જઇને પોતાના પ્રાણ બચાવી શકતો નથી, માટે નાસવું નિરર્થક છે, જે મોત ભાગ્યમાં લખાઇ ચૂક્યું છે તે આંવવાનું જ છે. બન્દાએ અલ્લાહની મરજીમાં રાજી રહેવું જોઇએ. મુજાહિદોએ પણ વિચારવું જોઇએ કે જિહાદ (ધર્મ યુદ્ધ)માં ભાગ ન લેવાથી મોત ટળી જવાનું નથી, માટે હૃદય કઠણ કરવું જોઇએ.

૨૩૮. અને મૃત્યુથી ન ભાગો જેમકે બની ઇસરાઇલ ભાગ્યા હતા. કારણ કે મૃત્યુથી ભાગવું કામ

લાગતું નથી.

૨૩૯. અર્થાત અલ્લાહના માર્ગે નિખાલસતાથી ખર્ચ કરે. અલ્લાહના માર્ગે ખર્ચ કરવાને કર્જ તરીકે ઓળખાવ્યું છે. એ તેની મહાન કૃપા છે. બન્દો તેનો સર્જેલો અને બન્દાનું ધન તેનું આપેલું છે, ખરો માલિક તે જ છે. જ્યારે બન્દો તો નામ માત્રનો અધિકાર ધરાવે છે. છતાં કર્જના નામે ઓળખાવવામાં દિલમાં એ વાત ઠસાવવાનો હેતુ છે કે જે રીતે કર્જ આપનાર નચિંત હોય છે કે તેની દોલત મારી ગઇ નથી, તે એને પરત લેવાનો હકદાર છે. એવી જ રીતે અંલ્લાહના માર્ગમાં ખર્ચ કરનારે નચિંત રહેવું જોઇએ કે આ ખર્ચવાનો બદલો નિશંક પામશે અને ઘણો વધારે પામશે.

૨૪૦. જેના માટે ઇચ્છે તેના માટે રોજી તંગ કરે અને જેના માટે ઇચ્છે તેના માટે છુટી કરે, તંગી અને છુટ તેના કબ્જામાં છે. અને તે પોતાના માર્ગમાં ખર્ચ કરનારને રોજીમાં છુટ આપવાનું વચન આપે છે.

૨૪૧. હઝરત મૂસા અલયહિસ્સલામ પછી જ્યારે બની ઇસરાઇલની પરિસ્થિતિ વિપરીત બની ગઇ અને તેઓએ અલ્લાહના વાયદાને ભૂલાવી દીધો, મૂર્તિ પૂજામાં ફસાયા, હુકમોનું ઉલ્લંઘન કર્યુ અને કુકર્મો એના શિખરે પહોંચ્યાં ત્યારે જાલૂતની કોમે તેઓ પર પકડ જમાવી. જેને અમાલીકા પણ કહેવામાં આવે છે, જાલૂત અમલિક બિન આદના વંશમાંથી એક ઘણો જાલિમ બાદશાહ હતો, એની કોમના લોકો ઇજીપ્ત અને પેલેસ્ટાઇનની વચમાં રોમન સમુદ્ર કાંઠે રહેતા હતા, તેઓએ બની ઇસરાઇલના શહેરો છીનવી લીધાં. માણસોને પકડી લીધા અને જાત જાતના દુ:ખ આપ્યાં, તે સમયે બની ઇસરાઇલમાં કોઇ નબી હતા નહીં. નુબુવ્વતના કૂળમાં ફક્ત એક બાઇ બાકી રહ્યાં હતાં, જે ગર્ભવતી હતાં. તેણીને એક દિકરાનો જન્મ થયો. જેનું નામ ઇસ્માઇલ પાડયું, જ્યારે તેઓ મોટા થયા ત્યારે તેઓને તવરાતનું જ્ઞાન પ્રાપ્ત કરવા બયતુલ મુકદ્દસમાં એક વૃદ્ધ ધર્મગુરૂને સોંપવામાં આવ્યા, તે વૃદ્ધ ધર્મગુરૂ તેઓને ખૂબ પ્રેમ કરતા અને પોતાનો પુત્ર કહી બોલાવતા હતા. જ્યારે આપ ઉંમર લાયક થયા ત્યારે એક રાત્રે આપ પેલા ધર્મગુરૂની નજીકમાં આરામ લઇ રહ્યા હતા ત્યારે હઝરત જિબ્રઇલ અલૈહિસ્સલામે એમના ધર્મગુરૂના અવાજમાં જ કહ્યું, ''યા ઇસ્મા-ઇલ!'' આપે ઉસ્તાદને જઇને પૂછયું કે 'તમે મને બોલાવ્યો?' ઉસ્તાદને એવા વિચારે કે ના કહીશ તો બી જશે એવું કહ્યું કે 'બેટા તમે સૂઇ જાવ.' ફરીવાર હઝરત જિબ્રઇલે એ મુજબ જ બુમ પાડી, આપ ફરી પાછા ધર્મગુરૂ પાસે ગયા, તેઓએ કહ્યું કે 'અય પુત્ર! હવે જો હું તને બોલાવું તો જવાબ ન આપીશ.' ત્રીજીવાર હઝરત જિબ્રઇલ અલૈહિસ્સલામ પ્રગટ થયા અને ખુશખબરી આપી કે 'અલ્લાહ તઆલાએ તમને નુબુવ્વતની પદવી આપી છે તમે પોતાની કોમ પાસે જઇને અલ્લાહના આદેશો પહોંચાડો.' જ્યારે આપ પોતાની કોમ પાસે આવ્યા ત્યારે, તેઓએ આપને જૂઠા કહ્યા અને કહ્યું કે 'તમે આટલા વહેલા નબી બની ગયા? ભલે! જો તમે નબી હોય તો અમારા માટે એક બાદશાહ ઉભો કરો.' (ખાઝિન, વિ.)

૨૪૨. કે જાલૂતની કોમે અમારી કોમના લોકોને પોતાના વતનમાંથી કાઢી મૂક્યા અને એમની ઔલાદને કત્લ કરી નાશ કર્યો. રાજવંશના ૪૪૦ રાજકુમારોને કેદ પકડયા. જ્યારે પરિસ્થિતિ આટલી હદે પહોંચી ગઇ છે તો પછી અમને જિહાદ કરવાથી કઇ વસ્તુ રોકી શકે છે. ત્યારે નબીની દુઆથી અલ્લાહે તેઓની માંગણી સ્વીકારી, અને તેમના માટે એક બાદશાહ નક્કી કર્યો અને તેમના માથે જિહાદ ફર્ઝ કર્યું. (ખાઝિન)

૨૪૩. જે લોકોએ જિહાદના હુકમને માન આપ્યું તેમની સંખ્યા બદ્રના જિહાદ સમયે મુસલમાનોની સંખ્યા જેટલી એટલે કે ૩૧૩ માણસોની હતી.

آپવામાં નથી આવી[૨૪૬] (નબીએ) ફરમાવ્યું તેને અલ્લાહે તમારા પર (બાદશાહી કરવા) ચૂંટી લીધો[૨૪૭] અને તેને જ્ઞાન અને શરીરમાં છુટ છાટ વધારે આપી (છે)[૨૪૮] અને અલ્લાહ્ પોતાનુ રાજ્ય જેને ઇચ્છે તેને આપે[૨૪૯] અને અલ્લાહ છુટછાટ (આપવા) વાળો અને ઇલ્મવાળો છે.[૨૫૦] (૨૪૭) અને તેઓને એમના નબીએ ફરમાવ્યું તેની બાદશાહીની નિશાની એ છે કે તમારી પાસે (એક) પેટી આવે[૨૫૧] જેમાં તમારા પરવરદિગાર તરફથી દિલોની શાંતિ છે અને અમુક વધેલી વસ્તુઓ છે ઇજ્જતવાળા મૂસા અને આબરૂદાર હારૂનના વારસાની. તેને ફરિશ્તાઓ ઉઠાવીને લાવશે, બેશક! એમાં તમારા માટે મોટી નિશાની છે જો ઇમાન ધરાવતા હોય (તો) (૨૪૮) પછી જ્યારે તાલૂત સૈન્યોને લંઇને શહેરથી વેગળો થયો[૨૫૨] બોલ્યો નિશંક અલ્લાહ તમને એક નહેર દ્વારા અજમાવનાર છે. તો જે તે (નહેર)નું પાણી પીએ તે મારો નથી અને જે ન પીએ તે મારો છે. પણ તે જે એક ખોબો પોતાના હાથથી લઇ લે (તેનો વાંધો નથી)[૨૫૩] તો થોડા (લોકો) સિવાય[૨૫૪] બધાંએ તેમાંથી (ધરાઇને) પીધું, પછી જ્યારે તાલૂત અને તેની સાથેના મુસલમાન નહેર પાર ગયા. (ત્યારે ધરાઇને

سيقول ٢ البقرة ٢

عَلَيْكُمْ وَزَادَهُ بَسْطَةً فِي الْعِلْمِ وَالْجِسْمِ وَاللّٰهُ
يُؤْتِي مُلْكَهُ مَنْ يَّشَآءُ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ۝ وَ
قَالَ لَهُمْ نَبِيُّهُمْ اِنَّ اٰيَةَ مُلْكِهٖٓ اَنْ يَّاْتِيَكُمُ
التَّابُوْتُ فِيْهِ سَكِيْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا
تَرَكَ اٰلُ مُوْسٰى وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۝
فَلَمَّا فَصَلَ طَالُوْتُ بِالْجُنُوْدِ قَالَ اِنَّ اللّٰهَ
مُبْتَلِيْكُمْ بِنَهَرٍ فَمَنْ شَرِبَ مِنْهُ فَلَيْسَ مِنِّيْ وَ
مَنْ لَّمْ يَطْعَمْهُ فَاِنَّهٗ مِنِّيْٓ اِلَّا مَنِ اغْتَرَفَ غُرْفَةً
بِيَدِهٖ فَشَرِبُوْا مِنْهُ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ فَلَمَّا
جَاوَزَهٗ هُوَ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ قَالُوْا لَا

૨૪૪. તાલૂત બનયામીન બિન હઝરત યાકૂબ અલયહિસ્સલામના વંશમાં છે. આપનું નામ એમના શરીરની લંબાઇ પરથી તાલૂત પડયું. હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામને અલ્લાહ તઆલા તરફથી એક અસો (લાકડી) મળ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે જે માણસ તમારી કોમનો બાદશાહ બનશે તેનું કદ આ અસા જેટલું હશે. આપે તે અસાથી તાલૂતની ઊંચાઇ માપીને કહ્યું કે હું અલ્લાહ પાકના હુકમથી તમને બની ઇસરાઇલના બાદશાહ તરીકે નિયુક્ત કરૂં છું અને બની ઇસરાઇલને જણાવ્યું કે અલ્લાહ પાકે તાલૂતને તમારો બાદશાહ બનાવી મોકલ્યો છે. (ખાઝિન, જુમલ)

૨૪૫. બની ઇસરાઇલના સરદારોએ પોતાના નબી ઇસ્માઇલને કહ્યું કે, બની ઇસ્માઇલની પ્રણાલી મુજબ નુબુવ્વત તો લાવી બિન યાકૂબ (અલયહિસ્સલામ)ના વંશમાં ચાલી આવે છે અને બાદશાહી યહૂદા બિન યાકૂબ (અલયહિસ્સલામ)ની ઔલાદમાં અને તાલૂત તો આ બન્ને કુળોમાંથી એક સાથે પણ સંબંધિત નથી તો પછી એ બાદશાહ કેવી રીતે બની શકે છે?

૨૪૬. તેઓ નિર્ધન માણસ છે. જ્યારે બાદશાહ માટે તો માલદાર હોવું જરૂરી છે.

૨૪૭. એટલે કે રાજપાટ કંઇ વારસો નથી કે અમુક કુટુંબમાં જ હોય, એ તો ફક્ત અલ્લાહની કૃપા માત્રથી છે. આમાં 'શીઆ' લોકોને પણ રદીઓ છે જેઓનું માનવું છે કે ઇમામત વારસાગત છે.

૨૪૮. અર્થાત વંશ અને દોલત પર બાદશાહીનો દારોમદાર નથી. ઇલ્મ અને તાકાત રાજપાટ માટે ખૂબ મદદગાર નિવડે છે અને તે સમયે તાલૂત તમામ બની ઇસરાઇલમાં બધાં કરતાં વધારે ઇલ્મવાળા અને સશક્ત તેમજ મજબૂત બાંધાના હતા.

૨૪૯. એમાં વારસાની કંઇ ડખલગીરી નથી.

૨૫૦. જેને ઇચ્છે તેને માલદાર કરી દે અને માલ દોલતમાં છૂટછાટ આપે. ત્યારબાદ બની ઈસરાઈલે હઝરત ઇસ્માઇલને કહ્યું કે જો એમને અલ્લાહે બાદશાહી આપી હોય તો એની નિશાની શું છે? (ખાઝિન, મદારિક)

૨૫૧. આ પેટી શમસાદના લાકડાની અને રત્નજડીત હતી, જેની લંબાઇ ૩ હાથ અને પહોળાઇ ૨ હાથ હતી, એને અલ્લાહ પાકે હઝરત આદમ અલયહિસ્સલામ પર ઉતારી હતી, એમાં બધા જ અમ્બિયા **અલયહિમુસ્સલામ**નાં ચિત્રો અને તેમનાં ઘરો અને રહેઠાણોનાં ચિત્રો હતાં અને અંતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને આપના દોલતખાનાનું ચિત્ર હતું, જે એક સુર્ખ યાકૂત (લાલ મોતી)માં બનાવેલું હતું, જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નમાઝમાં કિયામની હાલતમાં હતા અને આપની આજુબાજુ આપના અસ્હાબ હતા. હઝરત આદમ અલયહિસ્સલામે આ બધાં ચિત્રોને જોયાં. આ પેટી વારસાગત રીતે હઝરત મૂસા અલયહિસ્સલામ સુધી આવી, આપ એમાં તવરાત પણ મૂકતા હતા અને પોતાનો ખાસ સામાન પણ, જેમકે તે પેટીમાં તવરાતની તખ્તીઓના ટુકડા, હઝરત મૂસા અલયહિસ્સલામનો અસો, આપનાં કપડા આપનાં નઅલૈન મુબારક અને હઝરત હારૂન અલયહિસ્સલામનો અમામો અને એમનો અસો અને થોડોક 'મન' જે બની ઇસરાઇલ પર આકાશમાંથી આવતો હતો વિગેરે સામાન હતો.

હઝરત મૂસા અલયહિસ્સલામ યુદ્ધ સમયે એ પેટીને આગળ રાખતા હતા જેનાથી બની ઇસરાઇલના દિલોને શાંતિ રહેતી હતી, આપના પછી એ પેટી બની ઇસરાઇલમાં વારસાગત ફરતી રહી, જ્યારે એમને કંઇક મુસીબત નડતી ત્યારે એ પેટીને સામે રાખી દુઆઓ માંગતા અને સફળ થતા હતા, શત્રુઓ પર એની બરકતથી વિજય મેળવતા હતા. જ્યારે બની ઇસરાઇલની પરિસ્થિતિ ખરાબ થઇ ગઇ અને એમના રાજ્ય-વહીવટમાં અંધાધુંધી વ્યાપી ગઇ અને અલ્લાહ તઆલાએ ''અમાલિકા''ને એમના પર વિજય આપ્યો. ત્યારે તેઓ આ પેટી પણ છીનવી ગયા અને એને નાપાક અને ખરાબ સ્થળોએ મૂકી અને એની બેઇજ્જતી કરી અને આવી ગુસ્તાખીઓના કારણે તેઓ જાત જાતની બીમારીઓમાં ફસાયા. તેઓના પાંચ ગામોનો નાશ થયો અને તેઓને ઠસી ગયું કે પેટીની બેઇજ્જતી તેમની બરબાદીનું કારણ છે. તો તેઓએ આ પેટીને એક બળદગાડા પર મૂકીને બળદોને હાંકી મૂક્યા. પછી ફરિશ્તાઓ એને બની ઇસરાઇલના સામે તાલૂત પાસે લાવ્યા અને આ પેટીનું આવવું બની ઇસરાઇલ માટે તાલૂતની બાદશાહીની નિશાની ઠેરવવામાં આવી હતી. બની ઇસરાઇલે આ જોઇને તેની બાદશાહીનો સ્વીકાર કર્યો અને તરત જ જિહાદ માટે તૈયાર થઇ ગયા, કારણ કે પેટી મળી ગયા પછી તેઓને પોતાના વિજયની શ્રદ્ધા થઇ ગઇ હતી. તાલૂતે બની ઇસરાઇલમાંથી ૭૦,૦૦૦ જવાનો ચૂંટી કાઢયા, જેમાં હઝરત દાવૂદ અલયહિસ્સલામ પણ હતા. (જલાલૈન, જુમલ, ખાઝિન, મદારિક વિગેરે)

ફાયદો : આનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની વસ્તુઓની ઇજ્જત કરવી જરૂરી છે, એની બરકતથી દુઆઓ કબૂલ અને મુરાદો પુરી થાય છે અને આવાં તબર્રૂકોની બેઇજ્જતી કરવી ગુમરાહોનો માર્ગ અને બરબાદીનું કારણ બને છે.

ફાયદો : પેટીમાં જે ચિત્રો પૈગમ્બરોનાં હતાં તે કોઇ મનુષ્યનાં બનાવેલાં ન હતાં, અલ્લાહ તરફથી આવેલાં હતાં.

૨૫૨. એટલે કે બયતુલ મુકદ્દસથી શત્રુ તરફ રવાના થયો. તે સમય અતિશય ગરમીનો હતો.

પાણી પીનાર) બોલ્યા અમારામાં આજે જાલૂત અને તેના સૈન્યો (સામે લડવાની) શક્તિ નથી, (ત્યારે તે લોકો) બોલ્યા જેઓને પોતાના પાલનહારને મળવાની શ્રદ્ધા છે કે કેટલીયવાર ઓછી સંખ્યા મોટા જુથ પર વિજયી થઇ છે અલ્લાહના હુકમથી, અને અલ્લાહ ધીરજવાળાઓની સાથે (૨૪૯) છે.[૨૫૫] પછી જ્યારે જાલૂત અને તેના સૈન્યોની સામે આવ્યા (ત્યારે) વિનંતિ કરી કે અય અમારા પરવરદિગાર! અમારા પર સબ્રનો છંટકાવ કર અને અમારા પગ જામેલા રાખ અને કાફિર લોકો પર અમારી મદદ કર. (૨૫૦) તો તેઓએ પેલાઓને ભગાડયા અલ્લાહના હુકમથી, અને દાવૂદે જાલૂતને મારી નાખ્યો[૨૫૬] અને અલ્લાહે તેને સલ્તનત અને હિકમત[૨૫૭] આપી અને અલ્લાહે તેને જે ચાહ્યું તે શિખવાડયું[૨૫૮] પણ અલ્લાહ બધાય જહાન પર ફઝલ કરનાર છે[૨૫૯] (૨૫૧) આ અલ્લાહની આયતો છે કે અય મહબૂબ! અમે તમારા પર ઠીક ઠીક પઢીએ છીએ અને તમે બેશક! રસૂલોમાં છો. (૨૫૨)

سيقول ۲ البقرة ۲

طَاقَةَ لَنَا الْيَوْمَ بِجَالُوْتَ وَجُنُوْدِهٖ ۚ قَالَ الَّذِيْنَ
يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوا اللّٰهِ ۙ كَمْ مِّنْ فِئَةٍ قَلِيْلَةٍ
غَلَبَتْ فِئَةً كَثِيْرَةً ۢ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ مَعَ
الصّٰبِرِيْنَ ﴿۲۴۹﴾ وَلَمَّا بَرَزُوْا لِجَالُوْتَ وَجُنُوْدِهٖ
قَالُوْا رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّثَبِّتْ اَقْدَامَنَا وَ
انْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۵۰﴾ فَهَزَمُوْهُمْ بِاِذْنِ
اللّٰهِ ۟ وَقَتَلَ دَاوٗدُ جَالُوْتَ وَاٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ
وَالْحِكْمَةَ وَعَلَّمَهٗ مِمَّا يَشَآءُ ؕ وَلَوْلَا دَفْعُ اللّٰهِ النَّاسَ
بَعْضَهُمْ بِبَعْضٍ ۙ لَّفَسَدَتِ الْاَرْضُ وَلٰكِنَّ اللّٰهَ ذُوْ
فَضْلٍ عَلَى الْعٰلَمِيْنَ ﴿۲۵۱﴾ تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا
عَلَيْكَ بِالْحَقِّ ؕ وَاِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿۲۵۲﴾

સૈનિકોએ તાલૂતનું ધ્યાન એ તરફ ખેંચીને પાણી માંગ્યુ.

૨૫૩. આ એક જાતની અજમાઇશ હતી કે જે માણસ સખત તરસ વખતે પણ તાબેદારી કરે અને હુકમનું પાલન કરે તે આગળ જઇને પણ અટલ રહેશે અને કષ્ટોનો સામનો કરી શકશે અને જે આ સમયે પોતાની ઇચ્છાને આધિન થઇ હુકમનું ઉલ્લંઘન કરે તે આગળ ઉપર કષ્ટોને શી રીતે સહન કરશે?

૨૫૪. જેઓની સંખ્યા ૩૧૩ હતી, તેઓએ ધીરજ દાખવી. પણ અલ્લાહની કુદરત કે એક જ ખોબો પાણી તેમના અને તેમના જાનવરો માટે પુરતું થયું અને તેમનાં હૃદયો તથા ઇમાનને શક્તિ મળી અને નહેરમાંથી સહીસલામત ગુજરી ગયા અને જેઓએ ધરાઇને પીધું હતું તેમના હોઠ કાળા પડી ગયા, તરસ ખૂબ વધી ગઇ અને હિંમત હારી બેઠા.

૨૫૫. તેઓની મદદ કરે છે, અને તેની જ મદદ ઉપયોગી થાય છે.

૨૫૬. હઝરત દાવૂદ અલયહિસ્સલામના પિતા ઇસા તાલૂતના સૈન્યમાં હતા. અને એમની સાથે એમના બધા જ પુત્રો પણ હતા, હઝરત દાવૂદ અલયહિસ્સલામ એ બધામાં નાના હતા, બીમાર હતા, રંગ પીળો પડી ગયો હતો બકરીઓ ચરાવવાનું કામ કરતા હતા, જ્યારે જાલૂતે સામનો કરવાનું આહવાન આપ્યું ત્યારે બની ઇસરાઇલ તેના શરીરનો બાંધો અને તેની તાકાત જોઇને ગભરાઇ ગયા, કારણ કે તે ઘણો જ જાલિમ, તાકાતવાન, મજબૂત બાંધાનો, કદાવર હતો. તાલૂતે પોતાના સૈન્યમાં એલાન કર્યું કે જે કોઇ જાલૂતને મારી નાખશે હું મારી પુત્રીને તેના નિકાહમાં આપીશ, અને અડધું રાજ્ય તેને આપી દઇશ, પણ એનો પ્રત્યુત્તર ન વળ્યો, ત્યારે તાલૂતે પોતાના નબી ઇસ્માઇલને વિનંતિ કરી કે અલ્લાહ પાસે દુઆ કરો, આપે દુઆ કરી ત્યારે

બતાવવામાં આવ્યું કે હઝરત દાવૂદ અલયહિસ્સલામ જાલૂતને મારી નાખશે તાલૂતે આપને કહ્યું કે જો તમે જાલૂતને મારી નાંખો તો હું મારી પુત્રી તમને પરણાવીને અડધું રાજ પણ આપીશ, આપે સ્વીકાર કર્યો, અને જાલૂત તરફ જવા લાગ્યા, યુદ્ધની તૈયારી થઇ, અને હઝરત દાવૂદ અલયહિસ્સલામ ગોફણ લઇને સામે આવ્યા, જાલૂતના દિલમાં આપને જોઇને બ્હીક પેસી ગઇ, છતાં વાતો તો ખૂબ ગર્વની કરી અને આપને પોતાની તાકાતથી ગભરાવવા લાગ્યો, આપે ગોફણમાં એક પત્થર મૂકી તેને માર્યો જે તેની ખોપડી તોડીને પાછળથી નીકળી ગયો અને જાલૂત મરીને પછડાઇ પડયો, હઝરત દાવૂદ અલયહિસ્સલામે તેને લાવીને તાલૂતની સામે નાખી દીધો, બધા બની ઇસરાઇલ ઘણા ખુશ થયા, અને વચન મુજબ તાલૂતે પોતાની શાહઝાદી સાથે એમના નિકાહ કરાવીને અડધું રાજ પણ આપ્યું, અમુક મુદ્દત પછી તાલૂતનું મરણ થયું અને આખું રાજ્ય હઝરત દાવૂદ અલયહિસ્સલામના તાબામાં આવ્યું.

૨૫૭. હિકમતથી નુબુવ્વત મુરાદ છે.

૨૫૮. જેમકે બખ્તર બનાવવું, જાનવરોની ભાષા સમજવી.

૨૫૯. એટલે કે અલ્લાહ તઆલા નેક લોકોના સદકામાં બીજાઓની બલાઓ પણ દૂર ફરમાવે છે. હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા એક નેક મુસલમાનની બરકતથી એના પાડોશના ૧૦૦ ઘરોની બલા દફ કરે છે. સુબ્હાનલ્લાહ! નેક લોકોની નજીકી પણ ફાયદો પહોંચાડે છે. (ખાઝિન)